# 'શ્રીમદ્ રાજચંદ્ર'

## વિષયક

# પત્રવ્યવહાર

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

॥ શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચંદ્ર-મોહજિતસદ્‌ગુરુભ્યો નમઃ ॥

# 'શ્રીમદ્ રાજચંદ્ર'

વિષયક

# પત્રવ્યવહાર

**❖ દિવ્યકૃપા ❖**

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક

**પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

તથા તેઓશ્રીના શિષ્યરત્ન

ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક

**પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા**

**❖ પ્રેરક-માર્ગદર્શક ❖**

યોગમાર્ગમર્મજ્ઞ

**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

**❖ સંકલક-સંપાદક ❖**

**મુનિ કૈવલ્યજિતવિજયજી મ. સા.**

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

પુસ્તક નામ :

# 'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર

❖ પ્રેરક-માર્ગદર્શક ❖
યોગમાર્ગમર્મજ્ઞ
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ સંકલક-સંપાદક ❖
મુનિ કૈવલ્યજિતવિજયજી મ. સા.

વીર સં. ૨૫૪૨ ✦ વિ. સં. ૨૦૭૨ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૦૦૦

મૂલ્ય : રૂ. ૪૦-૦૦

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૯૧

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com

❊ મુદ્રક ❊
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# ✻ વાંચીને... આગળ વધશો... ✻

વાત છે મુંબઈની... પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ભાંડુપ મુકામે સેંકડો આરાધકો ઉપધાનતપની આરાધના કરી રહ્યા હતા. એક દિવસ ઢળતી સાંજે ત્રણ-ચાર શ્રાવકો હાથમાં એક પત્ર અને પુસ્તક લઈને ગુરુદેવ સમક્ષ ઉપસ્થિત થયા. પત્ર અને પુસ્તક 'શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર' (કુકુમા-ભુજ-કચ્છ)થી મોકલાવેલ હતા. ગુરુદેવના પ્રવચનોની 'પ્રશ્નોત્તરી' પુસ્તક અંતર્ગત શ્રીમદ્ રાજચંદ્ર વિશેના લખાણ સામે પત્રમાં વાંધો ઉઠાવેલ હતો. તે સંબંધી પ્રશ્નો પણ પૂછાવેલ હતા. જેના લેખિત ઉત્તરો સાધના કેન્દ્રને અપેક્ષિત હતા.

તેઓના ગયા બાદ પૂજ્ય ગુરુદેવે પ્રસ્તુત પત્રનો જવાબ લખવો વગેરે પત્રવ્યવહારનું કામ મને સોંપ્યું. સાથે પ્રસ્તુત પત્રમાં કઈ રીતે જવાબ લખવો તેની સમજ આપી. પત્રમાં રજૂ કરેલી વાતને મજબૂત કરતાં આધારભૂત સંદર્ભો મૂકવાની ભલામણ પણ કરી. ગુરુદેવના સૂચન અનુસાર જવાબ તૈયાર કર્યો, વંચાવ્યો, ગુરુદેવે સૂચવેલા સુધારા-વધારા કરી સંમાર્જિત પત્ર સાધના કેન્દ્રને મોકલાવ્યો. થોડા વખત પછી સાધના કેન્દ્ર તરફથી વળતો પત્ર આવ્યો. જે અમારા માટે આશ્ચર્યજનક હતો. **શ્રીમદ્ના અનુયાયીઓ હંમેશ માટે - અમે ગચ્છ-મત સંપ્રદાયના આગ્રહોથી મુક્ત છીએ. સર્વજ્ઞના મૂળ માર્ગને અનુસરનારા છીએ. સત્પુરુષોના વચનોને કાયમ માટે સ્વીકારનારા છીએ - એવો દાવો કરતા હોય છે,** છતાં તેનાથી ઠીક વિરુદ્ધ તે પત્રનું કથન હતું.

વાસ્તવમાં, તેઓએ પ્રશ્નો તો પૂછતા પૂછી લીધા હતા પરંતુ તેના યોગ્ય પણ જવાબો તેમણે મંજૂર થાય તેમ ન હતા. જો તેઓ અમારા આપેલા જવાબને સ્વીકારે તો વર્ષો સુધી તેઓએ જે બાબતને અંતિમ સત્ય તરીકે ઘૂંટી હતી તેની ફેરવિચારણા કરવી પડે, તેનું ફરીથી સંશોધન કરવું પડે તેમ હતું. શ્રીમદ્જીના જે પાસાથી તેઓ અજાણ હતા તે તેમની સામે સચોટ પૂરાવા સાથે રજૂ થયેલ હતું. તેઓ પાસે લખેલા જવાબનો સ્વીકાર કરવાની પ્રામાણિક વૃત્તિ કે સરળતા ન હતી સાથે યોગ્ય પ્રત્યુત્તર કે બચાવ કરવાની સક્ષમતા ન હતી. એટલે જ વળતા પત્રમાં તેઓએ લખ્યું કે **'તમે શ્રીમદ્ને શાસ્ત્રની તુલા ઉપર તોળો છો, જ્યારે અમે શ્રદ્ધાથી તેઓને ગ્રહણ કરીને છીએ'** અર્થાત્ કે સર્વજ્ઞના આગમો-શાસ્ત્રો સાથે ભલે શ્રીમદ્ની વાતને મેળ ન ખાતો હોય તો પણ અમે વ્યક્તિ અને પક્ષના આગ્રહથી બદ્ધ હોવાના કારણે વર્ષોથી જે પકડ્યું તેને ક્યારેય છોડવાના નથી. **અમને ગમે તેટલું સાચું-સારું, તર્કસંગત, યુક્તિયુક્ત સમજાવો પણ તે બધું અમારા માટે નકામું છે. આવો પત્રનો સૂચિતાર્થ હતો.**

આ દ્વિતીય પત્રની હાસ્યાસ્પદ ચેષ્ટા તો એ હતી કે, તે પત્રમાં તેઓએ બીજા પ્રશ્નો પૂછાવ્યા હતા, સાથે તે પ્રશ્નોના જવાબ ન લખતા એવી ભારપૂર્વક ભલામણ પણ તેમાં જ કરી હતી. હવે

જેને સમજવાની ઇચ્છા જ નથી, શંકા હોવા છતાં જે સમાધાન મેળવવાથી દૂર ભાગે છે તેને પરાણે કઈ રીતે સમજાવવું ? ક્યાંક સામેવાળા સમાધાન ન આપી દે તેવા ભયના ઓથાર નીચે જીવવું જેને પસંદ છે તેવાઓની તો ભાવદયા ચિંતવવાની હોય !! એમ સમજી તે પત્રવ્યવહારને તેઓની ઇચ્છા અનુસારે અમે ત્યાં જ સમાપ્ત કરી દીધો. **(બાકી સાધના કેન્દ્ર દ્વારા લખાયેલ બીજા પત્રનો પણ પહેલા પત્ર જેવો જ યુક્તિપુરસ્સર જવાબ આપી શકાય તેમ હતું. અસ્તુ...)**

હવે આઠ વર્ષ પહેલાના આ પત્રવ્યવહારનું material વચગાળામાં અનેક વ્યક્તિઓને પ્રસંગે-પ્રસંગે આપવાનું બનેલ. કારણ કે જેઓ શ્રીમદ્ રાજચંદ્રની પ્રચલિત વિચારધારાથી પ્રભાવિત હતા, તેઓ જ્યારે જ્યારે પૂજ્ય ગુરુદેવની 'પ્રશ્નોત્તરી' પુસ્તક વાંચે ત્યારે તેઓને પુસ્તકની બીજી બધી વાતો તો બેસી જાય પરંતુ શ્રીમદ્ રાજચંદ્ર વિશેના પ્રશ્ન-ઉત્તરમાં (નં. ૪૯ થી ૫૨) વિસંવાદ જણાતો. તેઓ એમ માનતા કે, **'ગુરુદેવને શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે ખોટી માન્યતા કે દ્વેષગ્રંથિ પેદા થઈ છે. તેમના વિશે ખોટા ખ્યાલો પેદા થયા છે. બાકી વાસ્તવમાં શ્રીમદ્જીનું વ્યક્તિત્વ સાવ અલગ છે.'**

આવા જિજ્ઞાસુઓ જ્યારે પુસ્તકની તે વાત લઈને ગુરુદેવ પાસે આવે ત્યારે તેઓને સમાધાન આપવા માટે આ પત્રવ્યવહાર વાંચવા આપવો એ જ સરળ ઉપાય હતો. આમ પ્રસંગે ઘણા જિજ્ઞાસુઓને આ material વાંચવા અપાયું છે. એમાં જેઓ જક્કી વલણવાળા હતા તેઓ 'સાધના કેન્દ્ર'ની પંગતમાં બેઠા, જેઓ અંદરથી પ્રામાણિક હતા તેઓ શ્રીમદ્ રાજચંદ્રથી અતિશય પ્રભાવિત હોવા છતાં'ય પત્રની વાતોને સ્વીકારી શક્યા. શ્રીમદ્જીના ઉપસાવેલા એકતરફી પાસાથી ભિન્ન એવું તેમના જ જીવનનું બીજું પાસું જાણીને તેઓ આશ્ચર્ય પણ પામ્યા. તેઓની વારંવાર ભારપૂર્વકની એક માંગણી આવતી રહી કે, **'આ પત્રવ્યવહારને પ્રગટ કરવામાં આવે તો અનેક વ્યક્તિઓને સાચી દિશા મળી શકે તેમ છે.'**

તેઓ સમજતા હતા કે, ગુરુદેવે ભલે આપણા સૌને ન ગમે તેવી વાત કરી છે પરંતુ જે વાત છે તે વાસ્તવિક છે, પ્રમાણભૂત આધારો ટાંકવા સાથે રજૂ કરી છે, એમ ને એમ ઉપજાવી કાઢેલ નથી. મહિમા તો એ વાતનો છે કે, શ્રીમદ્જીનું નબળું પાસું જાણવા છતાં'ય પ્રવચનકારશ્રીએ તેમના સબળા પાસાની પ્રશંસા પણ કરી જ છે.

**હકીકતમાં શ્રીમદ્ રાજચંદ્રજી બધી જ રીતે ખોટા હતા, તેઓને જરાય શાસ્ત્રનો બોધ ન હતો એવું વલણ ગુરુદેવનું છે જ નહીં. તેઓની આગમો સાથે સંગત થતી બધી વાતો અમને કાયમ માટે શિરોધાર્ય છે. શાસ્ત્રોના નિશ્ચયનય ગર્ભિત અનેક સૂક્ષ્મ તાત્ત્વિક રહસ્યોને લોકભોગ્ય સરળ શૈલીમાં રજૂ કરવાની શ્રીમદ્જીની જવલ્લે જ જોવા મળતી લાક્ષણિકતાથી ગુરુદેવ સુપેરે પરિચિત છે. અને પ્રસંગે-પ્રસંગે એ ગુણને તેઓ એટલો જ બિરદાવે છે, છતાંય જે સત્ય આંખ સામે છે તેને કઈ રીતે નકારી શકાય ? તેટલો જ ગુરુદેવના કથનનો ધ્વનિ હતો.**

આમ તે લાયક જિજ્ઞાસુઓની પ્રસ્તુત માંગને સામે રાખીને આજથી આઠ વર્ષ પૂર્વે થયેલ તે પત્રવ્યવહારને અમે લઘુપુસ્તિકા રૂપે પ્રગટ કરીએ છીએ.

આ સંપૂર્ણ પત્રવ્યવહારને સંદર્ભો સાથે રજૂ કરનારી આ પુસ્તિકામાં સૌ પ્રથમ (૧) 'પ્રશ્નોત્તરી' પુસ્તકનો માનવામાં આવતો વાંધાજનક વિભાગ, ત્યારબાદ તેની સામે (૨) 'સાધના કેન્દ્ર'એ પૂછાવેલ પ્રશ્નોનો પ્રથમ પત્ર, ત્યારબાદ (૩) 'સાધના કેન્દ્ર'ને અમે આપેલ જવાબ, ત્યારબાદ (૪) 'સાધના કેન્દ્ર'થી આવેલ સમાપ્તિસૂચક દ્વિતીય પત્ર. આ રીતે ગોઠવણ કરી છે. છેલ્લે (૫) 'સાધના કેન્દ્ર'ને આપેલ જવાબ, જે સંદર્ભોને સામે રાખીને લખાયેલ હતો તે બધા જ સંદર્ભો, પત્ર સાથે ક્રમસર જોડીને રજૂ કરેલ છે.

**આ પુસ્તકનું શાંતચિત્તે નિરાગ્રહપૂર્ણદૃષ્ટિથી કરેલું વાંચન વર્તમાનકાળના અનેક મુમુક્ષુ આત્માઓને એકવાર જુદી દિશામાં વિચારવા પ્રેરશે તેવી આશા છે...**

અનેકવાર દોહરાવેલી 'અંગત રીતે અમને 'શ્રીમદ્ રાજચંદ્ર' સાથે જરા પણ વેર-વિરોધ નથી, તેમણે કરેલી જિનવચન અનુસાર બધી જ વાતોનું અમે બહુમાન સાથે પુનઃપુનઃ સ્મરણ કરી ધન્યતા અનુભવીએ છીએ.' આ વાત ફરીવાર યાદ કરાવીને વિરમું છું...

લિ. ગુરુપાદપદ્મચંચરિક

**મુનિ કૈવલ્યજિતવિજયજી મ.સા.**

**તા.ક. :** **આ પુસ્તકનો ઉપયોગ કરી, કોઈ શ્રીમદ્જીનું એકાંતે ખંડન ન કરે તેવી કરબદ્ધ પ્રાર્થના છે. કારણ કે તેમાં પરંપરાએ અનેક જિનવચનોનું ખંડન સમાયેલું છે.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૧. | વાંચીને... આગળ વધશો... | ૩-૬ |
| ૨. | 'પ્રશ્નોત્તરી' પુસ્તક અંતર્ગત 'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પૂછાયેલ પ્રશ્નો અને ઉત્તરો (ક્રમ નં. ૪૯ થી ૫૨) | ૭-૧૧ |
| ૩. | 'શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર' દ્વારા પ્રાપ્ત થયેલ પ્રથમ પત્ર | ૧૩-૧૬ |
| ૪. | અમારા દ્વારા અપાયેલ પ્રથમ પત્રનો ઉત્તર | ૧૭-૨૮ |
| ૫. | અમે મોકલાવેલ ઉત્તરના અનુસંધાનમાં 'શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર' દ્વારા પ્રાપ્ત થયેલ દ્વિતીય પત્ર | ૨૯-૩૧ |
| ૬. | સંદર્ભ ગ્રંથસૂચિ | ૩૨ |
| ૭. | 'શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ને અમારા દ્વારા અપાયેલ પ્રથમ પત્રનો ઉત્તર (સંદર્ભો સહિત) | ૩૩-૬૮ |
| ૮. | એલચી | ૬૯-૭૦ |

# 'પ્રશ્નોત્તરી'

પુસ્તક અંતર્ગત

# 'શ્રીમદ્ રાજચંદ્ર'

વિષયક પૂછાયેલ

## પ્રશ્નો
## અને
## ઉત્તરો

(ક્રમ નં. ૪૯ થી પર)

**૪૯. સભા :-** શ્રીમદ્ રાજચંદ્રને મનાય કે નહિ ?

**સાહેબજી :-** જાહેરમાં પૂછ્યું છે માટે ખુલાસો કરું છું. જૈનધર્મનો જૈનેતર ધર્મ પ્રત્યે અભિગમ શું ? જ્યાં પણ જેટલું સારું અને સાચું છે તે અમને અહીં બેઠાં મંજૂર છે. માટે જ અમે તેની પ્રશંસા, સમર્થન, વખાણ કરી સપોર્ટ પણ આપીએ છીએ. **સત્ય ગમે ત્યાં રહેલું હોય તેને અપનાવવામાં મતભેદ કે પૂર્વગ્રહ રાખવાનો નહિ.** તેથી કોઈપણ ધર્મના સ્થાપક પ્રત્યે અમને રાગ-દ્વેષ નથી. માટે એ વ્યક્તિ સાથે અમારે અંગત મતભેદ કે અણગમો નથી. પણ જ્યાં ખોટી વાત છે તેને તો અવશ્ય ખોટી કહેવી જ પડે. ઘણા કહે છે કે બધાનું સારું જ જોવું, ખોટી વાતમાં પડવું નહિ; પરંતુ આવી ઘાલમેલ તો થાય જ નહિ. સત્ય-અસત્યનો શંભુમેળો કરવાની વાત નથી. માટે જાહેરમાં વાત આવે ત્યારે તટસ્થતાથી સમીક્ષા કરવી પડે. જેટલું સાચું છે તેટલું સાચું, પણ જેટલું ખોટું છે તેટલું ખોટું તો કહીશું.

શ્રીમદ્ ગૃહસ્થ હતા, માટે તેમને ગુરુ તરીકે મનાય નહિ. તેમણે ગૃહસ્થપણામાં રહીને બધાં લખાણો કર્યાં છે. તેમાં તત્ત્વની વાતો, વૈરાગ્યસભર લખાણ પણ છે. તેમના બેકગ્રાઉન્ડમાં તેઓ નોનજૈન હતા. પછી જૈનોના પરિચયમાં આવવાથી ધર્મના વિષયમાં સ્વપ્રજ્ઞાથી વિચારીને લખાણ કર્યું છે. પણ તેમાં ઘણી જ ત્રુટિઓ છે. કારણ તેમને શાસ્ત્રનો સાંગોપાંગ અભ્યાસ કરવાનો મોકો મળ્યો ન હતો. તેમના લખાણનાં અનેક પાનાંમાંથી હું ભૂલો કાઢી આપી શકું તેમ છું. માટે અમે શાસ્ત્રદૃષ્ટિએ બધું જ સાચું છે તેમ તો ન જ કહી શકીએ.

**શ્રીમદ્ રાજચંદ્રનો જે સંપ્રદાય ચાલે છે, તેનાથી એક મોટો ઉન્માર્ગ સ્થપાયો છે. આપણા શાસ્ત્રમાં કદી ગૃહસ્થ, ગુરુ તરીકે પૂજાય નહિ. ગુરુપદ ગૃહસ્થને હોય જ નહિ. જે ગૃહસ્થ ગુરુપદને આચરે અને માને તેનામાં મહામિથ્યાત્વ છે.** આપણા શાસ્ત્રમાં આવે છે કે ભગવાન સુવિધિનાથ અને ભગવાન શીતલનાથની વચ્ચેના પીરીયડમાં શાસનમાં સાધુસંસ્થા નાશ પામી ત્યારે, વિદ્વાન-પ્રજ્ઞાવાળા શ્રાવકોને લોકોએ ગુરુ તરીકે પૂજ્યા. ત્યારે લખ્યું કે "આ જે એક મિથ્યામાર્ગ ચાલ્યો, તે અચ્છેરું હતું"

**૫૦. સભા :-** અસંયતિની પૂજા થઈ ને ?

**સાહેબજી :-** હા, **જે કંચન-કામિનીના ત્યાગી નહિ, તેને ગુરુપદમાં પૂજાય નહિ.** ભરત મહારાજાને આરીસાભુવનમાં કેવળજ્ઞાન થયું ત્યારે, ઇન્દ્રમહારાજા ભક્તિથી દેવલોક છોડીને આવ્યા છે. પણ આવીને હાથ જોડીને કહે છે કે "પહેલાં આપ વેશ બદલો." વેષ બદલ્યા

પછી જ તેઓ વંદન કરે છે. હવે કેવળી પણ જ્યારે ગૃહસ્થપણામાં પૂજાતા નથી, તો બીજા ગૃહસ્થ તો કઈ રીતે પૂજાય ? માટે શાસ્ત્રદૃષ્ટિએ આ એક મોટો ઉન્માર્ગ છે. જો ગૃહસ્થ ગુરુપદમાં પૂજાય તો કંચન-કામિનીના ત્યાગી જ ગુરુપદમાં હોય એ વાત કેન્સલ થઈ જશે. આ તો શીર્ષાસન છે. તે સંપ્રદાયમાં આવી તો બીજી ઘણી વાતો છે કે જે ખોટી કહેવી પડે.

વીતરાગ તત્ત્વ, ઈશ્વર તત્ત્વનું તેમનું લખાણ વાંચતાં થાય કે તેઓ જૈનશાસનના પરમાત્મ તત્ત્વને સમજી શક્યા નથી. તેમને ઘણી બાબતમાં ભ્રમણા રહી છે. ઈરાદાપૂર્વક નથી, પણ અજ્ઞાનદશાના કારણે ઉપદેશમાં ઘણી જ ભૂલો થઈ છે. એમની વાતોને એક્ઝેટ માને તે ઉન્માર્ગે જશે, જેથી સમકિતનો તેને સવાલ આવતો જ નથી.

અમે આ બધું પ્રામાણિકતાથી, તટસ્થતાથી સમાલોચન કરીએ છીએ. મનમાં જરાપણ અકળાશો નહિ. જેનો પણ તમને અનુરાગ થઈ ગયો હોય, તેની પછીથી જો ખોટી વાતની સમીક્ષા સાંભળવાની આવે, તોપણ તમે પ્રમાણિકતાથી સાંભળી શકો તેવું તમારું માનસ જોઈએ. ખ્યાલ ન આવે તો ખુલાસો કરશો, પણ મનમાં કદાગ્રહ રાખી અકળાતા નહિ અને ગમે તેવો અભિપ્રાય બીજા માટે બાંધતા નહિ. આટલી પ્રમાણિકતા તો તમારે આરાધક બનવું હોય તો જોઈએ જ. અમે તેમની સારી અને સાચી વાતોનાં વખાણ જાહેરમાં કરવા તૈયાર છીએ, પણ ખોટાની તો ભેળસેળ થાય જ નહિ. અન્ય ધર્મની સારી વાતો અમે જાહેરમાં કરીએ છીએ. પૂ. ઉપાધ્યાયજી અને પૂ. હેમચંદ્રસૂરિજીએ ઘણે ઠેકાણે વખાણ કરી ગીતાનાં પણ ક્વોટેશનો આપ્યાં છે, મહર્ષિ ભગવાન પતંજલિ વગેરેનાં પણ વખાણ કર્યાં છે. સાચું ગમે ત્યાં હોય તે સ્વીકારવા તૈયાર છીએ. અમને સત્ય સાથે વિરોધ નથી. સત્ય અને ધર્મનો અભેદ છે માટે અમે સાચાનાં વખાણ કરવા તો તૈયાર છીએ.

**૫૧. સભા :-** સાહેબ ! તેઓ માનતા કે તેઓ શુદ્ધ સમકિતી છે.

**સાહેબજી :-** અંગત અભિપ્રાય જુદી વસ્તુ છે, પણ શાસ્ત્ર સર્ટીફાય કરે તો જ ભૂમિકાનો નિર્ણય સત્ય ગણાય. સમકિતના શાસ્ત્રીય લક્ષણ પ્રમાણે દેવ-ગુરુ-ધર્મતત્ત્વની ઓળખ ભ્રમરહિત જોઈએ, પરંતુ ઈશ્વર સૃષ્ટિનો કર્તા-હર્તા છે તેવી સમજણ તેમના વિધાનોમાંથી વ્યક્ત થતી દેખાય છે, જે જૈનશાસ્ત્ર વિરુદ્ધ છે.

**૫૨. સભા :-** તેમનામાં માર્ગાનુસારીના ૩૫ ગુણ હતા ?

**સાહેબજી :-** તમે માર્ગાનુસારીના કયા ૩૫ ગુણ લો છો ? માર્ગાનુસારીના ગુણ બે પ્રકારે

છે. (૧) લૌકિક માર્ગાનુસારીના ગુણ અને (૨) લોકોત્તર માર્ગાનુસારીના ગુણ, જે મોક્ષમાર્ગના છે.

જયવીયરાયમાં બોલો છો ને ? 'ભયવં ! ભવનિવ્વેઓ મગ્ગાણુસારિયા'. એટલે 'સંસારમાં વૈરાગ્ય' પછી 'મગ્ગાણુસારિયા' મૂક્યું. માટે વૈરાગ્ય વગરના આ ૩૫ ગુણ હોય તો તે લૌકિક થશે. વૈરાગ્ય સાથેના ૩૫ ગુણવાળો ગમે ત્યાં રહેલો હશે તોપણ તે મોક્ષમાર્ગમાં છે. જે સાચા અર્થમાં સંસારથી વિરક્ત અને મુમુક્ષુભાવને પામેલો હોય અને જેને પોતાનો કદાગ્રહ ન હોય, તે મોક્ષમાર્ગને પામેલો છે. માટે પોતાના માર્ગનો કદાગ્રહ ન જોઈએ.

તેમનામાં વૈરાગ્યની ઘણી વાતો છે, પણ કદાગ્રહ છે કે નહિ તે તો પરિચય કેળવવાથી જ ખબર પડે. હું કાંઈ તેમને મળ્યો નથી, માટે વ્યક્તિગત રીતે હું નહીં કહી શકું. જો મારામાં પણ પૂર્વગ્રહ હોય તો મારામાં પણ માર્ગાનુસારીના ગુણ નથી. માટે સારી-સાચી વાતોની પ્રશંસા કરવાની અને ઉન્માર્ગની વાતોનું ખંડન પણ કરવાનું.

તેઓ પોતાની જાતને પરમાત્મા તુલ્ય માનતા હતા. તેઓ કહેતા "ભગવાન મહાવીર જે દશા અનુભવી રહ્યા છે, તે દશા હું અનુભવી શકું છું." આના કરતાં પણ ઘણી ભયંકર વાતો તેમણે કહી છે.

એક વખત પ્રભુનું જન્મકલ્યાણક હતું. વરઘોડો જતો હતો. રથમાં પ્રભુની પ્રતિમા બિરાજમાન કરી જયજયકાર કરતા લોકો જઈ રહ્યા છે ત્યારે, તેઓ ગ્લાન, ઉદાસીન થઈ ગયા. ત્યાં તેમના અનુયાયીઓએ પૂછ્યું, હરખાવાના બદલે આપ શોકાતુર કેમ થઈ ગયા ?ત્યારે જવાબ આપ્યો કે, આ લોકો મૂર્ખા છે; જીવતા મહાવીરને છોડીને મરેલા મહાવીરને પૂજી રહ્યા છે. "આ વાત કહીએ છીએ તેમાં અમને ગર્વ આવી રહ્યો છે તેવું નથી, પણ મહાવીર જે દશા અનુભવી રહ્યા છે, તે દશા હું અનુભવી રહ્યો છું." હવે તેમને ખબર નથી કે ભગવાન મહાવીરની કઈ કક્ષા હતી, કઈ અવસ્થા હતી, તેનો તેમને કેવો અનુભવ હતો. કઈ કક્ષામાં કેવી મનોદશા હોય તેની તેમને જાણકારી નહોતી.

મેં ૧૬ વર્ષની ઉંમરે એમનું સાહિત્ય વાંચેલું, ત્યારે થયું હતું કે આપણાં શાસ્ત્ર સાથે માન્ય થાય તેમ નથી. ગુરુ મહારાજે સાઉથમાં મને દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવા મોકલેલો. આંધ્રમાં અનંતપુર ગામ હતું. ત્યાં લગભગ ૧૦૦ જેટલાં જૈન મારવાડીનાં ઘર હતાં. સુખી શ્રાવક પરમાત્માના ભક્ત હતા. તેઓને ખબર પડી એટલે મારી પાસે આવીને કહે, પર્યુષણની આરાધના કરાવો. પછી પરિચય વધતાં શ્રીમદ્‌ના એક શ્રાવકે ખૂબ જ આગ્રહ કર્યો કે, આ

સાહિત્ય વાંચો, તેમાંથી પ્રેરણા લો અને અનુરાગી બનો. પણ મેં તો તટસ્થતાથી વાંચ્યું. પછી ચર્ચા પણ તેઓએ ઘણી કરી. સેંકડો પોઈન્ટ તેમાંથી નીકળ્યા. તેમાં શાસ્ત્ર સાથે ડગલે ને પગલે વાંધો આવે તેવું હતું.

તેઓ કહેતા "ધર્મ નિવૃત્તિમાં છે, પ્રવૃત્તિમાં ધર્મ નથી" પરંતુ એકાંતે એવું બોલાય નહિ. માટે ઘણી જ ભૂલો હતી. તેને અમે તટસ્થતાથી શાસ્ત્રીય રીતે પુરવાર કરી શકીએ તેમ છીએ. અમારી સામે ભગવાન મહાવીર માટે ઊંધું બોલે તોપણ અમે શાંતિથી સાંભળીને પ્રમાણિકતાથી સમીક્ષા કરીએ. માટે સાચી અને સારી વાતને તમે પણ જો નહિ સાંભળી શકો તો આત્મકલ્યાણનો માર્ગ બંધ થઈ જશે. માટે બહુ જ વિચારજો.

卐 卐 卐

## આજે જ વસાવો... વાંચો... વંચાવો...

**જૈનધર્મના લોકોત્તર રહસ્યભૂત તત્ત્વોને લોકભોગ્યશૈલીમાં રજૂ કરનારા,**
**મોક્ષસાધનાની સાચી દિશાને પ્રાપ્ત કરવામાં અનન્ય કારણભૂત,**

શુદ્ધમાર્ગપ્રરૂપક **પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી** (પંડિત મ. સા.)ના

**દૃષ્ટિપરિવર્તક પ્રવચનસાહિત્યની સંક્ષિપ્ત સૂચી**

**૧-૨.** **ચિત્તવૃત્તિ (ગુજરાતી તથા હિન્દી આવૃત્તિ)**
(ચિત્તના સાત્ત્વિક, રાજસી અને તામસી ભાવોની ઓળખાણ)

**૩-૪.** **ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ (ગુજરાતી તથા હિન્દી આવૃત્તિ)**
(મોક્ષના સુખની **logical**-તાર્કિક પ્રસ્તુતિ)

**૫-૬.** **પ્રશ્નોત્તરી (ગુજરાતી તથા હિન્દી આવૃત્તિ)**
(મનની મૂંઝવણનો રામબાણ ઉપાય)

**૭-૮.** **ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (ગુજરાતી તથા હિન્દી આવૃત્તિ)**
(જૈનશાસનનું સંન્યાસ જીવન)

**૯.** **મધ્યસ્થભાવ (સંઘ એકતાની Master Key)**
(જૈનધર્મના પ્રચલિત તમામ મતભેદો પ્રત્યે સાચા જૈનનો શાસ્ત્રસાપેક્ષ અભિગમ શું ?)

**૧૦.** **ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)**
(ધર્મ અને શુદ્ધધર્મની ભેદરેખા)

**૧૧.** **ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)**
(શુદ્ધધર્મની પ્રગતિના સોપાન)

**૧૨.** **મનોવિજય અને આત્મશુદ્ધિ**
(દમન નહીં પણ સમજણ દ્વારા આત્મશુદ્ધિ તરફ લઈ જનાર મનોવિજયનો સાચો માર્ગ)

**૧૩-૧૪.** **શાસન સ્થાપના (ગુજરાતી તથા હિન્દી આવૃત્તિ)**
(જિનશાસનની ટૂંકી-સચોટ ઓળખાણ)

**૧૫-૧૬.** **સદ્ગતિ તમારા હાથમાં ! (ગુજરાતી તથા હિન્દી આવૃત્તિ)**
(સૌથી વધારે વંચાયેલી બેનમૂન પુસ્તક)

**૧૭.** **લોકોત્તર દાનધર્મ 'અનુકંપા'**
(દાનધર્મને અક્ષય કરી રીતે બનાવશું ?)

**૧૮-૧૯.** **કર્મવાદ કર્ણિકા (ગુજરાતી તથા હિન્દી આવૃત્તિ)**
(પુણ્ય-પાપના અદ્ભુત રહસ્યોની સમજણ)

**૨૦.** **અનેકાંતવાદ**
(સર્વજ્ઞના 'સ્યાદ્વાદ' સિદ્ધાંતની આશ્ચર્યકારી છણાવટ)

**૨૧-૨૨** **ધર્મતીર્થ ભાગ-૧, ૨ :**
("ગીતાર્થગંગા" સંસ્થાના ૨૨ વર્ષના ભગીરથ કાર્યની પ્રારંભિક-પ્રથમ ફળશ્રુતિ...
તેમાં 'ધર્મ' શું છે ? તીર્થ શું છે ? વગેરેની ઊંડી સમજ અનેક દૃષ્ટિકોણથી ખોલી તત્ત્વના પરમાર્થને રજૂ કર્યો છે. આમાં 'ધર્મ' અને 'તીર્થ'નું જોડાણ કરી, નય-નિક્ષેપા, ભેદ-પ્રભેદો દ્વારા 'ધર્મતીર્થ'નો મહિમા હજારો શાસ્ત્રપાઠોના ચિંતન-મનન કરી પ્રવચનના માધ્યમે રજૂ કરેલ છે.)

# 'શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'

દ્વારા

પ્રાપ્ત થયેલ

# પ્રથમ પત્ર

|| સદ્‌જાત્મ સ્વરૂપ પરમગુરૂ ||

# SHRIMAD RAJCHANDRA SADHNA KENDRA

Conducted by : SHRIMAD RAJCHANDRA ASHRAM SAMITI

*Trust Reg. No. F- 17779 (Mumbai) ◆ Society Reg. No. 828 / 1995.*

***SADHNA KENDRA*** **:**
Survey No. 316, Rajnagar,
Behind Samrat Hotel,
Bhuj Gandhidham Highway,
Kukma, Bhuj-Kutch -370105 (Gujrat).
Phone : (02832) 71219 / 71583

***MUMBAI OFFICE*** **:**
C/o. Rasiklal Vasanji Shah
B/2, Runwal Shopping Centre,
Plot No. 42, 15th Road,
Chembur, Mumbai - 400 071.
Phone : 2528 4552 / 2528 1270

*Ref.:*

*Date.* 24-10-05

પ્રતિ,

આદરણીય પૂ.યુગભુષણવિજયજી મ. સાહેબ,

આપનું પ્રકાશિત થયેલ પુસ્તક પ્રવચન-પ્રશ્નોતરી હાલમાં જ હાથવગું થઇ અમોને વાંચવામાં આવ્યું. એમાં અમારા ગુરૂ પ. પૂ. શ્રીમદ્ રાજચંદ્ર સંબંધિત આપના દ્વારા વ્યક્ત કરવામાં આવેલ વિચારો અસંગત લાગતાં એનો ખુલાસો આપશ્રી ના ધ્યાનમાં લાવવાનું ખાસ જરૂરી જણાયું. આપે શરૂમાંજ જણાવ્યું કે સત્યને અપનાવવા આપને કોઇ પૂર્વગ્રહ, મતભેદ નથી. આપને એમની સાથે કોઇ વ્યક્તિગત અણગમો નથી. માટે અમને લાગે છે કે આપને એમના વ્યક્તિત્વની પૂરી માહિતી પ્રાપ્ત ન થઇ હોય તેથી એવી રજુઆત અજાણભાવે આપનાથી થઇ હોય એ સંભવિત છે.

આપ જેવા સમર્થ વક્તાને હજારો શ્રોતાઓ સાંભળતા હોય, તેથી વક્તા પણે આપની જવાબદારી વિશેષ વધી જાય છે.

તેથી આપના દ્વારા યથાર્થ રજુઆત થાય માટે સત્ય અને માત્ર સત્યજ રજૂ કરવાનો અમારો નમ્ર પ્રયાસ છે.

આપના પ્રશ્નો અને વિચારોનો મુદ્દાસર યથાર્થ ઉત્તર સંક્ષેપમાં નિચે રજુ કર્યા છે.

<u>પ્રશ્ન ૪૯ (પાનું ૨૭)</u>

તેઓ જન્મે જૈનેતર હતા એમ ન કહી શકાય. એમનું કુટુંબ કુળધર્મે સ્થાનકવાસી જૈન શ્વેતાંબર સંપ્રદાય માં હતું. મૂળ મોરબી અને પાછળથી વવાણિયા જઇ વસ્યુ હતું. છતાં અમને પ્રશ્ન થાય છે કે બેકગ્રાઉન્ડમાં જૈન કોને કહેવું?

જૈન માં જન્મેલાને કે જૈન સંસ્કારપ્રાપ્તને? જન્મે જૈન ન હોય એ પરિણામથી જૈન થઇ શકે? પૂર્વ સંસ્કારો જૈનનાં લઇ પછી કર્મે જૈન થઇ શકાય?

આપશ્રીને એ પુછવાની રજા લઇએ છીએ કે અવિરત સમ્યક્દ્રષ્ટિ(ચોથું ગુણસ્થાનક)ના આત્માની કઇ સ્થિતિને આપ માન્ય કરો છો? શ્રી યશોવિજયજી, શ્રી દેવચંદ્રજી, શ્રી હેમચંદ્રાચાર્યજી મ. સાહેબ વગેરે પૂર્વે થઇ ગલેય જ્ઞાની એને અંશે સંવર તત્વ એટલે ધર્મની શરૂઆત કહે છે. રહી એમને ગુરૂ માનવાની વાત તો આત્મઅનુભવ (સમક્દર્શન) વિના હોય તેને ગુરૂ માનવા કે નહીં?

આપ કહો છો કે શાસ્ત્રોનો સાંગોપાંગ અભ્યાસ કરવાનો મોકો એમને નહોતો મળ્યો, તો આપને એમની ૧૬ વર્ષ ને સાત માસની ઉંમરે રચેલ મોક્ષમાળા તથા ભાવનાબોધ વાંચવાનો યોગ પ્રાપ્ત નથી થયો એમ અમે માનીયે છીએ કારણકે એ પુસ્તકોમાં જૈન આગમો અને સૂત્રોનો સાર સરળ ભાષામાં રજુ કર્યો છે. એમનાં શાસ્ત્રજ્ઞાન વિશે પ્રત્યક્ષ સમાગમમાં આપને ચોક્કસ જણાવી શકીએ.

<u>પ્રશ્ન ૫૦ (પાનું ૨૮)</u>

અમને પ્રશ્ન થાય છે કે તિર્થંકર ગ્રહસ્થ દશામાં હોય ત્યારે એમને ગુરૂ માની પૂજાય કે નહિ? તિર્થંકર જન્મતાજ સૌધર્મ ઇન્દ્રાદિ દેવો એમની પૂજા કરે છે, મેરૂ પર્વત પર પ્રક્ષાલ કરે છે. પાંચ તીર્થંકરોને બાદ કરતાં, ૧૯ તીર્થંકરો ગ્રહસ્થપણે રહ્યા હતાં, એમનામાં શું ફેર હતો? ગ્રહસ્થ ને દિક્ષા નોજ કે અન્ય કાંઇ પણ? આ પ્રશ્નને આપની વિચારણામાં અવશ્ય સ્થાન આપશો.

--- ૨

|| સદ્જાત્મ સ્વરૂપ પરમગુરૂ ||

**SHRIMAD RAJCHANDRA SADHNA KENDRA**

Conducted by : SHRIMAD RAJCHANDRA ASHRAM SAMITI

*Trust Reg. No. F- 17779 (Mumbai) ◆ Society Reg. No. 828 / 1995.*

***SADHNA KENDRA*** :
Survey No. 316, Rajnagar,
Behind Samrat Hotel,
Bhuj.Gandhidham Highway,
Kukma, Bhuj-Kutch -370105 (Gujrat).
Phone : (02832) 71219 / 71583

***MUMBAI OFFICE*** :
C/o. Rasiklal Vasanji Shah
B/2, Runwal Shopping Centre,
Plot No. 42, 15th Road,
Chembur, Mumbai - 400 071.
Phone : 2528 4552 / 2528 1270

*Ref.* :

*Date*......................................

૨

વીતરાગત્વ, ઇશ્વરત્વ, જૈન દર્શન ની એમને સમજણ નથી, એમને ભ્રમણા છે, અજ્ઞાન દશા તથા ઉન્માર્ગ છે, વગેરે આપ દ્વારા થયેલ રજુઆતને પુષ્ટિ આપે એવી એક પણ વાત સ્પષ્ટપણે કહી નથી. અમને યથાર્થ રજુઆત કરી ખુલાસો કરવાની તક આપશો? અમે મનમાં કદાગ્રહ, પૂર્વગ્રહ રાખી અકળાતા નથી, પણ આવા મહાસમર્થ જ્ઞાની સબંધિત અવર્ણવાદ સાંભળી અમારા અંતઃકરણમાં કરૂણાસભર દુઃખ થાય છે, કેમકે અમે હજી વીતરાગ થયા નથી. (થવા પ્રયત્નશીલ છીએ.) અમને એમના પ્રત્યે પ્રશસ્ત રાગ છે. કરી શકાય?

<u>પ્રશ્ન ૫૧ (પાનું ૨૯)</u>

આપ શું માનો છો, સમકિત અને એ પણ શુદ્ધસમકિતની વ્યાખ્યા શાસ્ત્રોમાં કરી છે એ પ્રમાણે હોય કે બહિરંગ વેશપ્રમાણે હોય? કેમકે બન્ને દ્રવ્યજ જ્યારે જુદા છે ત્યારે આત્માને અનુસરતા જ્ઞાનવ્યાપારમાં બહિરંગ વેશ અંતરાય કરે? સંયમની વ્યાખ્યા શાસ્ત્રમાં સ્થિરતારૂપ કહી છે કે વેશરૂપ કહી છે? આ પ્રશ્નને આપની વિચારણામાં સ્થાન આપી કૃપા કરશો. ઇશ્વર સૃષ્ટિનો કર્તા હર્તા છે એમ એમની સમજણ છે એ આપની માન્યતા કેમ બંધાઇ? આપે એમની સુપ્રસિદ્ધ કૃતિ આત્મસિદ્ધિ નો પરિચય નથી કર્યો? એમાં ઇશ્વર શું છે, કર્તા શું છે, કર્મ શું છે, મુક્તિ શું છે એ વાત ખુલ્લી કલમે કાંઇપણ ગોપવ્યા વિના જણાવી છે. મહાત્મા ગાંધીજી ઉપરના પત્રમાં પણ ઇશ્વર વિશે ખૂબજ સ્પષ્ટ રજુઆત કરી છે.

<u>પ્રશ્ન ૫૨ (પાનું ૨૯)</u>

આપે માર્ગાનુસારીનાં ગુણનાં બે વિભાગ પાડી વિસ્તાર કર્યો નથી, પણ એમની "આત્મસિદ્ધિ" માં એનાથી વધુ ગુણોની વ્યાખ્યા સહેજે થઇ ગઇ છે. જે તટસ્થપણે મતાગ્રહ વગર વિચારતાં સહેજમાં સમજાય એમ છે.

એમના વૈરાગ્ય અને કદાગ્રહ બાબત આપે જણાવ્યું કે એ તો પરિચય કરવાથી જ જણાય. આપ એમને મળયા નથી માટે આ બાબત ન કહી શકો. અમને પ્રશ્ન થાય છે કે પરિચય કેળવ્યા વગર કોઇ પણ વ્યક્તિ વિશે અભિપ્રાય કેવી રીતે આપી શકાય? એમના પરિચય વગર આપે જે અભિપ્રય વ્યક્ત કર્યો છે એ વિરોધાભાસ નથી? આપે ૧૬ વર્ષની અપરિપક્વ વયે એમનું સાહિત્ય વાંચેલું છે. હવેની પરિપક્વ વયે એમનો પરિચય કેળવવા અને એમના વિશે અભિપ્રાય આપવા એમની કૃતિઓ લખાણોનો અભ્યાસ કરવાની અમારી ભલામણ તથા નમ્ર વિનંતી માન્ય કરશો?(માન્ય કરો ન કરો આપનું ભવિતવ્ય).

એમની સાધના તથા વૈરાગ્યદશાનાં સ્તરને પ્રાપ્ત કરવું સાંપ્રત સમય ના સંયમિયોને પણ દૂર્લભ છે. વાઘ સિંહ જેવા જંગલી પ્રાણીયોની વચ્ચે, રાત્રીના સમયે ઇડરના પહાડો અને ઉત્તરસંડાના જંગલોમાં એમણે કરેલી સાધના, એમની વૈરાગ્યદશાની પારાશીશીરૂપ છે. માહાત્મા ગાંધીજીએ એમનો પરિચય કેળવ્યો હતો. એમની પાસેથી અધ્યાત્મિક માર્ગદર્શન મેળવ્યું હતું એટલે એમની વૈરાગ્ય દશા તથા અન્ય ગુણો વિશે ગાંધીજીએ જે વિચારો પ્રગટ કર્યા છે એનો અભ્યાસ કરવા વિનંતી છે.

ભગવાન મહાવીર સબંધમાં આપે જણાવ્યું છે એવી નિમ્ન કક્ષાની ભાષા શ્રીમદ્ રાજચંદ્રના મુખેથી નિકળે , એ વાત, એમની અલ્પ ઓળખાણ હોય એ પણ ન માને. ભગવાન મહાવીર છદ્મસ્થ અવસ્થામાં હતાં ત્યારે પૂર્વભવમાં મુનિપણે એમની સાથે વિચર્યા છે એ વાત આપ માન્ય કરશો? "બહુ છકી જાઓ તો પણ

- - - 3

|| સદ્જાત્મ સ્વરૂપ પરમગુરૂ ||

# SHRIMAD RAJCHANDRA SADHNA KENDRA

Conducted by : SHRIMAD RAJCHANDRA ASHRAM SAMITI

*Trust Reg. No. F- 17779 (Mumbai) ◆ Society Reg. No. 828 / 1995.*

***SADHNA KENDRA*** **:**
Survey No. 316, Rajnagar,
Behind Samrat Hotel,
Bhuj-Gandhidham Highway,
Kukma, Bhuj-Kutch -370105 (Gujrat).
Phone : (02832) 71219 / 71583

***MUMBAI OFFICE*** **:**
C/o. Rasiklal Vasanji Shah
B/2, Runwal Shopping Centre,
Plot No. 42, 15th Road,
Chembur, Mumbai - 400 071.
Phone : 2528 4552 / 2528 1270

*Ref.* : 3 *Date*......................................

શ્રી મહાવીરની આજ્ઞા તોડશો નહિ. ગમે તેવી શંકા થાય પણ મારી વતી વીરને નિઃશંક ગણશો." આવો સધિયારો કોણ આપી શકે? એમના ઉપાદાનની જાગૃતિમાં મહાવીર સ્વામી ઉત્કૃષ્ટ નિમિત્ત હતા. એવા પરમ ઉપકારી માટે એમના દ્વારા જે કહેવાયું હોય તેની સાપેક્ષતા સમજવા ઊંડાણમાં ઉતરવું પડશે.

જૈન દર્શન નો લક્ષ શું છે? અમે તો એમ સમજ્યા છીએ કે પરમાત્મા તુલ્ય દશા પ્રાપ્ત કરવી એજ એનો લક્ષ છે. એ દશા પ્રાપ્ત કરવી કે એની ભાવના ભાવવી એ જો ભયંકર વાત હોય તો પછી સારી વાત કઈ સમજવી?

શ્રીમદ્ રાજચંદ્રની શું દશા હતી? એમની વાતો વચનો કાલ્પનિક છે કે એમાં આત્મઅનુભવની છાંટ છે એ જાણવા નિષ્પક્ષપણે એમનો પરિચય કરવો પડશે. પૂર્વભવોની જાતિસ્મૃતિ થયા પછીની એમની દશા, વૈરાગ્ય દર્શન, મનોમંથન, એમના મર્મયુક્ત વચનોમાં ભર્યું પડયું છે. એમની 'અપૂર્વ અવસર' કૃતિની એક એક કડી જૈન સિધ્ધાંત અને યથાર્થ મુનિદર્શનનું સચોટ ચિત્રણ કરે છે. એમાં મુનિ થવાની જે ભાવના એમણે ભાવી છે તે અલ્પ આયુષ્ય વશ પૂર્ણ ન થઈ એ વર્તમાન શાસનનું મહાદુર્ભાગ્ય છે.જે પુરૂષની સ્મરણ શક્તિ, કવિત્વ શક્તિ, અવધાનશક્તિ, અને અન્ય લબ્ધિઓ અસામાન્ય હતી, એમને વિશ્વવિખ્યાત બનાવી શકે એવી હતી, છતાં એ બધાનો એમણે વીશ વર્ષની નાની વયેજ ત્યાગ શા માટે કર્યો, એ વાતનો પણ આપની વિચારણામાં અવશ્ય સ્થાન અપશો.

આવી અને એમના જીવન સબંધિત બીજી ઘણી વાતો આત્માર્થી જીવે અવશ્ય જાણવા જેવી છે. આપ ઈચ્છશો તો તે સબંધિત સાહિત્ય આપને અમારી સંસ્થા તરફથી ઉપલબ્ધ થઈ રહેશે. અથવા આપના સત્સંગલાભ નો આનંદ લેવા પ્રત્યક્ષ સમાગમનો અવકાશ આપશો તો ઋણી થઈશું.

છેલ્લે જે પણ આ પત્ર દ્વારા કહેવાયું છે એ માત્ર સત્ય અને સત્યને આવિર્ભાવ કરવા માટેજ છે. એનો અન્ય કોઈ ઉદેશ નથી. છતાં આપના અંતઃકરણની કોઈ કડી દુભાઈ હોય તો પ્રભુ સાક્ષીએ મિચ્છામી દુક્કડમ્ કરી અત્રે વિરમીએ છીએ.

(આ સાથે "તીર્થંકર શ્રી મહાવીર અને શ્રીમદ્ રાજચંદ્ર" પુસ્તક આપના અભ્યાસ અનુપ્રેક્ષા માટેમોકલાવેલ છે, સ્વીકાર કરી અમને ઉપકૃત કરશો.)

લી. રસિકલાલ વસનજી શાહ
ના જય જિનેન્દ્ર સહ વંદન
(માનદ મંત્રી)

## અમારા દ્વારા અપાયેલ

# પ્રથમ
# પત્રનો
# ઉત્તર

ધર્માનુરાગી શ્રાવક શ્રી રસિકલાલ વસનજી શાહ યોગ્ય ધર્મલાભ.

સાધના કેન્દ્ર દ્વારા મોકલેલ તમારો પત્ર પ્રાપ્ત થયો. મારી પ્રવચનની "પ્રશ્નોત્તરી પુસ્તક" બાબત તમારા પ્રશ્નો વાંચ્યા. યથાયોગ્ય ખુલાસાઓ પણ વિગતવાર પત્ર દ્વારા મોકલું છું. તે નિરાગ્રહપૂર્ણ દૃષ્ટિપૂર્વક અવશ્ય ધ્યાનમાં લેશો.

પ્રથમ તો એ વાત સ્પષ્ટ કરી દઉં કે "શ્રીમદ્જીનું બધું જ લખાણ મિથ્યા કે શાસ્ત્રવિરુદ્ધ છે, એમાં જરાય સત્યનો અંશ નથી" એવું પ્રવચનમાં ક્યાંય નિરૂપાયેલ નથી. **પ્રશ્ન નં. ૪૯**માં જ અમે કહ્યું છે કે - શ્રીમદ્જીના લખાણમાં તત્ત્વની વાતો અને વૈરાગ્ય પીરસાયેલ છે - (પ્રશ્ન નં. ૫૦માં) - સાચું ગમે ત્યાં હોય તેને અપનાવવા અમો કાયમ તૈયાર છીએ - અન્યદર્શનની પણ જો સાચી વાત સ્વીકારવાની અમારી તૈયારી હોય તો જૈનદર્શન અંતર્ગત ફાંટાની સાચી વાતને અમે અવશ્ય આવકારીશું. માત્ર મારી વાત એટલી જ છે કે "શ્રીમદ્ રાજચંદ્ર એ કહેલું બધું જ સાચું, તેમના બધાં જ વિધાનો બ્રહ્મવાક્યો કે જિનવચનાનુસાર કોઈ માનતા હોય તો તેનો મેં નિષેધ ફરમાવેલ છે".

તેમના લખાણનો અભ્યાસ કરનાર કોઈપણ જૈન તટસ્થ વિદ્વાનને એટલું તો અવશ્ય કહેવું પડે કે "શાસ્ત્રોના ઊંડા બોધના અભાવે અથવા તો ભૂતકાળની ઊંધી માન્યતાની ઊંડે ઊંડે મનમાં રહેલી છાપને કારણે શ્રીમદ્જીના ઘણા વિધાનો મુમુક્ષુને ભ્રમ કરાવનાર, અરે ! ઉન્માર્ગે દોરી જનાર બની શકે છે. માટે આત્મકલ્યાણના ઇચ્છુક મુમુક્ષુઓએ તેમના સાહિત્યને શાસ્ત્રપૂત દૃષ્ટિથી વિભાગ કરી - છટણી કરી વાંચવું જોઈએ".

* * *

*** પ્રશ્ન : *"તેઓ જન્મે જૈનેતર ... કર્મે જૈન થઈ શકાય ?"***

**ખુલાસો (૧) :**

સમુચ્ચય વયચર્યામાં શ્રીમદ્જીનું કહેવું છે કે - તેઓના દાદા કૃષ્ણભક્ત હતા, શ્રીમદ્જીને પણ બાલ્યવયમાં શ્રીકૃષ્ણ પ્રત્યે આદર, ભક્તિ, બહુમાન હતાં. અરે ! તેમને મન શ્રીકૃષ્ણ સાચા પરમાત્મા હતા. વૈદિક-દર્શનના જગત્કર્તૃત્વવાદ પ્રત્યે તેમને ભારોભાર શ્રદ્ધા હતી. તેના કારણે જૈનદર્શન પ્રત્યે દ્વેષ પણ હતો. અલબત્ત, પાછળથી સાચું સમજાયાનો એકરાર પણ તેમણે કરેલ છે - તેથી શ્રીમદ્જી બેકગ્રાઉન્ડમાં નોનજૈન હતાં તે વાતને આધારસહિતની ગણી શકાય છે.

**ખુલાસો (૨) :**

શ્રીમદ્જી non-jain હતાં એ વાત માત્ર વાસ્તવિકતાની રજૂઆત છે. બાકી non-jain એ જૈન થઈ જ ના શકે તેવું કહેવાનો કોઈ જ આશય નથી. અમારા આદ્યગુરુ

શ્રી ગૌતમસ્વામી, શ્રી સુધર્માસ્વામી આદિ અગિયારે ગણધરો જન્મથી non-jain જ હતાં, છતાંય અમે તેમને શાસનની ધુરાના પ્રથમ નાયક જ માનીએ છીએ. આ સિવાય શ્રી શય્યંભવસૂરિજી, શ્રી હરિભદ્રસૂરિજી વગેરે અનેક વિદ્વાન ધર્માચાર્યો પૂર્વાવસ્થામાં વેદચુસ્ત બ્રાહ્મણો હતાં અને ઉત્તરાવસ્થામાં શાસનના સમર્થ પટ્ટધરો કે શ્રુતધરો થયાં હતાં. માટે આ સંદર્ભે અન્ય વિકલ્પો કરવા અસ્થાને છે.

❊ ❊ ❊

❋ તમારી પ્રશ્ન પૂછવાની શૈલી ઘણી અધૂરી અને અસ્પષ્ટ છે. ક્યાંક ક્યાંક પૂર્વાપરવિરોધ પણ છે. તેથી શક્ય વિકલ્પાનુસારે ઉત્તર આપવા પ્રયત્ન કરેલ છે.

**ખુલાસો (૩) :**

"તમે પૂછાવ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ આત્માની કઈ સ્થિતિ આપ માન્ય કરો છો ?" આમ તો અમને સમ્યગ્દૃષ્ટિ આત્માની પૂર્વની મિથ્યાત્વ, વર્તમાનની સમ્યક્ત્વ કે ભવિષ્યની વિરતિ વગેરે સર્વ અવસ્થાઓ તે તે કક્ષા અનુસારે હેય, ઉપાદેય તરીકે માન્ય જ છે, છતાંય જો પૂછવાનો આશય એવો હોય કે "માર્ગગામી તરીકે આપને સમ્યગ્દૃષ્ટિની કક્ષા માન્ય છે ?" તો કહેવાનું કે અમે શ્રી હરિભદ્રસૂરિ અને ઉપાધ્યાયજીના વચનોથી નિઃશંકપણે કહીએ છીએ કે ધર્મની તાત્ત્વિક શરૂઆત ચોથા ગુણસ્થાનકથી નહીં પરંતુ અપુનર્બંધકપણાથી ગણાય છે તેથી માર્ગપ્રાપ્ત તરીકે મિથ્યાત્વી પણ અમને માન્ય છે. આ બાબતે અનેક તર્કબદ્ધ યુક્તિઓ અને શાસ્ત્રપાઠો અમારી પાસે મોજુદ છે. અહીં વિસ્તારભયથી રજૂ કર્યા નથી.

❊ ❊ ❊

❋ **પ્રશ્ન : *"રહી એમને ગુરુ ... માનવા કે નહીં" ?***

**ખુલાસો (૪) :**

સમ્યગ્દર્શન ન હોય તેને પણ માર્ગદેશક ગુરુ માનવા તેવી વાત મેં પ્રવચનમાં ક્યાંય કહેલી નથી. માટે તે વિષયક પ્રશ્નો અને વિકલ્પો અસ્થાને છે.

કંચન-કામિનીના ત્યાગી જ ગુરુપદમાં સમાવેશ પામે છે. ગૃહસ્થને ગુરુ ન મનાય એ વાત કદાચ તમને કઠિન લાગી હશે. શાસ્ત્રોમાં તો આ ધારાધોરણ પ્રસિદ્ધ જ છે. પરંતુ ખુદ શ્રીમદ્જીના પત્રાંક ૮૩૭-૭૦૮નો આશય એ છે કે - **માર્ગ પ્રકાશક સદ્ગુરુ જઘન્યથી છટ્ઠા ગુણસ્થાનકે વર્તતા હોય છે. ચોથા, પાંચમા ગુણસ્થાનકે ગુરુપદ ઘટતું નથી, ત્યાં ગુરુપદ માનવું તે માર્ગવિરોધરૂપ** છે. તેથી શ્રીમદ્જી પોતે જ્યાં સુધી સર્વ સંગત્યાગ ન કરે ત્યાં સુધી પોતાને ગુરુ તરીકે માનવાનો સખત નિષેધ કરતાં હતાં - આ વાસ્તવિકતા

હોવા છતાં તમારી સંસ્થાના "Letter Pad" પર "સહજાત્મ સ્વરૂપ પરમગુરુ" વાક્ય અમને આશ્ચર્ય ઉપજાવે છે. જેનો શ્રીમદ્જી નિષેધ કરતાં તેવી વાતને તેમના દૃઢ અનુયાયી થઈને તમો અપનાવો તે કેટલું વાજબી ?

* * *

**** પ્રશ્ન : "આપ કહો છો કે શાસ્ત્રને .... ભાષામાં રજૂ કર્યા છે".***

**ખુલાસો (૫) :**

"શાસ્ત્રનો સાંગોપાંગ અભ્યાસ શ્રીમદ્જીને ન હતો" તે વાત તમને કપરી લાગશે, પરંતુ તે નગ્ન વાસ્તવિકતા છે. તેમના લખાણ વાંચતાં ઠેર ઠેર આ બાબત દ્યોતિત થાય છે. અત્રે બે-ત્રણ ઉદાહરણ ટાંકું છું :

**ઉદાહરણ (૧) :**

**પત્રાંક ૧૬૮**માં શ્રીમદ્જીનું કહેવું છે કે - અગિયારમા ગુણસ્થાનકથી પતિત આત્મા ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ પંદર ભવ કરે છે - જ્યારે જૈનશાસ્ત્રો કહે છે કે "અગિયારમેથી પતિત આત્મા એ જ ભવમાં, સાધના કરે તો ક્ષપકશ્રેણી માંડી મોક્ષમાં જઈ શકે છે. ત્રણ ભવ કરવાની કોઈ જરૂર નથી. (કાર્મગ્રંથિક મતે) અને ઘોર વિરાધના કરે તો પંદર ભવ નહીં, પરંતુ અનંતા ભવ પણ થઈ શકે".

સાથે શ્રીમદ્જીએ કહેલ છે કે "અગિયારમે જીવ ઘણું કરીને પાંચમા અનુત્તરની શાતાનો બંધ કરે છે" તે વાત પણ જૈનશાસ્ત્ર વિરુદ્ધ છે. કારણ કે અગિયારમે જીવ વીતરાગી હોવાથી તે જે શાતાવેદનીયકર્મ બાંધે છે તે પ્રથમ સમયે બાંધે, બીજા સમયે ભોગવે અને ત્રીજા સમયે ખરી જાય તે કક્ષાનું હોય છે. ત્યાં અનુત્તરની શાતા આપે તેવો સાંપરાયિકબંધ જ અસંભવ છે.

**ઉદાહરણ (૨) :**

ઉપદેશનોંધ નં. ૬ (પૃ. નં. ૬૬૩)માં શ્રીમદ્જીનો આશય છે કે - **ચક્ષુઇન્દ્રિયલબ્ધિના પ્રબળ ક્ષયોપશમવાળા** અથવા તો **દૂરંદેશીલબ્ધિસંપન્ન યોગી** જૈનશાસ્ત્ર માન્ય સૂક્ષ્મ પરમાણુઓ જોઈ શકે છે - પરંતુ આ વાત જૈનશાસ્ત્રોને સંમત નથી. કારણ કે ચક્ષુઇન્દ્રિયનો ગમે તેટલો ક્ષયોપશમ હોય તે પરમાણુને જોવા માટે કારણરૂપ બની શકતો નથી. તેમજ દૂર રહેલી વસ્તુનું જ્ઞાન કરવા દૂરંદેશીલબ્ધિ કારણ છે, નહીં કે પરમાણુનું જ્ઞાન કરવામાં. જૈનદર્શન કહે છે કે "પરમાણુને જોવા ઉત્કૃષ્ટ કક્ષાનું અવધિજ્ઞાન કે કેવળજ્ઞાન જ સમર્થ છે". મનઃપર્યવજ્ઞાનનો વિષય માત્ર મનોદ્રવ્ય છે અને મતિ-શ્રુતજ્ઞાનથી સૂક્ષ્મ પરમાણુઓ જોઈ શકાતાં નથી.

ઉદાહરણ (૩) :

જૈનશાસ્ત્રો કહે છે કે "આત્મા વીતરાગી અને સર્વજ્ઞ બને ત્યારપછી તેને કોઈ આવેગાત્મક કામના કે ઇચ્છા રહેતી નથી", માટે તીર્થંકરોના તીર્થપ્રવર્તનરૂપ મહાસત્કાર્યને પણ શાસ્ત્રકારોએ કામનાશૂન્ય, કર્મોદયકૃત, સાહજિક પ્રવૃત્તિ કહેલ છે. જ્યારે શ્રીમદ્ રાજચંદ્ર **<u>પત્રાંક ૨૭માં</u>** - પોતાની સ્થિતિ સર્વ પ્રકારે સર્વજ્ઞતુલ્ય જણાવે છે. છતાંયે આખી સૃષ્ટિમાં પર્યટન કરી ધર્મપ્રવર્તનની અદમ્ય ઇચ્છા પણ સાથે જ પ્રદર્શિત કરે છે.

ઉદાહરણ (૪) :

શ્રીમદ્જીને પોતાને જ શાસ્ત્રવિષયક અનેક શંકાઓ મૂંઝવતી હતી તેવું તેઓએ પોતે જ આભ્યંતરપરિણામ અવલોકન હાથનોંધ ૧/૬૨ અને ૧/૬૩માં કબૂલ્યું છે. શાસ્ત્રવિષયક આવી સ્થૂલ શંકાઓ તેમના અલ્પ શાસ્ત્રજ્ઞાનની જ દ્યોતક છે.

આવા અનેક ઉદાહરણો, કથનો આ બાબતે રજૂ કરી શકાય છે. "મોક્ષમાળા" કે "ભાવનાબોધ"માં "જૈન આગમો અને સૂત્રનો સાર આવી જાય છે" તેવું માનવું તે જૈનધર્મના લોકોત્તર તત્ત્વજ્ઞાનના અવમૂલ્યાંકનરૂપ છે.

* * *

* **ખુલાસો (૬) :**

'અમને પ્રશ્ન થાય છે ... અવશ્ય સ્થાન આપશો.'

આ કહેવા પાછળ તમારો આશય એ છે કે ગૃહસ્થ પણ ગુરુ તરીકે પૂજી શકાય. જે સ્થાપિત કરવા તમે ગૃહસ્થ એવા તીર્થંકરોનું દૃષ્ટાંત રજૂ કરેલ છે. વળી 'ગૃહસ્થ' શબ્દના અર્થ વિશે તમને ભ્રાંતિ છે. તેથી વિવાહ નહીં કરેલા તીર્થંકર અને વિવાહ કરેલ તીર્થંકરોનો ગૃહસ્થ અને સાધુરૂપે ભેદ દર્શાવો છો.

વાસ્તવમાં દીક્ષાપૂર્વે બાલબ્રહ્મચારી નેમિનાથ પણ ગૃહવાસમાં રહેલા હોવાથી ગૃહસ્થ જ કહેવાય. (गृहे तिष्ठति इति गृहस्थः) ચોવીશે તીર્થકરો ગૃહસ્થાવસ્થામાં, ગુરુ તરીકે પૂજાયા કે તે કાળના વિદ્યમાન કોઈ સાધુ-સાધ્વીથી આરંભીને વિવેકી ઇન્દ્ર સુધીના કોઈ ધર્માત્માએ તેમને ભક્તિથી ગુરુવંદન કર્યાનો ક્યાંય ઉલ્લેખ નથી. ઉપરાંત તીર્થંકરોનું દૃષ્ટાંત શ્રીમદ્જી માટે લેવું જરા પણ યોગ્ય નથી. કારણ કે ક્યાં તીર્થંકરોનું ગર્ભથી માંડીને સર્વત્ર ઔચિત્યપ્રવર્તન અને ક્યાં શ્રીમદ્જીની ૧૬ વર્ષ સુધીની મિથ્યામત વાસિત ભ્રાંત અવસ્થા !

ઉપરાંત તીર્થંકરોની મેરુપર્વત પર ઇન્દ્રો અને કરોડો દેવતાઓએ ભેગાં થઈ જે પૂજા-અર્ચના કરી છે તે તીર્થંકરોની ત્યારની સર્વોત્કૃષ્ટ સાધર્મિક અવસ્થાને લક્ષ્યમાં રાખીને.

આ બાબતે અન્ય કોઈ શાસ્ત્રપાઠ રજૂ કરવા કરતાં મહાવિવેકી, ઇન્દ્રોનો બાહ્ય વ્યવહાર જ પ્રબળ પુરાવારૂપ છે. શું કોઈ ગુરુપદે બિરાજમાન વ્યક્તિને ખોળામાં લઈને નવડાવે ? ઇન્દ્રાણી અને અપ્સરાઓ શું સ્પર્શ કરી કેસર આદિનું ગુરુને વિલેપન કરે ? વસ્ત્રાલંકાર અને આભરણોથી ગુરુને શણગારવાનો વ્યવહાર આપે ક્યાંય જૈનશાસ્ત્રમાં વાંચ્યો છે ? આમ, તીર્થંકરોને પણ ગૃહસ્થાવસ્થામાં જૈનદર્શન ગુરુપદે રજૂ કરતું નથી, તે શ્રીમદ્દના અનુયાયીઓએ ખાસ સમજવા જેવું છે.

❋ ❋ ❋

**❋ ખુલાસો (૭) :**

વીતરાગત્વ, ઈશ્વરત્વ વગેરે બાબતમાં શ્રીમદ્ રાજચંદ્રની ભ્રમદશા કે અજ્ઞાનદશા છે એવી રજૂઆતમાં આપની પુષ્ટિકારક પુરાવાની માંગ છે તો નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેશો :

(a) **પત્રાંક ૨૧૮**માં શ્રીમદ્જીને - શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલ શ્રીકૃષ્ણ સાચા પરમાત્મારૂપે લાગે છે - સજ્જન માણસને વાંચતાં પણ લજ્જા આવે એવું શ્રીમદ્ ભાગવત અંતર્ગત શ્રીકૃષ્ણનું ચિત્રણ જો શ્રીમદ્જીને પરમાત્માના ચરિત્ર તરીકે મંજૂર હોય તો પછી શ્રીમદ્જીને ઈશ્વરતત્ત્વ વિષયક ભ્રાંત કહેવામાં અમે શું ખોટું કહ્યું ?

(b) જેઓની બાહ્ય મુદ્રા, ચરિત્ર વગેરેનું જૈનશાસ્ત્રમાં ડગલે ને પગલે ખંડન છે, જેઓનો આકાર, હાવભાવ કે પ્રસિદ્ધ જીવનચરિત્ર જેઓને રાગી-દ્વેષી અને વાસના-વિકારગ્રસ્તરૂપે પુરવાર કરે છે તેવા શ્રીકૃષ્ણ આદિ અન્ય દેવોના ભક્ત નરસિંહ મહેતા કે કબીરજીની વિવેકશૂન્ય ભક્તિ શ્રીમદ્જીને મન **અનન્ય, અલૌકિક, અદ્ભુત** અને **સર્વોત્કૃષ્ટ ભક્તિસ્વરૂપ છે. (પત્રાંક ૨૩૧)**

આવા વિધાનોથી શ્રીમદ્જીની વીતરાગત્વ અને ઈશ્વરત્વ વિષયક અધૂરી સમજણ છતી થાય છે. આ સિવાય તેઓએ અનેક લખાણમાં ભક્તિ કરનાર ભક્તોના પરચા પૂરનાર, કઠણાઈ-દુઃખ મોકલીને ભક્તોને સન્માર્ગમાં સ્થિર રાખનાર વગેરે રૂપે ઈશ્વરનું વર્ણન કરેલ છે. શાસ્ત્રની અજ્ઞાનદશાનો જવાબ તો આગળ આપી જ દીધો છે. ઉન્માર્ગપ્રરૂપણાની વાત આગળના ખુલાસામાં આવી જશે.

❋ ❋ ❋

❋ 'તમે મનમાં કદાગ્રહ, પૂર્વગ્રહ રાખીને અકળાતાં નથી' અર્થાત્ કે તમે વર્ષોથી ઘૂંટાયેલ માન્યતા વિરુદ્ધ પણ સાચું તત્ત્વ જાણવા મળે તો તેને તત્કાળ અપનાવવા સદૈવ તત્પર છો એવો આપનો દાવો મને હજુય ખુલાસાઓ લખવા પ્રેરે છે :

***પ્રશ્ન : 'આપ શું માનો છો ... સ્થાન આપી કૃપા કરશો'.***

**ખુલાસો (૮) :**

પ્રશ્નોત્તરી/પ્રશ્ન નં. ૫૧માં અમે એમ કહેલ છે કે - ભૂમિકાના સાચા નિર્ણય માટે શાસ્ત્રમાન્ય ધોરણ જરૂરી અને અનિવાર્ય છે. સમકિતનું શાસ્ત્રીય લક્ષણ દેવ-ગુરુ-ધર્મ તત્ત્વની અભ્રાંત ઓળખ છે - મેં ક્યાંય સમ્યક્ત્વના નિર્ણાયક તરીકે બહિરંગ વેષની વાત કરેલ નથી. તેથી બહિરંગ વેષનો વિકલ્પ, તેના દ્વારા આપત્તિનું આપાદન, સંયમની વ્યાખ્યા વિષયક પ્રશ્ન વગેરેના આપના વિધાનો તદ્દન અપ્રસ્તુત છે.

શ્રીમદ્ રાજચંદ્રની બાબતે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે 'તેઓમાં વૈરાગ્ય, વિદ્વત્તા, ત્યાગ, નિઃસ્પૃહતા વગેરે ઘણાં ગુણો હતાં, છતાંય વિચારોની એકવાક્યતા કે નિર્ણયસ્થૈર્યતા વગેરે ઉપદેશક માટે જે આવશ્યક ગુણો જોઈએ તે તેમનામાં ન હતાં. આના કારણે તેમના અનેક લખાણો પૂર્વાપરવિરોધયુક્ત બન્યા છે. જે વાતનું ભૂતકાળમાં પોતે મંડન કર્યું હોય તે જ વાતનું તેમના દ્વારા ભવિષ્યમાં ખંડન પણ થયેલ છે અને ખંડન થયા બાદ પાછું મંડન પણ થયેલ છે'. અત્રે તેનાં કેટલાંક ઉદાહરણો ટાંકું છું :

(૧) પરમેશ્વરનું સ્વરૂપ બતાવતાં શ્રીમદ્જીએ ૧૭ વર્ષની ઊંમરે **મોક્ષમાળાશિક્ષાપાઠ નં. ૧૩**માં - 'જેઓ અજ્ઞાન, મિથ્યાત્વ, રાગ-દ્વેષ વગેરે અઢારે દોષોથી રહિત હોય તેમને જ પરમેશ્વર મનાય.' અન્યને પરમાત્મા માનવાની વાતનું તેઓએ ખંડન કરેલ છે. જ્યારે ૨૪મા વર્ષે તેઓ પત્રમાં લખે છે કે "ભાગવત્માં વર્ણવેલ લીલાપુરુષ શ્રીકૃષ્ણ પરમાત્મસ્વરૂપ છે".

(૨) <u>પત્રાંક ૨૮</u>માં તેઓશ્રીનું કહેવું છે કે કલિકાલમાં ધર્મપ્રવર્તન કરવા જે ચમત્કારો જરૂરી છે તે મારી પાસે એકત્ર છે અને બીજા નવા ભળતા જાય છે. જ્યારે <u>પત્રાંક ૨૯૦</u>માં 'ચમત્કાર બતાવીને યોગ સિદ્ધ કરવો તે યોગીનું લક્ષણ નથી' એમ કહેલ છે.

(૩) <u>પત્રાંક ૨૭</u>માં તેઓ ચત્રભુજ બેચરભાઈને જણાવે છે કે - "તમે મને ધર્મપ્રવર્તનમાં અગ્રિમ સહાયક બનો તેવી શક્યતા છે. તેથી તમે તમારા જન્માક્ષર મને મોકલશો", સાથે તે જ પત્રમાં "અત્યારે હું સર્વપ્રકારે સર્વજ્ઞ સમાન થઈ ગયો છું", એવું શ્રીમદ્નું કહેવું છે.

(૪) શ્રીમદ્જીની ૨૦ વર્ષની ઊંમરે લખાયેલ <u>પત્રાંક ૨૭</u>નો આશય એ છે કે - મેં, મારે પ્રવર્તાવવાના ધર્મ માટે શિષ્યો અને સભાની સ્થાપના કરેલ છે. શિષ્યના આચારરૂપ સાતસો મહાનીતિઓ પણ એક દિવસમાં રચી દીધેલ છે - જ્યારે ૨૯મા વર્ષે લખેલા <u>પત્રાંક ૭૦૮</u>નો ભાવ - મેં હજુ સુધી કોઈને પણ વ્રત-પચ્ચક્ખાણ આપ્યા નથી કે ગુરુ-શિષ્ય તરીકેનો વ્યવહાર પ્રદર્શિત કર્યો નથી - એવો છે.

(૫) તેઓ ૨૦મા વર્ષે લખે છે કે 'હું બીજો મહાવીર છું. સર્વજ્ઞ સમાન છું'. જ્યારે

૨૩મા વર્ષે તેઓએ <u>પત્રાંક ૧૬૧</u> અને <u>પત્રાંક ૧૬૨</u>માં પોતાની સંદેહયુક્ત સ્થિતિનું અત્યંત હૃદયદ્રાવક વર્ણન કર્યું છે. અરે ! ત્યાં સુધી કે તેવી સંદેહયુક્ત સ્થિતિથી કંટાળી જઈને ઝેર પીને આપઘાત કરવાની વાત પણ તેઓએ કરી છે. શું કરવું ? તે પણ ન સૂઝે તેવી દિગ્મૂઢતારૂપ સ્થિતિના અનુભવની તેમની કબૂલાત છે. શું શ્રીમદ્ રાજચંદ્રના મતે સર્વજ્ઞ થયા પછી ફરી દિગ્મૂઢ કે અસર્વજ્ઞ થઈ શકાય છે ?

૨૪મા વર્ષે તેઓ જણાવે છે કે 'પોતે નિઃસંદેહ જ્ઞાનાવતાર સ્વરૂપ વીતરાગી પુરુષ છે'. ૨૯મા વર્ષે શ્રીમદ્જી ફરી પાછા મહાવીરતુલ્ય સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ થાય છે. આગળ જતાં તેઓને લાગે છે કે 'પોતાનામાં જૈનદર્શનનું કેવળજ્ઞાન નથી. અરે ! જૈનધર્મના ઉપદેશક થવાની પણ યોગ્યતા નથી. માત્ર વેદાંતધર્મને સ્થાપવાની સક્ષમતા પોતાનામાં ઘટે છે'.

આવી બધી બદલાતી માનસિક સ્થિતિઓ તેમના વિચારોની સુબદ્ધતા દર્શાવતી નથી. આપે પૂછાવેલ ઈશ્વરકર્તૃત્વવાદ વિશે પણ આવું જ કાંઈક બનેલ છે.

* * *

*** ખુલાસો (૯) :**

શ્રીમદ્જી ભાવનાબોધ, મોક્ષમાળા, આત્મસિદ્ધિશાસ્ત્ર વગેરે ગ્રંથોમાં ઈશ્વરકર્તૃત્વવાદનું ખંડન કરે છે. જ્યારે બીજા અનેક સ્થળોએ તેનાથી ઠીક વિરોધી વાત પણ કરેલ છે.

**(૧)** <u>**પત્રાંક ૧૫૮**</u>માં "આખું વિશ્વ ભગવાનસ્વરૂપ છે. ભગવાન જ પોતાની ઇચ્છાથી જગતરૂપ થાય છે. અનંતકાળ પહેલાં આ વિશ્વ ભગવાનમાંથી ઉત્પન્ન થયું છે અને ભવિષ્યમાં ભગવાનમાં લય પામી જશે. જડ-ચેતન સર્વ પદાર્થોની ઉત્પત્તિ ભગવાનથી જ થઈ છે. આખા જગતનું સંચાલન કરનાર ભગવાન છે. આ વાત **હું નહીં ખુદ ભગવાને** કહેલી છે" એમ શ્રીમદ્જીનો આશય છે.

**(૨)** <u>**પત્રાંક ૧૫૯**</u>માં આ જ વાત તેઓએ દોહરાવી છે કે - શ્રીમાન હરિ જ જગતને સમેટે છે અને વિસ્તારે છે.

**(૩)** જૈનશાસ્ત્રકારો કહે છે કે 'તીર્થંકરો પૂર્વના ત્રીજા ભવે જગતના સર્વ જીવોને તારવાના પરમોત્કૃષ્ટ મૈત્રીભાવથી મહામહિમાવંત તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે'. જ્યારે શ્રીમદ્જીના <u>**પત્રાંક ૧૮૦**</u>નો આશય એ છે કે - પરમેશ્વર ભવમાં ભટકાવનારા છે. પરમેશ્વર જેને ભવમાં રખડાવતાં હોય તેને ભટકતાં અટકાવવાં તે ઈશ્વરી નિયમનો ભંગ છે'.

**(૪)** અરે ! શ્રીમદ્જીએ જગત્કર્તૃત્વની એટલી દૃઢ શ્રદ્ધા <u>**પત્રાંક ૨૧૮**</u> પર વ્યક્ત કરી છે કે તીર્થંકરોની સર્વજ્ઞતા પર પણ તેઓએ પ્રશ્નાર્થચિહ્ન મૂકી દીધેલ છે ! તેઓના

કહેવાનો ભાવ એ છે કે 'જૈનદર્શનમાં જગતના અધિષ્ઠાનનું વર્ણન નથી તેથી તીર્થંકરો અમને સર્વજ્ઞ જણાતાં નથી. અધિષ્ઠાન વગરના જગતનું વર્ણન પાછળના અનેક આચાર્યોને પણ ભ્રમજનક બન્યું છે. અરે ! જૈનદર્શનરૂપી વહાણ તેના કારણે ખરાબે ચડી ગયેલ છે'.

તેઓનું માનવું છે કે - 'જગતના અધિષ્ઠાનનું વર્ણન તીર્થંકરના શ્રીમુખે વર્ણવેલું હોય તો જ તેઓની મહાપુરુષ તરીકેની ખ્યાતિ અખંડિત ગણાય'. **અધિષ્ઠાનનો અર્થ** તેઓએ પોતે **પત્રાંક ૨૨૦**માં - જગત જેમાંથી ઉત્પન્ન થાય અને લય પામે તે અધિષ્ઠાન - એમ કરેલ છે અને આવા અધિષ્ઠાનરૂપ હરિ ભગવાન છે' તેમ તેઓએ **પત્રાંક ૨૧૮**માં દૃઢપણે જણાવ્યું છે.

આમ, પ્રશ્નોત્તરી/પ્રશ્ન નં. ૫૧નું 'ઈશ્વર સૃષ્ટિનો કર્તા-હર્તા છે તેવી સમજણ તેમના (શ્રીમદ્જીના) વિધાનોમાંથી વ્યક્ત થતી દેખાય છે, જે જૈનશાસ્ત્રવિરુદ્ધ છે' તેવું મારું વિધાન જરાય ખોટું નથી.

❋ ❋ ❋

❋ **પ્રશ્ન : *'આપે માર્ગાનુસારીના ગુણના ... સમજાય એમ છે.'***

**ખુલાસો (૧૦) :**

માર્ગાનુસારી ગુણોના બે વિભાગ અને ટૂંકી વ્યાખ્યા તો **પ્રશ્ન નં. ૫૨**માં જ જણાવી દીધેલ છે. બાકી તે સ્થાને વિષયાંતરરૂપ હોવાથી લાંબો વિસ્તાર કે વિવેચન કરેલ નથી. નિરૂપણમાં ક્યાં કઈ બાબતનો વિસ્તાર કરાય અને શેનો સંક્ષેપ કરાય તે માટે ઉપોદ્ઘાતસંગતિ, પ્રસંગસંગતિ વગેરે ચોક્કસ ધારાધોરણ શાસ્ત્રમાં આપેલ છે. તે વાંચવા તમને ખાસ ભલામણ છે, જેથી આ પ્રશ્ન રહેવા પામશે નહીં.

**ખુલાસો (૧૧) :**

આત્મસિદ્ધિશાસ્ત્રમાં માર્ગાનુસારીથી આગળના ગુણોનું વર્ણન હોવા બાબતે મેં કોઈ જ વાંધો વ્યક્ત કરેલ નથી. તેથી 'તટસ્થપણે મતાગ્રહ વગર વિચારતાં સ્હેજે સમજાશે', તેવું તમારું મહામૂલું સૂચન અમને કોઈ ઇષ્ટપ્રાપ્તિ કરાવતું નથી.

❋ ❋ ❋

❋ **પ્રશ્ન : *'એમના વૈરાગ્ય અને કદાગ્રહ ... આપનું ભવિતવ્ય)'***

**ખુલાસો (૧૨) :**

દેશ કે કાળથી દૂર રહેલ વ્યક્તિનો જો સામાન્ય જ્ઞાનીને પરિચય કરવો હોય તો તેના માટે આલંબન મુખ્ય ત્રણ બાબતો બની શકે : (૧) તે વ્યક્તિનું ચિત્ર વગેરે, (૨)

તે વ્યક્તિનું પ્રાપ્ત પ્રામાણિક જીવનચરિત્ર, (૩) તે વ્યક્તિનો ઉપદેશ કે લખાણ.

તેમાં ત્રીજું આલંબન મહત્ત્વનું અને નિઃસંદેહ નિર્ણાયક તરીકે ગણાય છે. અમને મહાવીર કે ગૌતમબુદ્ધ, હરિભદ્રસૂરિ કે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ વગેરેનો પરિચય તેમના વચનો દ્વારા જ થયેલો છે. કોઈને હું પ્રત્યક્ષ મળવા ગયેલ નથી. તેમ શ્રીમદ્જીનો પણ પરિચય મને તેમના લખાણો દ્વારા જ થયેલ છે. તે પરિચય કરતાં લાગ્યું કે 'આંખ મીંચીને અપનાવી લેવા જેવું શ્રીમદ્જીનું વ્યક્તિત્વ નથી'.

તેઓ જેમ અનેક સ્થાનોમાં એકદમ સ્પષ્ટ અને પ્રશંસાપાત્ર છે તેમ અમુક સ્થાનોમાં તદ્દન દિશાશૂન્ય પણ છે જ. આ અભિપ્રાયથી પૂછાયેલ પ્રશ્નનો જવાબ આપેલ છે, તેથી 'મેં પરિચય વગર અભિપ્રાય આપ્યો છે' તેવું તમારું માનવું ભૂલભરેલ છે.

❊ ❊ ❊

શ્રીમદ્જીનો ત્યાગ, વૈરાગ્ય પ્રશંસનીય હતો, સાધક જીવોમાં પણ જવલ્લે જ જોવા મળે તેવી તેમની બાહ્ય કઠોર સાધના હતી. તેમના કેટલાંય વચનો એવી જીવંતતાવાળા છે કે 'જેને વાંચતાં અત્યારે પણ અમારી રોમરાજી વિકસ્વર થઈ જાય છે અને હૃદય સર્વજ્ઞશાસન પ્રત્યેના અહોભાવથી ગદ્ગદ થઈ જાય છે.' તેઓના જ્ઞાનનો પ્રભાવ ગાંધીજી ઉપર પણ પડેલ હતો. તે બધી બાબતો માનવામાં મને કોઈ સંકોચ નથી.

પરંતુ જ્યાં તેમનું વચન પણ જિનવચનથી વિરુદ્ધ હોય ત્યાં ખંડન કરવાનું પણ અમારે આવે.

અમારું માનવું છે કે, જૈનશાસનને પામેલા પ્રત્યેક જૈનનું કર્તવ્ય છે કે 'તેઓએ જિનવચનને સર્વોત્કૃષ્ટ રીતે શિરોધાર્ય કરવું જોઈએ'. ગમે તેવા જ્ઞાની, પ્રભાવશાળી, ચમરબંધીનું વચન હોય તોપણ જો જિનવચન સામે આવે તો તેને ફગાવી દેતાં એક પળનોય વિલંબ જૈનને મંજૂર ન હોય. આ વાત આપ પણ અવશ્ય સ્વીકારશો, બાકી તો જો તમને **જિનવચન કરતાં શ્રીમદ્વચન** વધારે શ્રદ્ધેય હોય તો જેવું આપનું ભવિતવ્ય.

❊ ❊ ❊

**પ્રશ્ન : *'ભગવાન મહાવીર સંબંધમાં ... ઊંડાણમાં ઊતરવું પડશે'.***

**ખુલાસો (૧૩) :**

મારી પ્રશ્નોત્તરી પુસ્તક **પ્રશ્ન - ૫૨**માં જે પ્રભુવીરના જન્મ-કલ્યાણકના વરઘોડાની વાત રજૂ થઈ છે તે મેં શ્રીમદ્ રાજચંદ્રના જીવન પ્રસંગોનું આલેખન કરનાર કોઈ પુસ્તકમાં જ વાંચી હતી. પરંતુ આ વાતને અનેક વર્ષો વીતી જવાને કારણે મને તે પુસ્તકના નામ

વગેરે યાદ નથી. તેથી તેનો સ્થાનનિર્દેશ કરી શકેલ નથી. પરંતુ એટલું ચોક્કસ છે કે, શ્રીમદ્જીના મુખેથી આવા વિધાનો નીકળવા અસંભવિત છે તેવું માનવાને કોઈ કારણ નથી. કારણ કે સત્યમાર્ગના જાણકાર એકમાત્ર પોતે છે અથવા તો વીતરાગી, સર્વજ્ઞ, બીજા મહાવીર અરે ! મહાવીરથી પણ ઉપરરૂપે શ્રીમદ્જીએ પોતાના વ્યક્તિત્વનું ચિત્રણ કરેલ છે. તે જ આ બાબતે બોલતો પુરાવો છે.

(૧) **પત્રાંક ૨૭**માં શ્રીમદ્જીનો આશય એ છે કે - હું બીજો મહાવીર છું. દશ વિદ્વાનોએ મારા ગ્રહ જોઈને મને પરમેશ્વર ઠરાવ્યો છે. મહાવીરે ભૂતકાળમાં જે ધર્મ સ્થાપ્યો છે તે ધર્મ મારો જ ધર્મ હતો. તે મારો ધર્મ મહાવીરે કેટલાક અંશે ચાલુ કરેલ. હવે તે માર્ગને ગ્રહણ કરીને હું શ્રેષ્ઠ ધર્મ સ્થાપીશ - (અર્થાત્ મહાવીર પણ મારો ધર્મ આંશિક જ સ્થાપી શકેલ છે. અધૂરા સ્થપાયેલા તે ધર્મને હું પૂર્ણરૂપે સ્થાપીશ.)

'અમે આખી સૃષ્ટિને એક નવા જ રૂપમાં ફેરવી દઈશું', આવા તો લાખો વિચારો તેમને આવતાં હતાં.

(૨) **પત્રાંક ૨૮**માં - પોતાનું નવું દર્શન પ્રવર્તાવવાની ભાવના વ્યક્ત કરેલ છે.

(૩) **પત્રાંક ૧૬૭**માં - પોતાની આત્મિક દશા નિઃસંદેહ જ્ઞાનાવતાર પુરુષો અને વ્યવહારમાં બેઠેલા વીતરાગીરૂપે વર્ણવેલ છે. સાથે કબીરપંથીઓ પર પોતાની જ્ઞાનાવતાર પુરુષરૂપે પ્રભાવ, ભક્તિ કે છાપ ઊભી કરવાનું પોતાના અનુયાયીને સિફતપૂર્વક મોઘમ સૂચન કરેલ છે.

(૪) **પત્રાંક ૧૭૦**માં - તીર્થંકરો જે સમજ્યા કે પામ્યા તે આ કલિકાલમાં ન સમજાય કે ન પમાય એવું કાંઈ જ નથી. આ મારો ઘણા વખતનો નિર્ણય છે - એવા ભાવનું કથન છે.

(૫) **પત્રાંક ૬૮૦**માં - પોતાના પર ખુદ પરમેશ્વરની પ્રસન્નતાની પણ નિષ્ફળતા પ્રદર્શિત કરેલ છે. સાથે શ્રીમદ્જીનો દાવો છે કે, અમે આ કાળના વિદ્યમાન મહાવીર છીએ, દુઃખ સંતાપને શમાવનારા અમૃત-સાગરરૂપ છીએ. કલ્યાણદાયક સાક્ષાત્ કલ્પવૃક્ષ તુલ્ય છીએ. ભૂતકાળના મહાવીરને ભૂલી તમે બધા મારા શરણે આવો તેવું પરમકારુણ્યવૃત્તિપૂર્વક તેમનું મુમુક્ષુ જીવોને આમંત્રણ છે. સાથે 'પોતાને ભૂલીને જો ભૂતકાળના મહાવીરને શોધવા મથશો તો તમને માત્ર નિષ્ફળ શ્રમ પ્રાપ્ત થશે' તેવી ચેતવણી પણ આપેલ છે.

ઉપરોક્ત વિધાનોની સાપેક્ષતા જણાવનારું કોઈ નવું ઊંડાણ તમને પ્રાપ્ત હોય તો અવશ્ય જણાવશો.

* * *

**ખુલાસો (૧૪) :**

'પરમાત્મતુલ્ય દશા પ્રાપ્ત કરવી એ જ જૈનદર્શનનું લક્ષ્ય છે' એ તમારી વાત અમારે મન અધૂરી છે, અમે તો એમ કહીએ છીએ કે, 'જિનશાસનની આરાધના-સાધનાનું લક્ષ્ય માત્ર પરમાત્માતુલ્ય બનવું તે નથી, પરંતુ પરમાત્મારૂપે જ બની જવું - ખુદ પરમાત્મા જ બની જવું તે છે'.

વળી, પરમાત્માતુલ્ય બનવાની ભાવના ભાવવી તે ભયંકર નથી, પરંતુ તે ભાવનાના મિથ્યા આવેગમાં ઘસડાઈ જઈ, રાગ-દ્વેષ અને અજ્ઞાન-ગ્રસ્ત પોતાના વાસ્તવિક વ્યક્તિત્વને ભૂલી જઈ, પોતાને સર્વજ્ઞ તીર્થંકર, સિદ્ધરૂપ કહેવું તે અતિભયંકર જ છે.

ફરી એકવાર શરૂઆતની વાત દોહરાવું છું કે **'અમને શ્રીમદ્જી પર અંગત દ્વેષ કે નિંદા કરવાનો લેશમાત્ર ભાવ નથી. એમની જિનવચન અનુસારી વાતો અમે અંતરના બહુમાનપૂર્વક સ્વીકારીએ છીએ. છતાંય વાસ્તવિકતા હોવાથી શ્રીમદ્જીના સાહિત્યમાં સૌ કોઈ મુમુક્ષુઓ ક્ષીર-નીરનો વિવેક કરી સાચું સત્ય ગ્રહણ કરે અને જિનવચનવિરુદ્ધ ગણીને ખોટી વાતોનો ત્યાગ કરે'** એ જ પ્રવચન કે પત્ર લખવા પાછળનો મૂળભૂત ઉદ્દેશ છે.

પ્રાંતે તમે સામે ચાલીને પ્રશ્નાવલીની શરૂઆત કરી, તેથી અતિવ્યસ્તતા વચ્ચે પણ સમય ફાળવીને તમારા પ્રશ્નોનો વિસ્તારપૂર્વક સંતોષજનક સમાધાન આપવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. હવે તમારી ફરજ છે કે, આની સામેના કોઈ વજૂદવાળા યોગ્ય પ્રત્યુત્તરો તમારી પાસે હોય તો તે અવશ્ય મોકલશો અને ન હોય તો સત્યના સ્વીકારનો પ્રતિપત્ર અવશ્ય પાઠવશો. અન્યથા અમે સમજીશું કે, તમને જેટલી બીજાને સત્ય સમજાવવાની મહેચ્છા છે તેટલી પોતાને સત્ય સમજવાની આતુરતા નથી.

જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈપણ નિરૂપણ થયું હોય તો હાર્દિક મિચ્છામિ દુક્કડં.

દ. આચાર્ય યુગભૂષણ
સૂરિ.

અમે મોકલાવેલ ઉત્તરના અનુસંધાનમાં

# 'શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'

દ્વારા

પ્રાપ્ત થયેલ

# દ્વિતીય પત્ર

॥ સહજાત્મ સ્વરૂપ પરમગુરૂ ॥

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સમિતિ - સંચાલીત

# શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર

ટ્રસ્ટ રજી. નં. એફ - ૧૭૭૭૯ (મુંબઇ) ■ સોસાયટી રજી. નં. મુંબઇ ૮૨૮ / ૧૯૯૫

**સાધના કેન્દ્ર :**
સર્વે નં. ૩૧૯, રાજનગર,
સમ્રાટ હોટલની પાછળ,
ભુજ ગાંધીધામ હાઈવે,
કુકમા, ભુજ - કચ્છ. ૩૭૦ ૧૦૫.
ટે. નં. (૦૨૮૩૨) ૭૧૨૧૯
ફોન 02832-324806, 289349

**મુંબઇ ઓફીસ :**
C/o. રસીકલાલ વસનજી શાહ
બી/૨, રૂણવાલ શોપીંગ સેન્ટર,
પ્લોટ નં. ૪૨, ૧૫ મો રસ્તો,
ચેમ્બુર, મુંબઇ - ૪૦૦ ૦૭૧.
ટે. નં. ૫૨૮૪૫૫૨, ૫૨૮૧૨૭૦

તારીખ :

આદરણીય પૂ. શ્રી વિજય યુગભૂષણ સૂરી મા. સાહેબ,

વંદન સહિત જણાવાનું કે આપે અતિ વ્યસ્તતા વચ્ચે પણ અમુલ્ય સમય કાઢીને અમારા પત્રનો વિગતવાર ઉત્તર આપવાનો શ્રમ કર્યો તે બદલ અમે આપશ્રીના ખૂબ ખૂબ આભારી છીએ.

આપશ્રી એ શ્રીમદ્જીના ઘણાજ ગુણોની પ્રશંસા કરી એમના અમુક વચનામૃતને શાસ્ત્રના વચનોથી તુલના કરી શાસ્ત્રવચનોથી અલગ પડે છે એમ બતાવ્યું તે બતાવે છે કે આપે નિષ્પક્ષતાથી મુલ્યાંકન કરવાનો પ્રયત્ન કર્યો છે વળી આપ શ્રીમદ્જીને જેવા છે તેવા જ જાણો છો એમ બતાવવાનો પણ પ્રયત્ન કર્યો છે.

સાહેબજી, પરંતુ આપશ્રી શ્રીમદ્ના વચનોને શાસ્ત્રની તુલાપર તોળો છો, જ્યારે અમે એમના અનુયાયીઓ અમારી શ્રદ્ધાથી એમના વચનપર વિશ્વાસ કરીએ છીએ; કારણ કે અમે વિશ્વના અનેક વિદ્વાનો, શાસ્ત્રજ્ઞો, પંડિતોની જેમ એમને "જ્ઞાની" માનીએ છીએ. આમ આપશ્રીના અને અમારા મુલ્યાંકનના દ્રષ્ટિકોણ જ જુદા પડે છે. તેથી આ પ્રશ્નો અને ખુલાસાઓ વિવાદ કે શાસ્ત્રાર્થ નું રૂપ પકડે તે પહેલાં એને સમાપ્ત કરવા ઇચ્છીએ છીએ કારણ કે એનો અંત નથી.

અંત એટલા માટે નથી કારણકે જૈનના જ (વેદાંત ના નહિ) દિગંબર-શ્વેતાંબરના શાસ્ત્રોના ઘણા વચનોમાં ભિન્નતા જોવા મળે છે. દા. ત., આપશ્રી જણાવો છો કે ૧૧મા ગુણસ્થાનકેથી પડેલો એજ ભવે મુક્તિ પામે અથવા અનંત ભવ પણ રખડે. શ્રીમદ્જીએ ૩ થી ૧૫ ભવ કહ્યા માટે એમને શાસ્ત્રનું જ્ઞાન ન હતું એમ આપે પ્રતિપાદન કર્યું છે. હવે દિગંબર શાસ્ત્રો તિર્થંકરની માતાને ૧૬ સ્વપ્ન આવે એમ કહે છે, જ્યારે શ્વેતાંબરો ૧૪ સ્વપ્નની વાત કરે છે. શ્વેતાંબરો ૬૪ ઈન્દ્ર પ્રભુની સેવા કરે એમ કહે છે,જ્યારે દિગંબરો ૧૦૦ ઈન્દ્રો કહે છે. વળી આપે જણાવ્યું તેમ શ્વેતાંબર શાસ્ત્રો અપુનર્બંધક પદથી મોક્ષની શરૂઆત માને છે-દિગંબરો ૪થા ગુણસ્થાનકથી. તો આ બન્ને શાસ્ત્રોમાંથી સાચું કયું માનવું? આમ શાસ્ત્રોના વિવાદનો અંત જ નથી.તેથી અમે શ્રીમદ્ના અનુયાયીઓ શ્રીમદ્જીની આજ્ઞા પ્રમાણે "આત્મા ને કલ્યાણકારી શું?" એના લક્ષથી પુરૂષાર્થ કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

અમેતો આચારંગ સૂત્રના "एगम जाणई सो सव्वं जाणई" -"આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું" ના સિધ્ધાંતને માનીએ છીએ. શ્રીમદ્જી એ આત્મા જાણ્યો છે, અનુભવ્યો છે, એટલે તેઓ બધું જ જાણે છે; એમનું જ્ઞાન સમ્યક્ છે, એમ માની એમની આજ્ઞ અનુસાર ચાલીએ છીએ- आणाए धम्मो आणाए तवो" એ માર્ગે ચાલીએ છીએ.

અમને એમ લાગે છે કે શ્રીમદ્જી આજ અપેક્ષાથી બધું જાણનાર-સર્વજ્ઞ તુલ્ય-હોવાની વાત કહેતા હશે. શ્રીમદ્જી સંપૂર્ણ પણે પ્રામાણિક હતા એ તો આપ જાણો જ છો. (જેવી એમની માન્યતા હતી; કે પાછળથી બદલતી; તેવી એમના કોઈ મુમુક્ષુને પત્ર દ્વારા, મૌખિક કે પછી પોતાની હાથનોંધમાં જણાવતાં) માટે જ કદાચ તેમણે 'જેમ મહાવીરે આત્મા જાણ્યો, અનુભવ્યો તેવો જ આત્મા અમે પણ જાણ્યો, અનુભવ્યો માટે "અમે બીજા મહાવીર છીએ" એમ કદાચ લખ્યું હશે એમ અમે માનીએ છીએ. શ્રી હેમચંદ્રાચાર્યને પણ સંઘે "કળિકાળ સર્વજ્ઞ"ની પદવી આપેલી- જે એમણે એ અપેક્ષાએ સ્વીકારી હશે કે સમ્યક્દ્રષ્ટિ ધર્માત્માને અંશે આત્મા અનુભવ થતાં જેટલો પરિણમન રૂપ છે તેટલો આત્મા અનુભુતિસ્વરૂપ છે. બાકી શ્રદ્ધા અપેક્ષાએ સર્વજ્ઞ

॥ સહજાત્મ સ્વરૂપ પરમગુરુ ॥

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સમિતિ - સંચાલીત

# શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર

ટ્રસ્ટ રજી. નં. એફ - ૧૭૭૭૯ (મુંબઈ) ■ સોસાયટી રજી. નં. મુંબઈ ૮૨૮ / ૧૯૯૫

**સાધના કેન્દ્ર :**
સર્વે નં. ૩૧૬, રાજનગર,
સમ્રાટ હોટલની પાછળ,
ભુજ ગાંધીધામ હાઈવે,
કુકમા, ભુજ - કચ્છ. ૩૭૦ ૧૦૫.
ટે. નં. (૦૨૮૩૨) ૭૧૨૧૯ [illegible]

**મુંબઈ ઓફીસ :**
C/o. રસીકલાલ વસનજી શાહ
બી/૨, રૂણવાલ શોપીંગ સેન્ટર,
પ્લોટ નં. ૪૨, ૧૫ મો રસ્તો,
ચેમ્બુર, મુંબઈ - ૪૦૦ ૦૭૧.
ટે. નં. ૫૨૮૪૫૫૨, ૫૨૮૧૨૭૦


તારીખ :

એવો આત્મા ખ્યાલમાં આવે છે. અહી ત્રણે લોકને જાણનાર એવા અર્થમાં સર્વજ્ઞ શબ્દનો ઉપયોગ ન કરતાં શ્રીમદ્જીએ શ્રદ્ધા અપેક્ષાએ એટલે કે જેણે આત્મા જાણ્યો એણે સર્વ જાણ્યું એ અપેક્ષાએ સર્વજ્ઞ શબ્દ પ્રયોજ્યો હશે. અને શ્રીમદ્જીએ તો આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા ૧૩૫માં "સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય" એમ કહ્યું છે. વળી ગાથા ૧૧૭માં તેઓશ્રી સૌ જીવોને "શુધ્ધ, બુધ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ", માને છે. અને કહે છે "કર વિચાર તો પામ". બસ આપણે "સાચું સમજી" શકતા નથી અને "સાચું વિચારી" નથી શક્તા એજ આપણો problem છે. (જે દિવસે આપશ્રી પણ "અમે બીજા મહાવીર છીએ" એમ આપના કોઇ શિષ્ય કે શ્રાવકને લખાવશો કે જણાવશો એ દિવસ અમારો પણ ધન્ય દિવસ હશે). આમ શાસ્ત્ર અને શ્રધ્ધાની ભિન્નતાને લીધે લગભગ બધાજ પ્રશ્નના ખુલાસાઓ આવી જતાં હશે એમ અમે માનીએ છીએ.

હા, આપશ્રીનો એક ખુલાસો શ્રી કૃષ્ણને પરમાત્મા માનવા વિષેનો છે, તો એ બાબતમાં જવાબની અપેક્ષા વગર એક પ્રશ્ન અમને ઉદ્‌ભવે છે કે, મહાપુરાણ ગ્રંથમાં લગભગ ૨૦૦૦ વર્ષો પુર્વે આચાર્યોએ જેમને તિર્થંકર માન્ય કર્યા છે અને જેમની ઉદયપુરના એક દેરાસરજીમાં તિર્થંકર રૂપે પ્રતિમાજી પણ છે એવા શ્રી કૃષ્ણના મુખેથી આવેલા ભગવદ્‌ગીતાના ઘણા શ્લોકો આત્મજ્ઞાની, શ્રીમદ્ યશોવિજયજી મહારાજ સાહેબે "અધ્યાત્મસાર" જેવા પવિત્ર જૈન શાસ્ત્રમાં જેમ છે તેમ શબ્દો બદલાવ્યા વગર શા માટે નાખ્યા હશે? "સજ્જન ને શરમ આવે તેવી લીલાઓ કરનાર કૃષ્ણનાં" વચનો આત્મજ્ઞાન પ્રાપ્ત, અતિ વિદ્‌વાન, જેમણે પોતે સંસ્કૃત અને ગુજરાતીમાં અનેક ગ્રંથો લખ્યા એવા શ્રી યશોવિજયજી મહારાજ સાહેબને એ ગ્રંથમાં સમાવવાની શી જરૂર પડી હશે?

હશે, પ્રશ્નો અને ખુલાસાઓનો અંત જ નથી. પણ આપણે હવે એ સિલસિલો અહીજ સમાપ્ત કરીએ. અમારી શ્રદ્ધા અમારી પાસે, આપની આપની પાસે અને જગતની શ્રદ્ધા જગત પાસે. આતો અમને શ્રીમદ્જી પ્રત્યે અનન્ય ભક્તિ છે તેથી આપના પુસ્તકમાં એમના વિષે કેટલાક અપ્રશસ્તિકર વાક્યો જોઇ પત્ર લખવાની ચેષ્ટા અમે કરી (અને એ સ્વાભાવિક જ છે). પરંતુ તેની પાછળ આપના જેવા સમર્થ વિદ્વાન, તત્વજ્ઞ શાસ્ત્રજ્ઞને "ચેલેંજ" કરવાનો કોઇ ઇરાદો જરાપણ હતો જ નહી. પરંતુ અમે અને વિશ્વના અનેક વિદ્વાનો, પંડિતો જેમને સંપુર્ણ જ્ઞાની માને છે એમની કોઇ પ્રકારે જાણતાં-અજાણતાં અશાતના ન થાય એ આશય જ માત્ર હતો.

અમને એ વાતનો સંપૂર્ણ વિશ્વાસ અને આનંદ છે કે આપશ્રી શ્રીમદ્જી પ્રત્યે કોઇ દ્વેષ ધરાવતા નથી જ. એટલું જ નહિં એમના ઘણા ગુણોની આપે ખરા હૃદયથી પ્રશંસા પણ કરી છે. બસ ફરક માત્ર "શ્રધ્ધા અને શાસ્ત્ર" નો જ છે. તેથી અપશ્રીને વંદન કરી આ પત્ર સમાપ્ત કરીએ છીએ પરંતુ તે પહેલાં આપશ્રીને અમે હાર્દિક આમંત્રણ આપીએ છીએ કે આપશ્રી કચ્છ-ભુજ બાજુ વિહાર કરો તો ભુજથી માત્ર ૮॥ કિ. મી. દૂર રાજનગર - કુકમા ગામમાં શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્રમાં જરૂરથી પધારશો. અહિં સંકુલમાં ઉપાશ્રય પણ છે જ્યાં ઘણા સાધુ-સાધ્વીજી નાં પગલાં થયાં છે અને થાય છે. આપશ્રી પણ પધારીને અમારા કેન્દ્રને પાવન કરશોજી એજ નમ્ર પ્રાર્થના સાથે વિરમીએ.

પત્ર દ્વારા કે વ્યક્તિગત મુલાકાત માં આપનું હૃદય દુભાયું હોય એવું કોઇ વચન કે આચરણ અમારાથી કે અમારા પ્રતિનિધિઓથી થયું હોય તો અમારી સંસ્થા વતિ હૃદય પૂર્વક મિચ્છામિ દુક્કડમ્.

લિ. શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર વતિ,

[signature]

ના જય જીનેન્દ્ર- જય પ્રભુ

તા. ક. :- આ પત્ર સાથે આ ચર્ચા વિરામ પામે છે.

જેને સામે રાખીને પ્રસ્તુત પત્ર લખાયો છે તે

## સંદર્ભ ગ્રંથસૂચી


| | | |
|---|---|---|
| १. | **अष्टकप्रकरण टीका** | जैन ग्रंथ प्रकाशक सभा, अमदावाद |
| २. | **सम्यक्त्वस्तव प्रकरण - अवचूरि** | जैन धर्म प्रकाशक सभा, भावनगर |
| ३. | **उपदेशपद महाग्रन्थ सटीक** | मुक्तिकमल जैन मोहनमाळा, वडोदरा |
| ४. | **धर्मपरीक्षा टीका** | अंधेरी गुजराती जैन संघ, मुंबई |
| ५. | **नंदीसूत्र टीकोपरि टिप्पण** | प्राकृत ग्रंथ परिषद, अमदावाद |
| ६. | **बृहत्कल्पसूत्र टीका** | आत्मानंद जैन सभा, भावनगर |
| ७. | **योगसार** | जैन साहित्य विकास मंडळ, मुंबई |
| ८. | **विशेषावश्यकभाष्य मूल** | दिव्यदर्शन ट्रस्ट, कलिकुंड |
| ९. | **शास्त्रवार्त्ता समुच्चय टीका** | दिव्यदर्शन ट्रस्ट, कलिकुंड |
| १०. | **कर्मस्तवनामा द्वितीय कर्मग्रंथ** | भारतीय प्राच्य तत्त्व प्रकाशन, सिरोही रोड (राज.) - मुंबई |
| ११. | **सप्ततिकानाम षष्ठ कर्मग्रन्थ टीका** | भारतीय प्राच्य तत्त्व प्रकाशन, सिरोही रोड (राज.) - मुंबई |
| १२. | **श्रीमद् राजचंद्र** | श्रीमद् राजचंद्र आश्रम, अगास |


**ખાસ ધ્યાનમાં લેશો :**

*અગાસ આશ્રમથી છપાયેલ શ્રીમદ્ રાજચંદ્રજીના પોતાના હાથે લખેલ પત્રોના સંગ્રહરૂપ* 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તકના જ તે-તે વિભાગો (કાના-માત્રાના ફેરફાર વગર, જેવા છે તેવા) સીધા ફોટોકોપીરૂપે પ્રસ્તુત પુસ્તકમાં સંદર્ભ તરીકે રજુ કરેલ છે.

## 'શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ને
## અમારા દ્વારા અપાયેલ

# પ્રથમ
# પત્રનો
# ઉત્તર
# (સંદર્ભો સહિત)

ધર્માનુરાગી શ્રાવક શ્રી રસિકલાલ વસનજી શાહ યોગ્ય ધર્મલાભ.

સાધનાકેન્દ્ર દ્વારા મોકલેલ તમારો પત્ર પ્રાપ્ત થયો. મારી પ્રવચનની "પ્રશ્નોત્તરી પુસ્તક" બાબત તમારા પ્રશ્નો વાંચ્યા. યથાયોગ્ય ખુલાસાઓ પણ વિગતવાર પત્ર દ્વારા મોકલું છું. તે નિરાગ્રહપૂર્ણ દૃષ્ટિપૂર્વક અવશ્ય ધ્યાનમાં લેશો.

પ્રથમ તો એ વાત સ્પષ્ટ કરી દઉં કે "શ્રીમદ્જીનું બધું જ લખાણ મિથ્યા કે શાસ્ત્રવિરુદ્ધ છે, એમાં જરાય સત્યનો અંશ નથી" એવું પ્રવચનમાં ક્યાંય નિરૂપાયેલ નથી. **પ્રશ્ન નં. ૪૯**માં જ અમે કહ્યું છે કે – શ્રીમદ્જીના લખાણમાં તત્ત્વની વાતો અને વૈરાગ્ય પીરસાયેલ છે – (પ્રશ્ન નં. ૫૦માં) – સાચું ગમે ત્યાં હોય તેને અપનાવવા અમો કાયમ તૈયાર છીએ – અન્યદર્શનની પણ જો સાચી વાત સ્વીકારવાની અમારી તૈયારી હોય તો જૈનદર્શન અંતર્ગત ફાંટાની સાચી વાતને અમે અવશ્ય આવકારીશું. માત્ર મારી વાત એટલી જ છે કે "શ્રીમદ્ રાજચંદ્ર એ કહેલું બધું જ સાચું, તેમના બધાં જ વિધાનો બ્રહ્મવાક્યો કે જિનવચનાનુસાર કોઈ માનતા હોય તો તેનો મેં નિષેધ ફરમાવેલ છે".

તેમના લખાણનો અભ્યાસ કરનાર કોઈપણ જૈન તટસ્થ વિદ્વાનને એટલું તો અવશ્ય કહેવું પડે કે "શાસ્ત્રોના ઊંડા બોધના અભાવે અથવા તો ભૂતકાળની ઊંધી માન્યતાની ઊંડે ઊંડે મનમાં રહેલી છાપને કારણે શ્રીમદ્જીના ઘણા વિધાનો મુમુક્ષુને ભ્રમ કરાવનાર, અરે ! ઉન્માર્ગે દોરી જનાર બની શકે છે. માટે આત્મકલ્યાણના ઇચ્છુક મુમુક્ષુઓએ તેમના સાહિત્યને શાસ્ત્રપૂત દૃષ્ટિથી વિભાગ કરી – છટણી કરી વાંચવું જોઈએ".

* * *

* **પ્રશ્ન :** ***"[૧]તેઓ જન્મે જૈનેતર ... કર્મે જૈન થઈ શકાય ?"***

**ખુલાસો (૧) :**

સમુચ્ચય વયચર્યામાં શ્રીમદ્જીનું કહેવું છે કે – તેઓના દાદા કૃષ્ણભક્ત હતા, શ્રીમદ્જીને પણ બાલ્યવયમાં શ્રીકૃષ્ણ પ્રત્યે આદર, ભક્તિ, બહુમાન હતાં. અરે ! તેમને મન શ્રીકૃષ્ણ સાચા પરમાત્મા હતા. વૈદિક–દર્શનના જગત્કર્તૃત્વવાદ પ્રત્યે તેમને

---

૧. તેઓ જન્મે જૈનેતર હતા એમ ન કહી શકાય. એમનું કુટુંબ કુળધર્મે સ્થાનકવાસી જૈન શ્વેતાંબર સંપ્રદાય માં હતું. મૂળ મોરબી અને પાછળથી વવાણિયા જઈ વસ્યુ હતું. છતાં અમને પ્રશ્ન થાય છે કે બેક્ગ્રાઉન્ડમાં જૈન કોને કહેવું?
જૈન માં જન્મેલાને કે જૈન સંસ્કારપ્રાપ્તને? જન્મે જૈન ન હોય એ પરિણામથી જૈન થઈ શકે? પૂર્વ સંસ્કારે જૈનનાં લઈ પછી કર્મે જૈન થઈ શકાય?
('શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ના પ્રથમ પત્રનો અંશ)

ભારોભાર શ્રદ્ધા હતી. તેના કારણે જૈનદર્શન પ્રત્યે દ્વેષ પણ હતો. અલબત્ત, પાછળથી સાચું સમજાયાનો એકરાર પણ તેમણે કરેલ છે – તેથી શ્રીમદ્જી બેકગ્રાઉન્ડ્માં નોનજૈન હતાં તે વાતને આધારસહિતની ગણી શકાય છે.

૮૯ મુંબઈ, કારતક સુદ ૧૫, ૧૯૪૬

સમુચ્ચયવયચર્યા

... ... ... સ્વાભાવિક સૃષ્ટિરચના પર મને બહુ પ્રીતિ હતી.

મારા પિતામહ કૃષ્ણની ભક્તિ કરતા હતા. તેમની પાસે તે વયમાં કૃષ્ણકીર્તનનાં પદો મેં સાંભળ્યાં હતાં; તેમ જ જુદા જુદા અવતારો સંબંધી ચમત્કારો સાંભળ્યા હતા, જેથી મને ભક્તિની સાથે તે અવતારોમાં પ્રીતિ થઈ હતી, અને રામદાસજી નામના સાધુની સમીપે મેં બાળલીલામાં કંઠી બંધાવી હતી; નિત્ય કૃષ્ણના દર્શન કરવા જતો; વખતોવખત કથાઓ સાંભળતો; વારંવાર અવતારો સંબંધી ચમત્કારમાં હું મોહ પામતો અને તેને પરમાત્મા માનતો, જેથી તેનું રહેવાનું સ્થળ જોવાની પરમ જિજ્ઞાસા હતી. તેના સંપ્રદાયના મહંત હોઈએ, સ્થળે સ્થળે ચમત્કારથી હરિકથા કરતા હોઈએ અને ત્યાગી હોઈએ તો કેટલી મજા પડે? એ જ વિકલ્પના થયા કરતી; તેમ જ કોઈ વૈભવી ભૂમિકા જોતો કે સમર્થ વૈભવી થવાની ઇચ્છા થતી; 'પ્રવીણસાગર' નામનો ગ્રંથ તેવામાં મેં વાંચ્યો હતો; તે વધારે સમજ્યો નહોતો; છતાં સ્ત્રી સંબંધી નાના પ્રકારનાં સુખમાં લીન હોઈએ અને નિરુપાધિપણે કથાકથન શ્રવણ કરતા હોઈએ તો કેવી આનંદદાયક દશા, એ મારી તૃષ્ણા હતી. ગુજરાતી ભાષાની વાચનમાળામાં જગતકર્તા સંબંધી કેટલેક સ્થળે બોધ કર્યો છે તે મને દૃઢ થઈ ગયો હતો, જેથી જૈન લોકો ભણી મારી બહુ જુગુપ્સા હતી; બનાવ્યા વગર કોઈ પદાર્થ બને નહીં માટે જૈન લોકો મૂર્ખ છે, તેને ખબર નથી. તેમ જ તે વેળા પ્રતિમાના અશ્રદ્ધાળુ લોકોની ક્રિયા મારા જોવામાં આવતી હતી, જેથી તે ક્રિયાઓ મલિન લાગવાથી હું તેથી બીતો હતો, એટલે કે તે મને પ્રિય નહોતી.

જન્મભૂમિકામાં જેટલા વાણિયાઓ રહે છે, તે બધાની કુળશ્રદ્ધા ભિન્ન ભિન્ન છતાં કંઈક પ્રતિમાના અશ્રદ્ધાળુને જ લગતી હતી, એથી મને તે લોકોનો જ પાનારો હતો. પહેલેથી સમર્થ શક્તિવાળો અને ગામનો નામાંકિત વિદ્યાર્થી લોકો મને ગણતા, તેથી મારી પ્રશંસાને લીધે ચાહીને તેવા મંડળમાં બેસી મારી ચપળશક્તિ દર્શાવવા હું પ્રયત્ન કરતો. કંઠીને માટે વારંવાર તેઓ મારી હાસ્યપૂર્વક ટીકા કરતા; છતાં હું તેઓથી વાદ કરતો અને સમજણ પાડવા પ્રયત્ન કરતો. પણ હળવે હળવે મને તેમનાં પ્રતિક્રમણસૂત્ર ઇત્યાદિક પુસ્તકો વાંચવા મળ્યાં; તેમાં બહુ વિનયપૂર્વક સર્વ જગતજીવથી મિત્રતા ઇચ્છી છે તેથી મારી પ્રીતિ તેમાં પણ થઈ અને પેલામાં પણ રહી. હળવે હળવે આ પ્રસંગ વધ્યો. છતાં સ્વચ્છ રહેવાના તેમ જ બીજા આચારવિચાર મને વૈષ્ણવના પ્રિય હતા અને જગતકર્તાની શ્રદ્ધા હતી. તેવામાં કંઠી તૂટી ગઈ, એટલે ફરીથી મેં બાંધી નહીં. તે વેળા બાંધવા ન બાંધવાનું કંઈ કારણ મેં શોધ્યું નહોતું. આ મારી તેર વર્ષની વયની ચર્યા છે. ...

**ખુલાસો (૨) :**

શ્રીમદ્જી non-jain હતાં એ વાત માત્ર વાસ્તવિકતાની રજૂઆત છે. બાકી non-jain એ જૈન થઈ જ ના શકે તેવું કહેવાનો કોઈ જ આશય નથી. અમારા આદ્યગુરુ શ્રી ગૌતમસ્વામી, શ્રી સુધર્માસ્વામી આદિ અગિયારે ગણધરો જન્મથી non-jain જ હતાં, છતાંય અમે તેમને શાસનની ધુરાના પ્રથમ નાયક જ માનીએ છીએ. આ સિવાય શ્રી શય્યંભવસૂરિજી, શ્રી હરિભદ્રસૂરિજી વગેરે અનેક વિદ્વાન ધર્માચાર્યો પૂર્વાવસ્થામાં વેદચુસ્ત બ્રાહ્મણો હતાં અને ઉત્તરાવસ્થામાં શાસનના સમર્થ પટ્ટધરો કે શ્રુતધરો થયાં હતાં. માટે આ સંદર્ભે અન્ય વિકલ્પો કરવા અસ્થાને છે.

* * *

* તમારી પ્રશ્ન પૂછવાની શૈલી ઘણી અધૂરી અને અસ્પષ્ટ છે. ક્યાંક ક્યાંક પૂર્વાપરવિરોધ પણ છે. તેથી શક્ય વિકલ્પાનુસારે ઉત્તર આપવા પ્રયત્ન કરેલ છે.

**ખુલાસો (૩) :**

"તમે પૂછાવ્યું છે કે સમ્યગ્દષ્ટિ આત્માની કઈ સ્થિતિ આપ માન્ય કરો છો ?" આમ તો અમને સમ્યગ્દષ્ટિ આત્માની પૂર્વની મિથ્યાત્વ, વર્તમાનની સમ્યક્ત્વ કે ભવિષ્યની વિરતિ વગેરે સર્વ અવસ્થાઓ તે તે કક્ષા અનુસારે હેય, ઉપાદેય તરીકે માન્ય જ છે, છતાંય જો પૂછવાનો આશય એવો હોય કે "માર્ગગામી તરીકે આપને સમ્યગ્દષ્ટિની કક્ષા માન્ય છે ?" તો કહેવાનું કે અમે[3] શ્રી હરિભદ્રસૂરિ અને

---

૨. આપશ્રીને એ પુછવાની રજા લઈએ છીએ કે અવિરત સમ્યક્દ્રષ્ટિ(ચોથું ગુણસ્થાનક) ના આત્માની કઈ સ્થિતિને આપ માન્ય કરો છો? શ્રી યશોવિજયજી, શ્રી દેવચંદ્રજી, શ્રી હેમચંદ્રાચાર્યજી મ.સાહેબ વગેરે પૂર્વે થઈ ગલેય જ્ઞાની એને અંશે સંવર તત્વ એટલે ધર્મની શરૂઆત કહે છે.

('શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ના પ્રથમ પત્રનો અંશ)

3. **सम्माणुट्ठाणं चिय, ता सव्वमिणंति तत्तओ णेयं ।**
**ण य अपुणबंधगाई, मोत्तुं एयं इहं होइ ।।९९६।।**

सम्यगनुष्ठानमेवाज्ञानुकूलाचारणमेव, तत् तस्मात् सर्व्वं त्रिप्रकारमपि इदमनुष्ठानं तत्त्वतः पारमार्थिकव्यवहार-नयदृष्ट्या ज्ञेयम्। अत्र हेतुमाह– न च नैव यतोऽपुनर्बन्धकादीन् अपुनर्बन्धकमार्गाभिमुखमार्गपतितान् मुक्त्वा एतदनुष्ठानमिहैतेषु जीवेषु भवति। अपुनर्बन्धकादयश्च सम्यगनुष्ठानवन्त एव।।९९६।।

**उपदेशपद महाग्रन्थ सटीक (कर्ता : श्री हरिभद्रसूरीश्वरजी म.सा.)**

* सम्यगनुष्ठानमेवाज्ञानुकूलाचरणमेव तत् तस्मात् सर्वं त्रिप्रकारमपीदमनुष्ठानं तत्त्वतः पारमार्थिकव्यवहार-नयदृष्ट्या, ज्ञेयम्। अत्र हेतुमाह-न च नैव यतोऽपुनर्बन्धकमार्गाभिमुखमार्गपतितान्मुक्त्वा एतदनुष्ठानमिहैतेषु जीवेषु भवति, अपुनर्बन्धकादयश्च सम्यगनुष्ठानवन्त एव-इत्युपदेशपदसूत्रवृत्तिवचनादपुनर्बन्धकादेः सम्यगनुष्ठाननियम-प्रतिपादनात्।

**धर्मपरीक्षा टीका (कर्ता : श्री यशोविजयजी म.सा.)**

ઉપાધ્યાયજીના વચનોથી નિઃશંકપણે કહીએ છીએ કે ધર્મની તાત્ત્વિક શરૂઆત ચોથા ગુણસ્થાનકથી નહીં પરંતુ અપુનર્બંધકપણાથી ગણાય છે તેથી માર્ગપ્રાપ્ત તરીકે મિથ્યાત્વી પણ અમને માન્ય છે. આ બાબતે અનેક તર્કબદ્ધ યુક્તિઓ અને શાસ્ત્રપાઠો અમારી પાસે મોજુદ છે. અહીં વિસ્તારભયથી રજૂ કર્યા નથી.

* * *

*** પ્રશ્ન : "રહી[૪] એમને ગુરુ ... માનવા કે નહીં" ?**

**ખુલાસો (૪) :**

સમ્યગ્દર્શન ન હોય તેને પણ માર્ગદેશક ગુરુ માનવા તેવી વાત મેં પ્રવચનમાં ક્યાંય કહેલી નથી. માટે તે વિષયક પ્રશ્નો અને વિકલ્પો અસ્થાને છે.

કંચન-કામિનીના ત્યાગી જ ગુરુપદમાં સમાવેશ પામે છે. ગૃહસ્થને ગુરુ ન મનાય એ વાત કદાચ તમને કઠિન લાગી હશે. શાસ્ત્રોમાં તો આ ધારાધોરણ પ્રસિદ્ધ જ છે. પરંતુ ખુદ શ્રીમદ્જીના પત્રાંક ૮૩૭-૭૦૮નો આશય એ છે કે – **માર્ગ પ્રકાશક સદ્ગુરુ જઘન્યથી છઠ્ઠા ગુણસ્થાનકે વર્તતા હોય છે. ચોથા, પાંચમા ગુણસ્થાનકે ગુરુપદ ઘટતું નથી, ત્યાં ગુરુપદ માનવું તે માર્ગવિરોધરૂપ** છે. તેથી શ્રીમદ્જી પોતે જ્યાં સુધી સર્વ સંગત્યાગ ન કરે ત્યાં સુધી પોતાને ગુરુ તરીકે માનવાનો સખત નિષેધ કરતાં હતાં –

**૮૩૭** **સં. ૧૯૫૪**

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય.

—આત્મસિદ્ધિશાસ્ત્ર પદ ૧૦મું

(૧) સદ્ગુરુ યોગ્ય આ લક્ષણો મુખ્યપણે કયા ગુણસ્થાનકે સંભવે ? અને

(૨) સમદર્શિતા એટલે શું ?

ઉત્તર :—(૧) સદ્ગુરુ યોગ્ય એ લક્ષણો દર્શાવ્યાં તે મુખ્યપણે વિશેષપણે ઉપદેશક અર્થાત્ માર્ગપ્રકાશક સદ્ગુરુનાં લક્ષણ કહ્યાં છે. ઉપદેશક ગુણસ્થાન છઠ્ઠું અને તેરમું છે; વચલાં સાતમાથી બારમા સુધીનાં ગુણસ્થાન અલ્પકાળવર્તી છે એટલે ઉપદેશકપ્રવૃત્તિ તેમાં ન સંભવે. માર્ગઉપદેશક પ્રવૃત્તિ છઠ્ઠેથી શરૂ થાય.

છઠ્ઠે ગુણસ્થાનકે સંપૂર્ણ વીતરાગદશા અને કેવળજ્ઞાન નથી. તે તો તેરમે છે, અને યથાવત્ માર્ગઉપદેશકપણું તેરમે ગુણસ્થાને વર્તતા સંપૂર્ણ વીતરાગ અને કૈવલ્યસંપન્ન પરમ સદ્ગુરુ શ્રી જિન તીર્થંકરાદિને વિષે ઘટે. તથાપિ છઠ્ઠે ગુણસ્થાનકે વર્તતા મુનિ, જે સંપૂર્ણ વીતરાગતા અને

---

૪. ... ... ... રહી એમને ગુરુ માનવાની વાત તો આત્મઅનુભવ (સમ્યક્દર્શન) વિના હોય તેને ગુરુ માનવા કે નહીં?... ... ('શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ના પ્રથમ પત્રનો અંશ)

કેવલ્યદશાના ઉપાસક છે, તે દશાઅર્થે જેનાં પ્રવર્તન પુરુષાર્થ છે, તે દશાને સંપૂર્ણપણે જે પામ્યા નથી તથાપિ તે સંપૂર્ણ દશા પામવાના માર્ગસાધન પોતે પરમ સદ્ગુરુ શ્રી તીર્થંકરાદિ આપ્તપુરુષનાં આશ્રયવચનથી જેણે જાણ્યાં છે, પ્રતીત્યાં છે, અનુભવ્યાં છે અને એ માર્ગસાધનની ઉપાસનાએ જેની તે દશા ઉત્તરોત્તર વિશેષ વિશેષ પ્રગટ થતી જાય છે, તથા શ્રી જિન તીર્થંકરાદિ પરમ સદ્ગુરુનું, તેના સ્વરૂપનું ઓળખાણ જેના નિમિત્તે થાય છે, તે સદ્ગુરુને વિષે પણ માર્ગનું ઉપદેશકપણું અવિરોધરૂપ છે.

તેથી નીચેના પાંચમા ચોથા ગુણસ્થાનકે માર્ગનું ઉપદેશકપણું ઘણું કરી ન ઘટે, કેમકે ત્યાં બાહ્ય (ગૃહસ્થ) વ્યવહારનો પ્રતિબંધ છે, અને બાહ્ય અવિરતિરૂપ ગૃહસ્થ વ્યવહાર છતાં વિરતિરૂપ માર્ગનું પ્રકાશવું એ માર્ગને વિરોધરૂપ છે.

ચોથાથી નીચેના ગુણસ્થાનકે તો માર્ગનું ઉપદેશકપણું ઘટે જ નહીં, કેમકે ત્યાં માર્ગની, આત્માની, તત્ત્વની, જ્ઞાનીની ઓળખાણ પ્રતીતિ નથી, તેમ જ સમ્યગ્ વિરતિ નથી; અને એ ઓળખાણ પ્રતીતિ અને સમ્યગ્ વિરતિ નહીં છતાં તેની પ્રરૂપણા કરવી, ઉપદેશક થવું એ પ્રગટ મિથ્યાત્વ, કુગુરુપણું અને માર્ગનું વિરોધપણું છે.

ચોથે પાંચમે ગુણસ્થાને એ ઓળખાણ પ્રતીતિ છે અને આત્મજ્ઞાનાદિ ગુણો અંશે વર્તે છે અને પાંચમામાં દેશવિરતિપણાને લઈ ચોથાથી વિશેષતા છે, તથાપિ સર્વવિરતિના જેટલી ત્યાં વિશુદ્ધિ નથી.

૭૦૮ રાળજ, ભાદરવા, ૧૯૫૨

... જો મૂળમાર્ગ પ્રગટતામાં આણવો હોય તો પ્રગટ કરનારે સર્વસંગપરિત્યાગ કરવો યોગ્ય; કેમકે તેથી ખરેખરો સમર્થ ઉપકાર થવાનો વખત આવે.... ...

આ વાસ્તવિકતા હોવા છતાં તમારી સંસ્થાના "Letter Pad" પર "સહજાત્મ સ્વરૂપ પરમગુરુ" વાક્ય અમને આશ્ચર્ય ઉપજાવે છે. જેનો શ્રીમદ્જી નિષેધ કરતાં તેવી વાતને તેમના દૃઢ અનુયાયી થઈને તમો અપનાવો તે કેટલું વાજબી ?

* * *

૫. ॥ સહજાત્મ સ્વરૂપ પરમગુરૂ ॥

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સમિતિ - સંચાલીત

**શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર**

ટ્રસ્ટ રજી. નં. એફ - ૧૭૭૭૯ (મુંબઈ) ■ સોસાયટી રજી. નં. મુંબઈ ૮૨૮ / ૧૯૯૫

॥ સહજાત્મ સ્વરૂપ પરમગુરૂ ॥

**SHRIMAD RAJCHANDRA SADHNA KENDRA**

Conducted by : SHRIMAD RAJCHANDRA ASHRAM SAMITI

*Trust Reg. No. F- 17779 (Mumbai) ◆ Society Reg. No. 828 / 1995.*

૬. શ્રીમદ્જી 'પરમગુરુ' શબ્દનો પ્રયોગ કેવલજ્ઞાન પામેલ, તેરમે ગુણસ્થાનકે રહેલા તીર્થંકરાદિ માટે કરતા હતા.

*** પ્રશ્ન : "આપ કહો છો કે શાસ્ત્રને .... ભાષામાં રજૂ કર્યો છે".**

**ખુલાસો (૫) :**

"શાસ્ત્રનો સાંગોપાંગ અભ્યાસ શ્રીમદ્જીને ન હતો" તે વાત તમને કપરી લાગશે, પરંતુ તે નગ્ન વાસ્તવિકતા છે. તેમના લખાણ વાંચતાં ઠેર ઠેર આ બાબત દ્યોતિત થાય છે. અત્રે બે-ત્રણ ઉદાહરણ ટાંકું છું :

**ઉદાહરણ (૧) :**

<u>પત્રાંક ૧૬૮</u>માં શ્રીમદ્જીનું કહેવું છે કે – અગિયારમા ગુણસ્થાનકથી પતિત આત્મા ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ પંદર ભવ કરે છે – જ્યારે જૈનશાસ્ત્રો કહે છે કે "અગિયારમેથી પતિત આત્મા એ જ ભવમાં, સાધના કરે તો ક્ષપકશ્રેણી માંડી મોક્ષમાં જઈ શકે છે. ત્રણ ભવ કરવાની કોઈ જરૂર નથી. (કાર્મગ્રંથિક મતે) અને ઘોર વિરાધના કરે તો પંદર ભવ નહીં, પરંતુ અનંતા ભવ પણ થઈ શકે".

સાથે શ્રીમદ્જીએ કહેલ છે કે "અગિયારમે જીવ ઘણું કરીને પાંચમા અનુત્તરની શાતાનો બંધ કરે છે" તે વાત પણ જૈનશાસ્ત્ર વિરુદ્ધ છે.

---

૭. **આપ કહો છો કે શાસ્ત્રોનો સાંગોપાંગ અભ્યાસ કરવાનો મોકો એમને નહોતો મળ્યો, તો આપને એમની ૧૬ વર્ષ ને સાત માસની ઉંમરે રચેલ મોક્ષમાળા તથા ભાવનાબોધ વાંચવાનો યોગ પ્રાપ્ત નથી થયો એમ અમે માનીયે છીએ કારણકે એ પુસ્તકોમાં જૈન આગમો અને સૂત્રોનો સાર સરળ ભાષામાં રજુ કર્યો છે. ...** ('શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ના પ્રથમ પત્રનો અંશ)

૮. उत्कर्षतश्चैकस्मिन् भवे द्वौ वारावुपशमश्रेणिं प्रतिपद्यते। यश्च द्वौ वारावुपशमश्रेणिं प्रतिपद्यते तस्य नियमात् तस्मिन् भवे क्षपकश्रेण्यभावः। यः पुनरेकं वारं प्रतिपद्यते तस्य क्षपकश्रेणिर्भवेदपि। उक्तं च चूर्णौ- जो दुवे वारे उवसमसेढिं पडिवज्जइ तस्स नियमा तम्मि भवे खवगसेढी नत्थि, जो एक्कसिं उवसमसेढिं पडिवज्जइ तस्स खवगसेढी होज्ज वा। इति।

**सप्ततिकानाम षष्ठ कर्मग्रन्थ टीका**

✤ **उवसामं उवणीया गुणमहया जिणचरित्तसरिसं पि। पडिवायंति कसाया किं पुण सेसे सरागत्थे?।।१३०६।। दवदूमियं जणदुमो छारच्छन्नोऽगणि व्व पच्चयओ। दावेइ जह सरूवं तह स कसायोदए भुज्जो।।१३०७।। तम्मि भवे निव्वाणं न लभइ उक्कोसओ व संसारं। पोग्गलपरियट्टद्धं देसोणं कोइ हिण्डेज्जा।।१३०८।।**

**विशेषावश्यकभाष्य भाग-१ मूल**

✤ अथाबद्धायुस्ततो जघन्येनैकसमयमुत्कर्षतोऽन्तर्मुहूर्त्तमुपशमकनिर्ग्रन्थो भूत्वा नियमतः क्वापि वस्तुनि लुब्धः पुनरप्युदितकषायः श्रेणिप्रतिलोममावर्त्त्य देशप्रतिपातेन सर्वप्रतिपातेन वा प्रतिपतति, यतो नासौ जघन्यतोऽपि तद्भव एव निःश्रेयसपदमश्नुते, उत्कर्षतः पुनर्देशोनापार्द्धपुद्गलपरावर्त्तं संसारं संसरति। यत उक्तम्- तम्मि भवे निव्वाणं, न लहइ उक्कोसओ वि संसारं। पोग्गलपरियट्टद्धं, देसूणं कोइ हिंडेज्जा।। (विशे. गा. १३०८)

**बृहत्कल्पसूत्र भाग - २ (मूल-भाष्य-निर्युक्ति) टीका**

✤ "सुअकेवली आहारग, उजुमइ उवसंतगावि उ पमाया।
हिंडंति भवमणंतं, तयणंतरमेव चउगइया।।१।।"

**सम्यक्त्वस्तव प्रकरण, गाथा-१७, अवचूरि (कर्ता : श्री ज्ञानसागरजी म.सा.ना शिष्य)**

કારણ કે [૯]અગિયારમે જીવ વીતરાગી હોવાથી તે જે શાતાવેદનીયકર્મ બાંધે છે તે પ્રથમ સમયે બાંધે, બીજા સમયે ભોગવે અને ત્રીજા સમયે ખરી જાય તે કક્ષાનું હોય છે. ત્યાં અનુત્તરની શાતા આપે તેવો સાંપરાયિકબંધ જ અસંભવ છે.

**૧૬૮ મુંબઈ, કાર્તિક સુદ ૧૩, સોમ, ૧૯૪૭**

આપનું કૃપાપત્ર ગઈ કાલે મળ્યું. પરમાનંદ ને પરમોપકાર થયો.

અગિયારમેથી લથડેલો ઓછામાં ઓછા ત્રણ અને ઘણામાં ઘણા પંદર ભવ કરે, એમ અનુભવ થાય છે. અગિયારમું એવું છે કે ત્યાં પ્રકૃતિઓ ઉપશમ ભાવમાં હોવાથી મન, વચન, કાયાના યોગ પ્રબળ શુભ ભાવમાં વર્તે છે, એથી શાતાનો બંધ થાય છે, અને એ શાતા ઘણું કરીને પાંચ અનુત્તર વિમાનની જ હોય છે.

આજ્ઞાંકિત

**ઉદાહરણ (૨) :**

ઉપદેશનોંધ નં. ૬ (પૃ. નં. ૬૬૩)માં શ્રીમદ્જીનો આશય છે કે – **ચક્ષુઇન્દ્રિય-લબ્ધિના પ્રબળ ક્ષયોપશમવાળા** અથવા તો **દૂરંદેશીલબ્ધિસંપન્ન યોગી** જૈનશાસ્ત્ર માન્ય સૂક્ષ્મ પરમાણુઓ જોઈ શકે છે –

## ઉપદેશ નોંધ

**૬ મોરબી, ચૈત્ર વદ ૧૦, ૧૯૫૫**

પ્ર૦—પારકાના મનના પર્યાય જાણી શકાય?

ઉ૦—હા. જાણી શકાય છે. સ્વમનના પર્યાય જાણી શકાય, તો પરમનના પર્યાય જાણવા સુલભ છે. સ્વમનના પર્યાય જાણવા પણ મુશ્કેલ છે. સ્વમન સમજાય તો તે વશ થાય. સમજાવા સદ્વિચાર અને સતત એકાગ્ર ઉપયોગની જરૂર છે.

આસનજયથી ઉત્થાનવૃત્તિ ઉપશમે છે; ઉપયોગ અચપળ થઈ શકે છે; નિદ્રા ઓછી થઈ શકે છે.

તડકાના પ્રકાશમાં સૂક્ષ્મ રજ જેવું જે દેખાય છે, તે અણુ નથી; પણ અનેક પરમાણુઓનો બનેલો સ્કંધ છે. પરમાણુ ચક્ષુએ જોયાં ન જાય. ચક્ષુઇંદ્રિયલબ્ધિના પ્રબળ ક્ષયોપશમવાળા જીવ, દૂરંદેશીલબ્ધિસંપન્ન યોગી અથવા કેવલીથી તે દેખી શકાય છે.

---

૯. "तिसु सायबंध"त्ति त्रिषु-उपशान्तमोहक्षीणमोहसयोगिकेवलिगुणस्थानेषु सातबन्धः सातस्य केवलयोगप्रत्ययस्य द्विसामयिकस्य तृतीयसमयेऽवस्थानाभावादिति भावः, न साम्परायिकस्य, तस्य कषायप्रत्ययत्वात् ।
आह च भाष्यसुधाम्भोनिधिः –
उवसंतखीणमोहा, केवलिणो एगविहबंधा । ते पुण दुसमयठिइयस्स बंधगा न उण संपरायस्स । इति ।
**देवेन्द्रसूरिविरचित द्वितीय कर्मग्रंथ, श्लोक-१२ टीका**

પરંતુ આ વાત જૈનશાસ્ત્રોને સંમત નથી. કારણ કે ચક્ષુઇન્દ્રિયનો ગમે તેટલો ક્ષયોપશમ હોય તે પરમાણુને જોવા માટે કારણરૂપ બની શકતો નથી. તેમજ દૂર રહેલી વસ્તુનું જ્ઞાન કરવા દૂરંદેશીલબ્ધિ કારણ છે, નહીં કે પરમાણુનું જ્ઞાન કરવામાં. જૈનદર્શન કહે છે કે "[૧૦]પરમાણુને જોવા ઉત્કૃષ્ટ કક્ષાનું અવધિજ્ઞાન કે કેવળજ્ઞાન જ સમર્થ છે". મનઃપર્યવજ્ઞાનનો વિષય માત્ર મનોદ્રવ્ય છે અને મતિ–શ્રુતજ્ઞાનથી સૂક્ષ્મ પરમાણુઓ જોઈ શકાતાં નથી.

**ઉદાહરણ (૩) :**

જૈનશાસ્ત્રો કહે છે કે "[૧૧]આત્મા વીતરાગી અને સર્વજ્ઞ બને ત્યારપછી તેને કોઈ આવેગાત્મક કામના કે ઇચ્છા રહેતી નથી", માટે તીર્થંકરોના તીર્થપ્રવર્તનરૂપ મહાસત્કાર્યને પણ શાસ્ત્રકારોએ કામનાશૂન્ય, કર્મોદયકૃત, સાહજિક પ્રવૃત્તિ કહેલ છે. જ્યારે શ્રીમદ્ રાજચંદ્ર <u>પત્રાંક ૨૭</u>માં – પોતાની સ્થિતિ સર્વ પ્રકારે સર્વજ્ઞતુલ્ય જણાવે છે. છતાંયે આખી સૃષ્ટિમાં પર્યટન કરી ધર્મપ્રવર્તનની અદમ્ય ઇચ્છા પણ સાથે જ પ્રદર્શિત કરે છે.

**૨૭** મુંબઈ, સં. ૧૯૪૩

... ...સત્ય કહું છું કે હું સર્વજ્ઞ સમાન સ્થિતિમાં છું. વૈરાગ્યમાં ઝીલું છું.

આશુપ્રજ્ઞ રાજચંદ્ર...

... ...આખી સૃષ્ટિમાં પર્યટન કરીને પણ એ ધર્મ પ્રવર્તાવીશું....

**ઉદાહરણ (૪) :**

શ્રીમદ્જીને પોતાને જ શાસ્ત્રવિષયક અનેક શંકાઓ મૂંઝવતી હતી તેવું તેઓએ પોતે જ આભ્યંતરપરિણામ અવલોકન હાથનોંધ ૧/૬૨ અને ૧/૬૩માં કબૂલ્યું છે. શાસ્ત્રવિષયક આવી સ્થૂલ શંકાઓ તેમના અલ્પ શાસ્ત્રજ્ઞાનની જ દ્યોતક છે.

---

૧૦. आह– यद्येवं लोकप्रमाणोऽवधिर्भूत्वा यस्य पुरतो विशुद्धिवशतो लोकाद् बहिरप्यसौ वर्द्धते तस्य तद्वृद्धेः किं फलम्? लोकाद् बहिर्द्रष्टव्याभावात्, अत्रोच्यते– लोकस्थमेव सूक्ष्मतरं सूक्ष्मतमं द्रव्यं पश्यति यावन्नैश्चयिकपरमाणुमपीति तद्वृद्धेस्तात्त्विकं फलम् ।। **नंदीसूत्र टीकोपरि टिप्पण**

૧૧. न वा तीर्थप्रवर्तनवदिच्छाऽभावेऽपि स्वभावादेव भगवतो भुक्तिरिति कल्पयितुं युक्तम्, प्रकृताहारवैकल्य एव नियतकालभाविशरीरस्थितिस्वभावकल्पनायां दोषाभावात् । भावनाविशेषोत्पन्नसकलक्लेशोपरतव्यापारव्यवहारलक्षण-तीर्थप्रवर्तनस्वभाववत् क्लेशोपशमनार्थं प्रकृताहारस्वभावकल्पनाया अन्याय्यत्वात् । न हि भगवति क्लेशो नाम, अनन्तसुखविरोधात् । **शास्त्रवार्त्ता समुच्चय टीका स्तबक-१०**

૬૨ [હાથનોંધ ૧, પૃષ્ઠ ૧૩૦]

પ્રત્યક્ષ અનેક પ્રકારનાં દુઃખને તથા દુઃખી પ્રાણીઓને જોઈને, તેમ જ જગતની વિચિત્ર રચના જાણીને તેમ થવાનો હેતુ શો છે? તથા તે દુઃખનું મૂળ સ્વરૂપ શું છે? અને તેની નિવૃત્તિ કયા પ્રકારે થઈ શકવા યોગ્ય છે? તેમ જ જગતની વિચિત્ર રચનાનું અંતર્સ્વરૂપ શું છે, એ આદિ પ્રકારને વિષે વિચારદશા ઉત્પન્ન થઈ છે જેને એવા મુમુક્ષુ પુરુષ તેમણે, પૂર્વ પુરુષોએ ઉપર કહ્યા તે વિચારો વિષે જે કંઈ સમાધાન આણ્યું હતું, અથવા માન્યું હતું, તે વિચારના સમાધાન પ્રત્યે પણ યથાશક્તિ આલોચના કરી. તે આલોચના કરતાં વિવિધ પ્રકારના મતમતાંતર તથા અભિપ્રાય સંબંધી યથાશક્તિ વિશેષ વિચાર કર્યો. તેમ જ નાના પ્રકારના રામાનુજાદિ સંપ્રદાયનો વિચાર કર્યો. તથા વેદાંતાદિ દર્શનોનો વિચાર કર્યો. તે આલોચના વિષે અનેક પ્રકારે તે દર્શનના સ્વરૂપનું મથન કર્યું, અને પ્રસંગે પ્રસંગે મથનની યોગ્યતાને પ્રાપ્ત થયેલું એવું જૈનદર્શન તે સંબંધી ઘણા પ્રકારે જે મથન થયું, તે મથનથી તે દર્શનને સિદ્ધ થવા અર્થે, પૂર્વાપર વિરોધ જેવાં લાગે છે એવાં નીચે લખ્યાં છે તે કારણો દેખાયાં.

---

૬૩ [હાથનોંધ ૧, પૃષ્ઠ ૧૩૨]

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાય અરૂપી છતાં રૂપીને સામર્થ્ય આપે છે, અને એ ત્રણ દ્રવ્ય સ્વભાવપરિણામી કહ્યાં છે, ત્યારે એ અરૂપી છતાં રૂપીને સહાયક કેમ થઈ શકે?

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એકક્ષેત્રાવગાહી છે, અને પરસ્પર વિરુદ્ધતાવાળા તેના સ્વભાવ છે, છતાં તેમાં વિરોધ, ગતિ પામેલી વસ્તુ પ્રત્યે સ્થિતિસહાયકતારૂપે અને સ્થિતિ પામેલી વસ્તુ પ્રત્યે ગતિ સહાયકતારૂપે થઈ શા માટે આવે નહીં?

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આત્મા એક એ ત્રણ સમાન અસંખ્યાતપ્રદેશી છે, તેનો કંઈ બીજો રહસ્યાર્થ છે?

ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયની અવગાહના અમુક અમૂર્તાકારે છે, તેમ હોવામાં કંઈ રહસ્યાર્થ છે?

લોકસંસ્થાન સદૈવ એક સ્વરૂપે રહેવામાં કંઈ રહસ્યાર્થ છે?

એક તારો પણ ઘટવધ થતો નથી, એવી અનાદિ સ્થિતિ શા હેતુથી માનવી?

શાશ્વતપણાની વ્યાખ્યા શું? આત્મા, કે પરમાણુ કદાપિ શાશ્વત માનવામાં મૂળ દ્રવ્યત્વ કારણ છે; પણ તારા, ચંદ્ર, વિમાનાદિમાં તેવું શું કારણ છે?

આવા અનેક[૧૨] ઉદાહરણો, કથનો આ બાબતે રજૂ કરી શકાય છે. "મોક્ષમાળા" કે "ભાવનાબોધ"માં "જૈન આગમો અને સૂત્રનો સાર આવી જાય છે" તેવું માનવું તે જૈનધર્મના લોકોત્તર તત્ત્વજ્ઞાનના અવમૂલ્યાંકનરૂપ છે.

* * *

૧૨. અહીં બતાવેલ ૧/૬૨, ૧/૬૩ સિવાય હાથનોંધ ૧/૬૪, ૧/૭૧, ૧/૭૫ વગેરે... આ માટે જોવા યોગ્ય છે.

**✻ ખુલાસો (૬) :**

**"[૧૩]અમને પ્રશ્ન થાય છે ... અવશ્ય સ્થાન આપશો.'**

આ કહેવા પાછળ તમારો આશય એ છે કે ગૃહસ્થ પણ ગુરુ તરીકે પૂજી શકાય. જે સ્થાપિત કરવા તમે ગૃહસ્થ એવા તીર્થંકરોનું દૃષ્ટાંત રજૂ કરેલ છે. વળી 'ગૃહસ્થ' શબ્દના અર્થ વિશે તમને ભ્રાંતિ છે. તેથી વિવાહ નહીં કરેલા તીર્થંકર અને વિવાહ કરેલ તીર્થંકરોનો ગૃહસ્થ અને સાધુરૂપે ભેદ દર્શાવો છો.

વાસ્તવમાં દીક્ષાપૂર્વે બાલબ્રહ્મચારી નેમિનાથ પણ ગૃહવાસમાં રહેલા હોવાથી ગૃહસ્થ જ કહેવાય. (गृहे तिष्ठति इति गृहस्थः) ચોવીશે તીર્થંકરો ગૃહસ્થાવસ્થામાં, ગુરુ તરીકે પૂજાયા કે તે કાળના વિદ્યમાન કોઈ સાધુ–સાધ્વીથી આરંભીને વિવેકી ઇન્દ્ર સુધીના કોઈ ધર્માત્માએ તેમને ભક્તિથી ગુરુવંદન કર્યાનો ક્યાંય ઉલ્લેખ નથી. ઉપરાંત તીર્થંકરોનું દૃષ્ટાંત શ્રીમદ્‌જી માટે લેવું જરા પણ યોગ્ય નથી. કારણ કે ક્યાં તીર્થંકરોનું ગર્ભથી માંડીને સર્વત્ર ઔચિત્યપ્રવર્તન અને ક્યાં શ્રીમદ્‌જીની ૧૬ વર્ષ સુધીની મિથ્યામત વાસિત ભ્રાંત અવસ્થા !

ઉપરાંત તીર્થંકરોની મેરુપર્વત પર ઇન્દ્રો અને કરોડો દેવતાઓએ ભેગાં થઈ જે પૂજા–અર્ચના કરી છે તે તીર્થંકરોની ત્યારની સર્વોત્કૃષ્ટ સાધર્મિક અવસ્થાને લક્ષ્યમાં રાખીને. આ બાબતે અન્ય કોઈ શાસ્ત્રપાઠ રજૂ કરવા કરતાં મહાવિવેકી, ઇન્દ્રોનો બાહ્ય વ્યવહાર જ પ્રબળ પુરાવારૂપ છે. શું કોઈ ગુરુપદે બિરાજમાન વ્યક્તિને ખોળામાં લઈને નવડાવે ? ઇન્દ્રાણી અને અપ્સરાઓ શું સ્પર્શ કરી કેસર આદિનું ગુરુને વિલેપન કરે ? વસ્ત્રાલંકાર અને આભરણોથી ગુરુને શણગારવાનો વ્યવહાર આપે ક્યાંય જૈનશાસ્ત્રમાં વાંચ્યો છે ? આમ, તીર્થંકરોને પણ ગૃહસ્થાવસ્થામાં જૈનદર્શન ગુરુપદે રજૂ કરતું નથી, તે શ્રીમદ્‌ના અનુયાયીઓએ ખાસ સમજવા જેવું છે.

✻ ✻ ✻

---

૧૩. અમને પ્રશ્ન થાય છે કે તિર્થંકર ગ્રહસ્થ દશામાં હોય ત્યારે એમને ગુરૂ માની પૂજાય કે નહિ? તિર્થંકર જન્મતાજ સૌધર્મ ઇન્દ્રાદિ દેવો એમની પૂજા કરે છે, મેરૂ પર્વત પર પ્રક્ષાલ કરે છે. પાંચ તીર્થંકરોને બાદ કરતાં, ૧૯ તીર્થંકરો ગ્રહસ્થપણે રહ્યા હતાં, એમનામાં શું ફેર હતો? ગ્રહસ્થ ને દિક્ષા નોજ કે અન્ય કાંઈ પણ? આ પ્રશ્નને આપની વિચારણામાં અવશ્ય સ્થાન આપશો.

('શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ના પ્રથમ પત્રનો અંશ)

❋ **ખુલાસો (૭) :**

**વીતરાગત્વ[૧૪], ઈશ્વરત્વ વગેરે બાબતમાં શ્રીમદ્ રાજચંદ્રની ભ્રમદશા કે અજ્ઞાનદશા છે એવી રજૂઆતમાં આપની પુષ્ટિકારક પુરાવાની માંગ છે તો નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેશો :**

**(a) <u>પત્રાંક ૨૧૮</u>માં શ્રીમદ્જીને – શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલ શ્રીકૃષ્ણ સાચા પરમાત્મારૂપે લાગે છે – સજ્જન માણસને વાંચતાં પણ લજ્જા આવે એવું શ્રીમદ્ ભાગવત અંતર્ગત શ્રીકૃષ્ણનું ચિત્રણ જો શ્રીમદ્જીને પરમાત્માના ચરિત્ર તરીકે મંજૂર હોય તો પછી શ્રીમદ્જીને ઈશ્વરતત્ત્વ વિષયક ભ્રાંત કહેવામાં અમે શું ખોટું કહ્યું ?**

**૨૧૮ મુંબઈ, ફાગણ સુદ ૧૩, સોમ, ૧૯૪૭**

## સર્વાત્મા હરિને નમસ્કાર

શ્રીકૃષ્ણુ એ મહાત્મા હતા, જ્ઞાની છતાં ઉદયભાવે સંસારમાં રહ્યા હતા, એટલું જૈનથી પણુ જાણી શકાય છે, અને તે ખરું છે; તથાપિ તેમની ગતિ વિષે જે ભેદ બતાવ્યો છે તેનું જુદું કારણુ છે. અને ભાગવતાદિકમાં તો જે શ્રીકૃષ્ણુ વર્ણુવ્યા છે તે તો પરમાત્મા જ છે પરમાત્માની લીલાને મહાત્મા કૃષ્ણુને નામે ગાઈ છે. અને એ ભાગવત અને એ કૃષ્ણુ જો મહાપુરુષથી સમજી લે તો જીવ જ્ઞાન પામી જાય એમ છે. આ વાત અમને બહુ પ્રિય છે. અને તમારા સમાગમે હવે તે વિશેષ ચર્ચશું. લખ્યું જતું નથી.

---

૧૪. વીતરાગત્વ, ઇશ્વરત્વ, જૈન દર્શન ની એમને સમજણ નથી, એમને ભમણા છે, અજ્ઞાન દશા તથા ઉન્માર્ગ છે, વગેરે આપ દ્વારા થયેલ રજુઆતને પુષ્ટિ આપે એવી એક પણ વાત સ્પષ્ટપણે કહી નથી. અમને યથાર્થ રજુઆત કરી ખુલાસો કરવાની તક આપશો? અમે મનમાં કદાગ્રહ, પૂર્વગ્રહ રાખી અકળાતા નથી, પણ આવા મહાસમર્થ જ્ઞાની સબંધિત અવર્ણવાદ સાંભળી અમારા અંતઃકરણમાં કરૂણાસભર દુઃખ થાય છે, કેમકે અમે હજી વીતરાગ થયા નથી. (થવા પ્રયત્નશીલ છીએ.) અમને એમના પ્રત્યે પ્રશસ્ત રાગ છે. કરી શકાય?

❋ … … ઇશ્વર સૃષ્ટિનો કર્તા હર્તા છે એમ એમની સમજણ છે એ આપની માન્યાતા કેમ બંધાઇ? આપે એમની સુપ્રસિદ્ધ કૃતિ આત્મસિદ્ધિ નો પરિચય નથી કર્યો? એમાં ઇશ્વર શું છે, કર્તા શું છે, કર્મ શું છે, મુક્તિ શું છે એ વાત ખુલ્લી કલમે કાંઇપણ ગોપવ્યા વિના જણાવી છે. મહાત્મા ગાંધીજી ઉપરના પત્રમાં પણ ઇશ્વર વિશે ખૂબજ સ્પષ્ટ રજુઆત કરી છે.

('શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ના પ્રથમ પત્રનો અંશ)

(b) જેઓની[૧૫] બાહ્ય મુદ્રા, ચરિત્ર વગેરેનું જૈનશાસ્ત્રમાં ડગલે ને પગલે ખંડન છે, જેઓનો આકાર, હાવભાવ કે પ્રસિદ્ધ જીવનચરિત્ર જેઓને રાગી–દ્વેષી અને વાસના–વિકારગ્રસ્તરૂપે પુરવાર કરે છે તેવા શ્રીકૃષ્ણ આદિ અન્ય દેવોના ભક્ત નરસિંહ મહેતા કે કબીરજીની વિવેકશૂન્ય ભક્તિ શ્રીમદ્જીને મન **અનન્ય, અલૌકિક, અદ્ભુત અને સર્વોત્કૃષ્ટ ભક્તિસ્વરૂપ છે. (પત્રાંક ૨૩૧)**

**૨૩૧** મુંબઈ, ચૈત્ર સુદ ૭, બુધ, ૧૯૪૭

મહાત્મા કબીરજી તથા નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્ભુત, અને સર્વોત્કૃષ્ટ હતી, તેમ છતાં તે નિઃસ્પૃહા હતી. સ્વપ્ને પણ તેમણે એવી દુઃખી સ્થિતિ છતાં આજીવિકા અર્થે, વ્યવહારાર્થે પરમેશ્વર પ્રત્યે દીનપણું કર્યું નથી; તેમ કર્યા સિવાય જોકે ઈશ્વરેચ્છાથી વ્યવહાર ચાલ્યો ગયો છે, તથાપિ તેમની દારિદ્ર્યાવસ્થા હજુ સુધી જગત-વિદિત છે; અને એ જ એમનું સબળ માહાત્મ્ય છે. પરમાત્માએ એમના 'પરચા' પૂરા કર્યા છે તે એ ભક્તોની ઇચ્છાથી ઉપરવટ થઈને. ભક્તોની એવી ઇચ્છા ન હોય, અને તેવી ઇચ્છા હોય તો રહસ્યભક્તિની તેમને પ્રાપ્તિ પણ ન હોય. આપ હજારો વાત લખો પણ જ્યાં સુધી નિઃસ્પૃહ નહીં હો, (નહીં થાઓ) ત્યા સુધી વિટંબના જ છે.

આવા વિધાનોથી શ્રીમદ્જીની વીતરાગત્વ અને ઈશ્વરત્વ વિષયક અધૂરી સમજણ છતી થાય છે. આ સિવાય તેઓએ અનેક લખાણમાં ભક્તિ કરનાર ભક્તોના પરચા પૂરનાર, કઠણાઈ–દુઃખ મોકલીને ભક્તોને સન્માર્ગમાં સ્થિર રાખનાર વગેરે રૂપે ઈશ્વરનું વર્ણન કરેલ છે. શાસ્ત્રની અજ્ઞાનદશાનો જવાબ તો આગળ આપી જ દીધો છે. ઉન્માર્ગપ્રરૂપણાની વાત આગળના ખુલાસામાં આવી જશે.

* * *

**૨૨૩** મુંબઈ, ફાગણ વદ ૧૪, બુધ, ૧૯૪૭

બીજું એક પ્રશ્ન (એકથી અધિક વાર) આપે એમ લખ્યું હતું કે વ્યવહારમાં વેપારાદિ વિષે આ વર્ષ જેવું જોઈએ તેવું લાભરૂપ લાગતું નથી; અને કઠણાઈ રહ્યા કરે છે.

---

૧૫. देवतान्तराणां तु रागाद्यभावानुचितरूपचरितत्वं सुप्रसिद्धमेव। तथाहि–'ब्रह्मा लूनशिरा हरिर्दृशि सरुग् व्यालुप्तशिश्नो हरः, सूर्योऽप्युल्लिखितोऽनलोऽप्यखिलभुक् सोमः कलङ्काङ्कितः। स्वर्नाथोऽपि विसंस्थुलः खलु वपुः संस्थैरुपस्थैः कृतः, सन्मार्गस्खलनाद्भवन्ति विपदः प्रायः प्रभूणामपि।।१।।' तथा। 'यद्ब्रह्मा चतुराननः समभवद्देवो हरिर्वामनः, शक्रो गुह्यसहस्रसङ्कुलतनुर्यच्च क्षयी चन्द्रमाः।। यज्जिह्वादलनामवापुरहयो राहुः शिरोमात्रतां, तृष्णे देवि विडम्बनेयमखिला लोकस्ययुष्मत्कृता।।१।। **अष्टकप्रकरण टीका-१०**

પરમાત્માની ભક્તિ જ જેને પ્રિય છે, એવા પુરુષને એવી કઠણાઈ ન હોય તો પછી ખરા પરમાત્માની તેને ભક્તિ જ નથી એમ સમજવું. અથવા તો ચાહીને પરમાત્માની ઇચ્છારૂપ માયાએ તેવી કઠણાઈ મોકલવાનું કાર્ય વિસ્મરણ કર્યું છે. જનક વિદેહી અને મહાત્મા કૃષ્ણ વિષે માયાનું વિસ્મરણ થયું લાગે છે, તથાપિ તેમ નથી. જનક વિદેહીની કઠણાઈ વિષે કંઈ અત્ર કહેવું જોગ નથી, કારણ કે તે અપ્રગટ કઠણાઈ છે, અને મહાત્મા કૃષ્ણની સંકટરૂપ કઠણાઈ પ્રગટ જ છે, તેમ અષ્ટમહાસિદ્ધિ અને નવનિધિ પણ પ્રસિદ્ધ જ છે; તથાપિ કઠણાઈ તો ઘટારત જ હતી, અને હોવી જોઈએ. એ કઠણાઈ માયાની છે; અને પરમાત્માના લક્ષની તો એ સરળાઈ છે, અને એમ જ હો. × × × રાજાએ વિકટ તપ કરી પરમાત્માનું આરાધન કર્યું; અને દેહધારીરૂપે પરમાત્માએ તેને દર્શન આપ્યું અને વર માગવા કહ્યું ત્યારે × × × રાજાએ માગ્યું કે હે ભગવાન! આવી જે રાજ્યલક્ષ્મી મને આપી છે તે ઠીક જ નથી, તારો પરમ અનુગ્રહ મારા ઉપર હોય તો પંચવિષયના સાધનરૂપ એ રાજ્યલક્ષ્મીનું ફરીથી મને સ્વપ્નું પણ ન હો, એ વર આપ. પરમાત્મા દિંગ થઈ જઈ 'તથાસ્તુ' કહી સ્વધામ ગત થયા.

કહેવાનો આશય એવો છે કે એમ જ યોગ્ય છે. કઠણાઈ અને સરળાઈ, શાતા અને અશાતા એ ભગવદ્ભક્તને સરખાં જ છે; અને વળી કઠણાઈ અને અશાતા તો વિશેષ અનુકૂળ છે કે જ્યાં માયાનો પ્રતિબંધ દર્શનરૂપ નથી.

આપને તો એ વાર્તા જાણવામાં છે; તથાપિ કુટુંબાદિકને વિષે કઠણાઈ હોવી ઘટારત નથી એમ ઊગતું હોય તો તેનું કારણ એ જ છે કે પરમાત્મા એમ કહે છે, કે તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ હો, અને તેના પ્રત્યે સમભાવી થઈ પ્રતિબંધ રહિત થાઓ; તે તમારું છે એમ ન માનો, અને પ્રારબ્ધયોગને લીધે એમ મનાય છે, તે ટાળવા આ કઠણાઈ મેં મોકલી છે. અધિક શું કહેવું? એ એમ જ છે.

✻ 'તમે મનમાં કદાગ્રહ, પૂર્વગ્રહ રાખીને અકળાતાં નથી' અર્થાત્ કે તમે વર્ષોથી ઘૂંટાયેલ માન્યતા વિરુદ્ધ પણ સાચું તત્ત્વ જાણવા મળે તો તેને તત્કાળ અપનાવવા સદૈવ તત્પર છો એવો આપનો દાવો મને હજુય ખુલાસાઓ લખવા પ્રેરે છે :

**પ્રશ્ન :** ***'આપ[૧૬] શું માનો છો ... સ્થાન આપી કૃપા કરશો'.***

**ખુલાસો (૮) :**

પ્રશ્નોત્તરી/પ્રશ્ન નં. ૫૧માં અમે એમ કહેલ છે કે – ભૂમિકાના સાચા નિર્ણય માટે શાસ્ત્રમાન્ય ધોરણ જરૂરી અને અનિવાર્ય છે. સમકિતનું શાસ્ત્રીય લક્ષણ દેવ–ગુરુ–

૧૬. આપ શું માનો છો, સમકિત અને એ પણ શુદ્ધસમકિતની વ્યાખ્યા શાસ્ત્રોમાં કરી છે એ પ્રમાણે હોય કે બહિરંગ વેશપ્રમાણે હોય? કેમકે બન્ને દ્રવ્યજ જ્યારે જુદા છે ત્યારે આત્માને અનુસરતા જ્ઞાનવ્યાપારમાં બહિરંગ વેશ અંતરાય કરે? સંયમની વ્યાખ્યા શાસ્ત્રમાં સ્થિરતારૂપ કહી છે કે વેશરૂપ કહી છે? આ પ્રશ્નને આપની વિચારણામાં સ્થાન આપી કૃપા કરશો.

('શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ના પ્રથમ પત્રનો અંશ)

ધર્મ તત્ત્વની અભ્રાંત ઓળખ છે – મેં ક્યાંય સમ્યક્ત્વના નિર્ણાયક તરીકે બહિરંગ વેષની વાત કરેલ નથી. તેથી બહિરંગ વેષનો વિકલ્પ, તેના દ્વારા આપત્તિનું આપાદન, સંયમની વ્યાખ્યા વિષયક પ્રશ્ન વગેરેના આપના વિધાનો તદ્દન અપ્રસ્તુત છે.

શ્રીમદ્ રાજચંદ્રની બાબતે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે 'તેઓમાં વૈરાગ્ય, વિદ્વત્તા, ત્યાગ, નિઃસ્પૃહતા વગેરે ઘણાં ગુણો હતાં, છતાંય વિચારોની એકવાક્યતા કે નિર્ણયસ્થૈર્યતા વગેરે ઉપદેશક માટે જે આવશ્યક ગુણો જોઈએ તે તેમનામાં ન હતાં. આના કારણે તેમના અનેક લખાણો પૂર્વાપરવિરોધયુક્ત બન્યા છે. જે વાતનું ભૂતકાળમાં પોતે મંડન કર્યું હોય તે જ વાતનું તેમના દ્વારા ભવિષ્યમાં ખંડન પણ થયેલ છે અને ખંડન થયા બાદ પાછું મંડન પણ થયેલ છે'. અત્રે તેનાં કેટલાંક ઉદાહરણો ટાંકું છું :

(૧) પરમેશ્વરનું સ્વરૂપ બતાવતાં શ્રીમદ્જીએ ૧૭ વર્ષની ઊંમરે **મોક્ષમાળા–શિક્ષાપાઠ નં. ૧૩**માં – 'જેઓ અજ્ઞાન, મિથ્યાત્વ, રાગ–દ્વેષ વગેરે અઢારે દોષોથી રહિત હોય તેમને જ પરમેશ્વર મનાય.' અન્યને પરમાત્મા માનવાની વાતનું તેઓએ ખંડન કરેલ છે. જ્યારે ૨૪મા વર્ષે તેઓ પત્રમાં લખે છે કે "ભાગવત્માં વર્ણવેલ લીલાપુરુષ શ્રીકૃષ્ણ પરમાત્મસ્વરૂપ છે".

## શિક્ષાપાઠ ૧૩. જિનેશ્વરની ભક્તિ—ભાગ ૧

જિજ્ઞાસુ—વિચક્ષણ સત્ય! કોઈ શંકરની, કોઈ બ્રહ્માની, કોઈ વિષ્ણુની, કોઈ સૂર્યની, કોઈ અગ્નિની, કોઈ ભવાનીની, કોઈ પેગમ્બરની અને કોઈ ઈસુ ખ્રિસ્તની ભક્તિ કરે છે. એઓ ભક્તિ કરીને શી આશા રાખતા હશે?

સત્ય—પ્રિય જિજ્ઞાસુ, તે ભાવિક મોક્ષ મેળવવાની પરમ આશાથી એ દેવોને ભજે છે.

જિજ્ઞાસુ—કહો ત્યારે એથી તેઓ ઉત્તમ ગતિ પામે એમ તમારું મત છે?

સત્ય—એઓની ભક્તિ વડે તેઓ મોક્ષ પામે એમ હું કહી શકતો નથી. જેઓને તે પરમેશ્વર કહે છે તેઓ કંઈ મોક્ષને પામ્યા નથી; તો પછી ઉપાસકને એ મોક્ષ ક્યાંથી આપે? શંકર વગેરે કર્મક્ષય કરી શક્યા નથી અને દૂષણ સહિત છે, એથી તે પૂજવા યોગ્ય નથી.

જિજ્ઞાસુ—એ દૂષણો ક્યાં ક્યાં તે કહો.

સત્ય— 'અજ્ઞાન, કામ, હાસ્ય, રતિ, અરતિ વગેરે મળીને અઢાર' દૂષણમાંનું એક દૂષણ હોય તોપણ તે અપૂજ્ય છે. એક સમર્થ પંડિતે પણ કહ્યું છે કે, 'પરમેશ્વર છું' એમ મિથ્યા રીતે મનાવનારા પુરુષો પોતે પોતાને ઠગે છે; કારણ, પડખામાં સ્ત્રી હોવાથી તેઓ વિષયી ઠરે છે; શસ્ત્ર ધારણ કરેલાં હોવાથી દ્વેષી ઠરે છે. જપમાળા ધારણ કર્યાથી તેઓનું ચિત્ત વ્યગ્ર છે એમ

સૂચવે છે. 'મારે શરણે આવ, હું સર્વ પાપ હરી લઉં' એમ કહેનારા અભિમાની અને નાસ્તિક ઠરે છે. આમ છે તો પછી બીજાને તેઓ કેમ તારી શકે? વળી, કેટલાક અવતાર લેવારૂપે પરમેશ્વર કહેવરાવે છે તો 'ત્યાં અમુક કર્મનું પ્રયોજન તે પરથી સિદ્ધ થાય છે'.

જિજ્ઞાસુ— ભાઇ, ત્યારે પૂજ્ય કોણ અને ભક્તિ કોની કરવી કે જે વડે આત્મા સ્વશક્તિનો પ્રકાશ કરે?

સત્ય— શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ 'અનંત સિદ્ધની' ભક્તિથી, તેમજ સર્વદૂષણરહિત, કર્મમલહીન, મુક્ત, નીરાગી, સકળભયરહિત, સર્વજ્ઞ, સર્વદર્શી જિનેશ્વર ભગવાનની ભક્તિથી આત્મશક્તિ પ્રકાશ પામે છે.

... ... ...

૨૧૮ મુંબઈ, ફાગણ સુદ ૧૩, સોમ, ૧૯૪૭

## સર્વાત્મા હરિને નમસ્કાર

ભાગવતાદિકમાં તો જે શ્રીકૃષ્ણ વર્ણવ્યા છે તે તો પરમાત્મા જ છે પરમાત્માની લીલાને મહાત્મા કૃષ્ણને નામે ગાઈ છે. અને એ ભાગવત અને એ કૃષ્ણ જો મહાપુરુષથી સમજી લે તો જીવ જ્ઞાન પામી જાય એમ છે. આ વાત અમને બહુ પ્રિય છે.

(૨) પત્રાંક ૨૮માં તેઓશ્રીનું કહેવું છે કે કલિકાલમાં ધર્મપ્રવર્તન કરવા જે ચમત્કારો જરૂરી છે તે મારી પાસે એકત્ર છે અને બીજા નવા ભળતા જાય છે. જ્યારે પત્રાંક ૨૯૦માં 'ચમત્કાર બતાવીને યોગ સિદ્ધ કરવો તે યોગીનું લક્ષણ નથી' એમ કહેલ છે.

(૩) પત્રાંક ૨૭માં તેઓ ચત્રભુજ બેચરભાઇને જણાવે છે કે – "તમે મને ધર્મપ્રવર્તનમાં અગ્રિમ સહાયક બનો તેવી શક્યતા છે. તેથી તમે તમારા જન્માક્ષર મને મોકલશો", સાથે તે જ પત્રમાં "અત્યારે હું સર્વપ્રકારે સર્વજ્ઞ સમાન થઇ ગયો છું", એવું શ્રીમદ્નું કહેવું છે.

(૪) શ્રીમદ્જીની ૨૦ વર્ષની ઊંમરે લખાયેલ પત્રાંક ૨૭નો આશય એ છે કે – મેં, મારે પ્રવર્તાવવાના ધર્મ માટે શિષ્યો અને સભાની સ્થાપના કરેલ છે. શિષ્યના આચારરૂપ સાતસો મહાનીતિઓ પણ એક દિવસમાં રચી દીધેલ છે – જ્યારે ૨૯મા વર્ષે લખેલા પત્રાંક ૭૦૮નો ભાવ – મેં હજુ સુધી કોઇને પણ વ્રત–પચ્ચક્ખાણ આપ્યા નથી કે ગુરુ–શિષ્ય તરીકેનો વ્યવહાર પ્રદર્શિત કર્યો નથી – એવો છે.

૨૮ મુંબઈ બંદર, સોમવાર, ૧૯૪૩

પ્રિય મહાશય,

રજિસ્ટર પત્ર સહ જન્મગ્રહ પહોંચ્યા છે.

હજી મારા દર્શનને જગતમાં પ્રવર્તન કરવાને કેટલોક વખત છે. હજી હું સંસારમાં તમારી ધારેલી કરતાં વધારે મુદ્દત રહેવાનો છું. જિંદગી સંસારમાં કાઢવી અવશ્ય પડશે તો તેમ કરીશું. હાલ તો એથી વિશેષ મુદ્દત રહેવાનું બની શકશે. સ્મૃતિમાં રાખજો કે કોઈને નિરાશ નહીં કરું. ધર્મ સંબંધી તમારા વિચાર દર્શાવવા પરિશ્રમ લીધો તે ઉત્તમ કર્યું છે. કોઈ પ્રકારથી અડચણ નહીં આવે. પંચમકાળમાં પ્રવર્તન કરવામાં જે જે ચમત્કારો જોઈએ તે એકત્ર છે અને થતા જાય છે. હમણાં એ સઘળા વિચારો કેવળ પવનથી પણ ગુપ્ત રાખજો. એ કૃત્ય સૃષ્ટિ પર વિજય પામવાનું જ છે.

તમારા ગ્રહને માટે તેમજ દર્શનસાધના, ધર્મ ઇત્યાદિ સંબંધી વિચારો સમાગમે દર્શાવીશ. હું થોડા વખતમાં સંસારી થવા ત્યાં આવવાનો છું. તમને આગળથી મારા ભણીનું આમંત્રણ છે.

વધારે લખવાની રૂડી આદત નહીં હોવાથી પત્રિકા, ક્ષેમકુશલ અને શુક્લપ્રેમ ચાહી, પૂર્ણ કરું છું.

લિ૦ રાયચંદ્ર

... ... ...

૨૬૦ મુંબઈ, શ્રાવણ સુદ ૯, ગુરુ, ૧૯૪૭

નથુરામજીનાં પુસ્તક વિષે, તથા તેના વિષે આપે લખ્યું તે જાણ્યું. હાલ કંઈ એવું જાણવા ઉપર ચિત્ત નથી. તેનાં એકાદ બે પુસ્તકો છપાયેલાં છે, તે મેં વાંચેલાં છે.

ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો, એ યોગીનું લક્ષણ નથી. સર્વોત્તમ યોગી તો એ છે કે સર્વ પ્રકારની સ્પૃહાથી રહિતપણે સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ જે સર્વ પ્રકારે 'સત્' જ આચરે છે, જગત જેને વિસ્મૃત થયું છે. અમે એ જ ઇચ્છીએ છીએ.

---

... ... ...

૨૭ મુંબઈ, સં. ૧૯૪૩

... ... ...

અત્રે એ ધર્મના શિષ્યો કર્યા છે. અત્રે એ ધર્મની સભા સ્થાપન કરી લીધી છે.

સાતસેં મહાનીતિ હમણાં એ ધર્મના શિષ્યોને માટે એક દિવસે તૈયાર કરી છે.

... ... ...

તમારા ગ્રહ મને અહીં વળતીએ બીડી દેશો. મને આશા છે કે તે ધર્મ પ્રવર્તાવવામાં તમે મને ઘણા સહાયક થઈ પડશો; અને મારા મહાન શિષ્યોમાં તમે અગ્રેસરતા ભોગવશો. તમારી શક્તિ અદ્‌ભુત હોવાથી આવા વિચાર લખતાં હું અટક્યો નથી.

... ... ...

સર્વ પ્રકારથી હું સર્વજ્ઞ સમાન અત્યારે થઈ ચૂક્યો છું, એમ કહું તો ચાલે.

... ... ...

૭૦૮ રાળજ, ભાદરવા, ૧૯૫૨

... ... ... ... ... ... ...

નાની વયે માર્ગનો ઉદ્ધાર કરવા સંબંધી જિજ્ઞાસા વર્તતી હતી, ત્યાર પછી જ્ઞાનદશા આવ્યે ક્રમે કરીને તે ઉપશમ જેવી થઈ; પણ કોઈ કોઈ લોકો પરિચયમાં આવેલા, તેમને કેટલીક વિશેષતા ભાસવાથી કંઈક મૂળમાર્ગ પર લક્ષ આવેલો, અને આ બાજુ તો સેંકડો અથવા હજારો માણસો

પ્રસંગમાં આવેલા, જેમાંથી કંઈક સમજણવાળા તથા ઉપદેશક પ્રત્યે આસ્થાવાળા એવા સો એક માણસ નીકળે. એ ઉપરથી એમ જોવામાં આવ્યું કે લોકો તરવાના કામી વિશેષ છે, પણ તેમને તેવો યોગ બાઝતો નથી. જો ખરેખર ઉપદેશક પુરુષનો જોગ બને તો ઘણા જીવ મૂળમાર્ગ પામે તેવું છે, અને દયા આદિનો વિશેષ ઉદ્યોત થાય એવું છે. એમ દેખાવાથી કંઈક ચિત્તમાં આવે છે કે આ કાર્ય કોઈ કરે તો ઘણું સારું, પણ દૃષ્ટિ કરતાં તેવો પુરુષ ધ્યાનમાં આવતો નથી, એટલે કંઈક લખનાર પ્રત્યે જ દૃષ્ટિ આવે છે, પણ લખનારનો જન્મથી લક્ષ એવો છે કે એ જેવું એકે જોખમવાળું પદ નથી. અને પોતાની તે કાર્યની યથાયોગ્યતા જ્યાં સુધી ન વર્તે ત્યાં સુધી તેની ઇચ્છામાત્ર પણ ન કરવી, અને ઘણું કરીને હજુ સુધી તેમ વર્તવામાં આવ્યું છે. માર્ગનું કંઈ પણ સ્વરૂપ કંઈકને સમજાવ્યું છે, તથાપિ કોઈને એક વ્રતપચ્ચખાણ આપ્યું નથી, અથવા તમે મારા શિષ્ય છો, અને અમે ગુરુ છીએ એવો ઘણું કરીને પ્રકાર દર્શિત થયો નથી. ... ...

**(૫) તેઓ ૨૦મા વર્ષે લખે છે કે 'હું બીજો મહાવીર છું. સર્વજ્ઞ સમાન છું'. જ્યારે ૨૩મા વર્ષે તેઓએ પત્રાંક ૧૬૧ અને પત્રાંક ૧૬૨માં પોતાની સંદેહયુક્ત સ્થિતિનું અત્યંત હૃદયદ્રાવક વર્ણન કર્યું છે. અરે ! ત્યાં સુધી કે તેવી સંદેહયુક્ત સ્થિતિથી કંટાળી જઈને ઝેર પીને આપઘાત કરવાની વાત પણ તેઓએ કરી છે. શું કરવું ? તે પણ ન સૂઝે તેવી દિગ્મૂઢતારૂપ સ્થિતિના અનુભવની તેમની કબૂલાત છે. શું શ્રીમદ્ રાજચંદ્રના મતે સર્વજ્ઞ થયા પછી ફરી દિગ્મૂઢ કે અસર્વજ્ઞ થઈ શકાય છે ?**

**૨૪મા વર્ષે તેઓ જણાવે છે કે 'પોતે નિઃસંદેહ જ્ઞાનાવતાર સ્વરૂપ વીતરાગી પુરુષ છે'. ૨૯મા વર્ષે શ્રીમદ્જી ફરી પાછા મહાવીરતુલ્ય સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ થાય છે. આગળ જતાં તેઓને લાગે છે કે 'પોતાનામાં જૈનદર્શનનું કેવળજ્ઞાન નથી. અરે ! જૈનધર્મના ઉપદેશક થવાની પણ યોગ્યતા નથી. માત્ર વેદાંતધર્મને સ્થાપવાની સક્ષમતા પોતાનામાં ઘટે છે'.**

૨૭ મુંબઈ, સં. ૧૯૪૩

... ... ... ... ... ... ...

હું બીજો મહાવીર છું, એમ મને આત્મિક શક્તિ વડે જણાયું છે. મારા ગ્રહ દશ વિદ્વાનોએ મળી પરમેશ્વરગ્રહ ઠરાવ્યા છે. સત્ય કહું છું કે હું સર્વજ્ઞ સમાન સ્થિતિમાં છું. વૈરાગ્યમાં ઝીલું છું.

આશુપ્રજ્ઞ રાજચંદ્ર

... ... ...

૧૬૧

હે સહજાત્મસ્વરૂપી, તમે ક્યાં ક્યાં અને કેવી કેવી રીતે મૂંઝાયા છો ? તે કહો. આવી વિભ્રમ અને દિગ્મૂઢ દશા શી ?

હું શું કહું ? તમને શું ઉત્તર આપું ? મતિ મૂંઝાઈ ગઈ છે, ગતિ ચાલતી નથી. ખેદ ખેદ

અને કષ્ટ કષ્ટ આત્મામાં થઈ રહેલ છે. ક્યાંય દૃષ્ટિ ઠરતી નથી, અને નિરાધાર નિરાશ્રય થઈ ગયા છીએ. ઊંચાનીચા પરિણામ પ્રવહ્યા કરે છે. અથવા અવળા વિચાર લોકાદિક સ્વરૂપમાં આવ્યા કરે છે, કિંવા ભ્રાન્તિ અને મૂઢતા રહ્યા કરે છે. કંઈ દૃષ્ટિ પહોંચતી નથી. ભ્રાન્તિ પડી ગઈ છે કે હવે મારામાં કંઈ વિશેષ ગુણ દેખાતા નથી. હું હવે બીજા મુમુક્ષુઓને પણ સાચા સ્નેહે પ્રિય નથી. ખરા ભાવથી મને ઇચ્છતા નથી. અથવા કંઈક ખેંચાતા ભાવથી અને મધ્યમ સ્નેહે પ્રિય ગણે છે. વધારે પરિચય ન કરવો જોઈએ, તે મેં કર્યો, તેનો પણ ખેદ થાય છે

બધાં દર્શનમાં શંકા થાય છે. આસ્થા આવતી નથી.

જો એમ છે તોપણ ચિંતા નથી. આત્માની આસ્થા છે કે તે પણ નથી?

તે આસ્થા છે. તેનું અસ્તિત્વ છે, નિત્યત્વ છે, અને ચૈતન્યવંત છે. અજ્ઞાને કર્તાભોક્તાપણું છે. જ્ઞાને કર્તાભોક્તાપણું પરયોગનું નથી.

જ્ઞાનાદિ તેનો ઉપાય છે. એટલી આસ્થા છે. પણ તે આસ્થા પર હાલ વિચાર શૂન્યતાવત્ વર્તે છે. તેનો મોટો ખેદ છે.

આ જે તમને આસ્થા છે તે જ સમ્યગ્દર્શન છે. શા માટે મૂંઝાઓ છો? વિકલ્પમાં પડો છો?

તે આત્માના વ્યાપકપણા માટે, મુક્તિસ્થાન માટે, જિનકથિત કેવળજ્ઞાન તથા વેદાંતકથિત કેવળજ્ઞાન માટે, તથા શુભાશુભ ગતિ ભોગવવાનાં લોકનાં સ્થાન તથા તેવાં સ્થાનના સ્વભાવે શાશ્વત હોવાપણા માટે, તથા તેના માપને માટે વારંવાર શંકા ને શંકા જ થયા કરે છે, અને તેથી આત્મા ઠરતો નથી.

જિનોક્ત તે માનોને!

ઠામઠામ શંકા પડે છે. ત્રણ ગાઉના માણસ — ચક્રવર્તી આદિનાં સ્વરૂપ વગેરે ખોટાં લાગે છે. પૃથ્વ્યાદિનાં સ્વરૂપ અસંભવિત લાગે છે.

તેનો વિચાર છોડી દેવો.

છોડ્યો છૂટતો નથી.

શા માટે?

જો તેનું સ્વરૂપ તેના કહ્યા પ્રમાણે ન હોય તો તેમને કેવળજ્ઞાન જેવું કહ્યું છે તેવું ન હતું, એમ સિદ્ધ થાય છે. તો તેમ માનવું? તો પછી લોકનું સ્વરૂપ કોણ યથાર્થ જાણે છે એમ માનવું? કોઈ જાણતા નથી એમ માનવું? અને એમ જાણતાં તો બધાએ અનુમાન કરીને જ કહ્યું છે એમ માનવું પડે. તો પછી બંધમોક્ષાદિ ભાવની પ્રતીતિ શી?

યોગે કરી તેવું દર્શન થતું હોય, ત્યારે શા માટે ફેર પડે?

સમાધિમાં નાની વસ્તુ મોટી દેખાય અને તેથી માપમાં વિરોધ આવે. સમાધિમાં ગમે તેમ દેખાતું હોય પણ મૂળ રૂપ આવડું છે અને સમાધિમાં આ પ્રમાણે દેખાય છે, એમ કહેવામાં હાનિ શી હતી?

તે કહેવામાં આવ્યું હોય, પણ વર્તમાન શાસ્ત્રમાં તે નથી રહ્યું એમ ગણતાં હાનિ શી?

હાનિ કંઈ નહીં. પણ એમ સ્થિરતા યથાર્થ આવતી નથી.

બીજા પણ ઘણા ભાવોમાં ઠામ ઠામ વિરોધ દેખાય છે.

તમે પોતે ભૂલતા હો તો?

તે પણ ખરું, પણ અમે સાચું સમજવાના કામી છીએ. કંઈ લાજશરમ, માન, પૂજાદિના કામી નથી; છતાં સાચું કેમ ન સમજાય?

સદ્ગુરુની દૃષ્ટિએ સમજાય. પોતાથી યથાર્થ ન સમજાય.

સદ્ગુરુનો યોગ તો બાઝતો નથી. અને અમને સદ્ગુરુ તરીકે ગણવાનું થાય છે. તે કેમ કરવું? અમે જે વિષયમાં શંકામાં છીએ તે વિષયમાં બીજાને શું સમજાવવું? કંઈ સમજાવ્યું જતું નથી અને વખત વીત્યો જાય છે. એ કારણથી તથા કંઈક વિશેષ ઉદયથી ત્યાગ પણ થતો નથી. જેથી બધી સ્થિતિ શંકારૂપ થઈ પડી છે. આ કરતાં તો અમારે ઝેર પીને મરવું તે ઉત્તમ છે, સર્વોત્તમ છે.

દર્શનપરિષહ એમ જ વેદાય?

તે યોગ્ય છે. પણ અમને લોકોનો પરિચય "જ્ઞાની છીએ" એવી તેમની માન્યતા સાથે ન પડ્યો હોત તો ખોટું શું હતું?

તે બનનાર.

અરે! હે દુષ્ટાત્મા! પૂર્વે ત્યાં બરાબર સન્મતિ ન રાખી અને કર્મબંધ કર્યાં તો હવે તું જ તેનાં ફળ ભોગવે છે. તું કાં તો ઝેર પી અને કાં તો ઉપાય તત્કાળ કર.

યોગસાધન કરું?

તેમાં બહુ અંતરાય જોવામાં આવે છે. વર્તમાનમાં પરિશ્રમ કરતાં પણ તે ઉદયમાં આવતું નથી.

---

૧૬૨

હે શ્રી........! તમે શંકારૂપ વમળમાં વારંવાર વહો છો તેનો અર્થ શો છે? નિઃસંદેહ થઈને રહો, અને એ જ તમારો સ્વભાવ છે.

હે અંતરાત્મા! તમે કહ્યું જે વાક્ય તે યથાર્થ છે, નિઃસંદેહપણે સ્થિતિ એ સ્વભાવ છે, તથાપિ સંદેહના આવરણનો કેવળ ક્ષય જ્યાં સુધી કરી શકાયો ન હોય ત્યાં સુધી તે સ્વભાવ ચલાયમાન અથવા અપ્રાપ્ત રહે છે, અને તે કારણથી અમને પણ વર્તમાન દશા છે.

હે શ્રી........! તમને જે કંઈ સંદેહ વર્તતા હોય તે સંદેહ સ્વવિચારથી અથવા સત્સમાગમથી ક્ષય કરો.

હે અંતરાત્મા! વર્તમાન આત્મદશા જોતાં જો પરમ સત્સમાગમ પ્રાપ્ત થયો હોય, અને તેમના આશ્રયે વૃત્તિ પ્રતિબંધ પામી હોય તો તે સંદેહની નિવૃત્તિનો હેતુ થવો સંભવે છે. બાકી બીજો કોઈ ઉપાય દેખાતો નથી, અને પરમ સત્સમાગમ અથવા સત્સમાગમ પણ પ્રાપ્ત થવો મહા કઠણ છે.

હે શ્રી........! તમે કહો છો તેમ સત્સમાગમનું દુર્લભપણું છે, એમાં સંશય નથી, પણ તે દુર્લભપણું જો સુલભ ન થાય તેમ વિશેષ અનાગતકાળમાં પણ તમને દેખાતું હોય તો તમે શિથિલતાનો ત્યાગ કરી સ્વવિચારનું દૃઢ અવલંબન ગ્રહણ કરો, અને પરમપુરુષની આજ્ઞામાં ભક્તિ રાખી સામાન્ય સત્સમાગમમાં પણ કાળ વ્યતીત કરો.

હે અંતરાત્મા ! તે સામાન્ય સત્સમાગમી અમને પૂછી સંદેહની નિવૃત્તિ કરવા ઇચ્છે છે, અને અમારી આજ્ઞાએ પ્રવર્તવું કલ્યાણરૂપ છે એમ જાણી વશવર્તીપણે વર્ત્યા કરે છે; જેથી અમને તેમના સમાગમમાં તો નિજવિચાર કરવામાં પણ તેમની સંભાળ લેવામાં પડવું પડે, અને પ્રતિબંધ થઈ સ્વવિચારદશા બહુ આગળ ન વધે, એટલે સંદેહ તો તેમ જ રહે. એવું સંદેહસહિતપણું હોય ત્યાં સુધી બીજા જીવોના એટલે સામાન્ય સત્સમાગમાદિમાં પણ આવવું ન ઘટે, માટે શું કરવું તે સૂઝતું નથી.

... ... ...

૧૬૭ મુંબઈ, કારતક સુદ ૧૨, રવિ, ૧૯૪૭

... ... ... ... ... ... ... તેઓ હાલ વિદ્યમાન છે. યુવાવસ્થાના પહેલા ભાગમાં છે. અપ્રગટપણે પ્રવર્તવાની હાલ તેમની ઇચ્છા છે. નિઃસંદેહસ્વરૂપ જ્ઞાનાવતાર છે અને વ્યવહારમાં બેઠા છતાં વીતરાગ છે. ...

૬૮૦ મુંબઈ, ચૈત્ર સુદ ૧૩, ૧૯૫૨

... ... ... ... ... ... ...

વધારે શું કહેવું ? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.

... ... ...

૭૦૮ રાળજ, ભાદરવા, ૧૯૫૨

... ... ... ... ...મારા મનમાં એમ રહે છે કે વેદોક્ત ધર્મ પ્રકાશવો અથવા સ્થાપવો હોય તો મારી દશા યથાયોગ્ય છે. પણ જિનોક્ત ધર્મ સ્થાપવો હોય તો હજુ તેટલી યોગ્યતા નથી, તોપણ વિશેષ યોગ્યતા છે, એમ લાગે છે.

આવી બધી બદલાતી માનસિક સ્થિતિઓ તેમના વિચારોની સુબદ્ધતા દર્શાવતી નથી. આપે પૂછાવેલ ઈશ્વરકર્તૃત્વવાદ વિશે પણ આવું જ કાંઈક બનેલ છે.

* * *

*** ખુલાસો (૯) :**

શ્રીમદ્જી ભાવનાબોધ, મોક્ષમાળા, આત્મસિદ્ધિશાસ્ત્ર વગેરે ગ્રંથોમાં ઈશ્વર–કર્તૃત્વવાદનું ખંડન કરે છે. જ્યારે બીજા અનેક સ્થળોએ તેનાથી ઠીક વિરોધી વાત પણ કરેલ છે.

**(૧) પત્રાંક ૧૫૮માં "આખું વિશ્વ ભગવાનસ્વરૂપ છે. ભગવાન જ પોતાની ઇચ્છાથી જગતરૂપ થાય છે. અનંતકાળ પહેલાં આ વિશ્વ ભગવાનમાંથી ઉત્પન્ન થયું છે અને ભવિષ્યમાં ભગવાનમાં લય પામી જશે. જડ–ચેતન સર્વ પદાર્થોની ઉત્પત્તિ ભગવાનથી જ થઈ છે. આખા જગતનું સંચાલન કરનાર ભગવાન છે. આ વાત હું નહીં ખુદ ભગવાને કહેલી છે" એમ શ્રીમદ્જીનો આશય છે.**

## ૧૫૮

ૐ

સત્

શ્રીમાન પુરુષોત્તમ, શ્રી સદ્‌ગુરુ અને સંત એ વિષે અમને ભેદબુદ્ધિ છે જ નહીં. ત્રણે એકરૂપ જ છે.

આ સમસ્ત વિશ્વ ભગવદ્‌રૂપ જ છે. તે ભગવત જ સ્વેચ્છાએ જગદાકાર થયા છે.

ત્રણે કાળમાં ભગવત્ ભગવત્ સ્વરૂપ જ છે. વિશ્વાકાર થતાં છતાં નિર્બાધ જ છે. જેમ સર્પ કુંડલાકાર થાય તેથી કોઈ પણ પ્રકારના વિકારને પામતો નથી, અને સ્વરૂપથી ચ્યુત થતો નથી, તેમ શ્રી હરિ જગદાકાર થયા છતાં સ્વરૂપમાં જ છે.

અમારો અને સર્વ જ્ઞાનીઓનો નિશ્ચય છે કે, અનંત સ્વરૂપે એક તે ભગવત જ છે.

અનંતકાળ પહેલાં આ સમસ્ત વિશ્વ તે શ્રીમાન ભગવતથી જ ઉત્પન્ન થયું હતું; અનંતકાળે લય થઈ તે ભગવતરૂપ જ થશે.

ચિત્ અને આનંદ એ બે 'પદાર્થ' જડને વિષે ભગવતે તિરોભાવે કર્યા છે. જીવને વિષે એક આનંદ જ તિરોભાવે કરેલ છે. સ્વરૂપે તો સર્વ સત્–ચિત્–આનંદ–રૂપ જ છે. સ્વરૂપલીલા ભજવાને અર્થે ભગવતની આવિર્ભાવ અને તિરોભાવ નામની શક્તિઓ પ્રચરે છે.

એ જડ કે જીવ ક્યાંય બીજેથી આવ્યા નથી. તેની ઉત્પત્તિ શ્રીમાન હરિથી જ છે. તેના તે અંશ જ છે; બ્રહ્મરૂપ જ છે; ભગવતરૂપ જ છે.

સર્વ આ જે કંઈ પ્રવર્તે છે તે શ્રીમાન હરિથી જ પ્રવર્તે છે. સર્વ તે છે. સર્વ તે જ રૂપ છે ભિન્નભાવ અને ભેદાભેદનો અવકાશ જ નથી; તેમ છે જ નહીં. ઈશ્વરેચ્છાથી તેમ ભાસ્યું છે; અને તે તે( શ્રીમાન હરિ )ને જ ભાસ્યું છે; અર્થાત્ તું તે જ છો. 'तत्त्वमसि',

આનંદનો અંશ આવિર્ભાવ હોવાથી જીવ તે શોધે છે; અને તેથી જેમાં ચિત્ અને આનંદ એ બે અંશો તિરોભાવે કર્યા છે એવા જડમાં શોધવાના ભ્રમમાં પડ્યો છે; પણ તે આનંદસ્વરૂપ તો ભગવતમાં જ પ્રાપ્ત થવાનું છે. જે પ્રાપ્ત થયે, આવો અખંડ બોધ થયે, આ સમસ્ત વિશ્વ બ્રહ્મરૂપ જ ભગવતરૂપ જ ભાસશે, એમ છે જ. એમ અમારો નિશ્ચય અનુભવ છે જ.

જ્યારે આ સમસ્ત વિશ્વ ભગવદ્‌સ્વરૂપ લાગશે ત્યારે જીવભાવ મટી જઈ સત્–ચિત્–આનંદ એવું બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત થશે. 'अहं ब्रह्मास्मि'.

[ અપૂર્ણ ]

---

(૨) પત્રાંક ૧૫૯માં આ જ વાત તેઓએ દોહરાવી છે કે – શ્રીમાન હરિ જ જગતને સમેટે છે અને વિસ્તારે છે.

૧૫૯

## તે અચિંત્યમૂર્તિ હરિને નમસ્કાર

પરમ પ્રેમસ્વરૂપ આનંદમૂર્તિ આનંદ જ જેનું સ્વરૂપ છે એવા શ્રીમાન હરિના ચરણકમળની અનન્ય ભક્તિ અમો ઇચ્છીએ છીએ. વારંવાર અને અસંખ્ય પ્રકારે અમોએ વિચાર કર્યો કે શી રીતે અમે સમાધિરૂપ હોઈએ ? તો તે વિચારનો છેવટે નિર્ણય થયો કે સર્વરૂપે એક શ્રી હરિ જ છે એમ તારે નિશ્ચય કરવો જ.

સર્વત્ર આનંદરૂપ સત્ છે. વ્યાપક એવા શ્રી હરિ નિરાકાર માનીએ છીએ અને કેવળ તે સર્વના બીજભૂત એવા અક્ષરધામને વિષે શ્રી પુરુષોત્તમ સાકાર સુશોભિત છે.

કેવળ તે આનંદની જ મૂર્તિ છે. સર્વ સત્તાની બીજભૂત તે શાશ્વત મૂર્તિને ફરી ફરી અમે જોવા તલસીએ છીએ.

અનંત પ્રદેશભૂત એવું તે શ્રી પુરુષોત્તમનું સ્વરૂપ રોમે રોમે અનંત બ્રહ્માંડાત્મક સત્તાએ ભર્યું છે, એમ નિશ્ચય છે, એમ દૃઢ કર્યું છું.

આ સૃષ્ટિ પહેલાં તે શ્રીમાન પુરુષોત્તમ એક જ હતા અને તે પોતાની ઇચ્છાથી જગતરૂપે થયેલ છે.

બીજભૂત એવા તે શ્રીમાન પરમાત્મા આવી મહા વિસ્તાર સ્થિતિમાં આવે છે. સર્વત્ર ભરપૂર એવો અમૃતરસ તે બીજને વૃક્ષ સમ થવામાં શ્રી હરિ પ્રેરે છે.

સર્વ પ્રકારે તે અમૃતરસ તે શ્રી પુરુષોત્તમની ઇચ્છારૂપ નિયતિને અનુસરે છે કારણ કે તે તે જ છે.

અનંતકાળે શ્રીમાન હરિ આ જગતને સંપેટે છે. ઉત્પત્તિ પ્રથમ બંધ મોક્ષ કાંઈ હતુંયે નહીં અને અનંત લય પછી હશે પણ નહીં. હરિ એમ ઇચ્છે જ છે કે એક એવો હું બહુરૂપે હોઉં અને તેમ હોય છે.

---

(૩) જૈનશાસ્ત્રકારો કહે છે કે 'તીર્થંકરો પૂર્વના ત્રીજા ભવે જગતના સર્વ જીવોને તારવાના પરમોત્કૃષ્ટ મૈત્રીભાવથી મહામહિમાવંત તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે[૫]. જ્યારે શ્રીમદ્જીના પત્રાંક ૧૮૦નો આશય એ છે કે – પરમેશ્વર ભવમાં ભટકાવનારા છે. પરમેશ્વર જેને ભવમાં રખડાવતાં હોય તેને ભટકતાં અટકાવવાં તે ઈશ્વરી નિયમનો ભંગ છે'.

૧૮૦ મુંબઈ, માગશર સુદ ૪, સોમ, ૧૯૪૭

... ... ... ... ... ... ...

મુનિને સમજાવ્યાની માથાકૂટમાં આપ ન પડો તો સારું. જેને પરમેશ્વર ભટકવા દેવા ઇચ્છે છે, તેને નિષ્કારણ ભટકતા અટકાવવા એ ઈશ્વરી નિયમનનો ભંગ કર્યો નહીં ગણાય શા માટે ?

... ... ... ... ... ... ...

(૪) અરે ! શ્રીમદ્જીએ જગત્કર્તૃત્વની એટલી દૃઢ શ્રદ્ધા <u>પત્રાંક ૨૧૮</u> પર વ્યક્ત કરી છે કે તીર્થંકરોની સર્વજ્ઞતા પર પણ તેઓએ પ્રશ્નાર્થચિહ્ન મૂકી દીધેલ છે ! તેઓના કહેવાનો ભાવ એ છે કે 'જૈનદર્શનમાં જગતના અધિષ્ઠાનનું વર્ણન નથી તેથી તીર્થંકરો અમને સર્વજ્ઞ જણાતાં નથી. અધિષ્ઠાન વગરના જગતનું વર્ણન પાછળના અનેક આચાર્યોને પણ ભ્રમજનક બન્યું છે. અરે ! જૈનદર્શનરૂપી વહાણ તેના કારણે ખરાબે ચડી ગયેલ છે'.

તેઓનું માનવું છે કે – 'જગતના અધિષ્ઠાનનું વર્ણન તીર્થંકરના શ્રીમુખે વર્ણવેલું હોય તો જ તેઓની મહાપુરુષ તરીકેની ખ્યાતિ અખંડિત ગણાય'. **અધિષ્ઠાનનો અર્થ** તેઓએ પોતે <u>પત્રાંક ૨૨૦</u>માં – જગત જેમાંથી ઉત્પન્ન થાય અને લય પામે તે અધિષ્ઠાન – એમ કરેલ છે અને આવા અધિષ્ઠાનરૂપ હરિ ભગવાન છે' તેમ તેઓએ <u>પત્રાંક ૨૧૮</u>માં દૃઢપણે જણાવ્યું છે.

૨૧૮ મુંબઈ, ફાગણ સુદ ૧૩, સોમ, ૧૯૪૭

## સર્વાત્મા હરિને નમસ્કાર

'સત્' સત્ છે, સરળ છે, સુગમ છે, તેની પ્રાપ્તિ સર્વત્ર હોય છે.

સત્ છે. કાળથી તેને બાધા નથી. તે સર્વનું અધિષ્ઠાન છે. વાણીથી અકથ્ય છે. તેની પ્રાપ્તિ હોય છે; અને તે પ્રાપ્તિનો ઉપાય છે.

ગમે તે સંપ્રદાય, દર્શનના મહાત્માઓનો લક્ષ એક 'સત્' જ છે. વાણીથી અકથ્ય હોવાથી મૂંગાની શ્રેણે સમજાવ્યું છે; જેથી તેઓના કથનમાં કંઈક ભેદ લાગે છે; વાસ્તવિક રીતે ભેદ નથી.

લોકનું સ્વરૂપ સર્વ કાળ એક સ્થિતિનું નથી; ક્ષણે ક્ષણે તે રૂપાંતર પામ્યા કરે છે; અનેક રૂપ નવાં થાય છે; અનેક સ્થિતિ કરે છે અને અનેક લય પામે છે; એક ક્ષણ પહેલાં જે રૂપ બાહ્ય જ્ઞાને જણાયું નહોતું, તે દેખાય છે; અને ક્ષણમાં ઘણાં દીર્ઘ વિસ્તારવાળાં રૂપ લય પામ્યાં જાય છે. મહાત્માના વિદ્યમાને વર્તતું લોકનું સ્વરૂપ અજ્ઞાનીના અનુગ્રહને અર્થે કંઈક રૂપાંતરપૂર્વક કહ્યું જાય છે; પણ સર્વ કાળ જેની એક સ્થિતિ નથી એવું એ રૂપ 'સત્' નહીં હોવાથી ગમે તે રૂપે વર્ણવી તે કાળે ભ્રાંતિ ટાળી છે, અને એને લીધે સર્વત્ર એ સ્વરૂપ હોય જ એમ નથી, એમ સમજાય છે. બાળજીવ તો તે સ્વરૂપને શાશ્વતરૂપ માની લઈ ભ્રાંતિમાં પડે છે, પણ કોઈ જોગજીવ એવી અનેકતાની કહેણીથી મૂંઝાઈ જઈ 'સત્' તરફ વળે છે. ઘણું કરીને સર્વ મુમુક્ષુઓ એમ જ માર્ગ પામ્યા છે. 'ભ્રાંતિ'નું જ રૂપ એવું આ જગત વારંવાર વર્ણવવાનો મોટા પુરુષનો એ જ ઉદ્દેશ છે કે તે સ્વરૂપનો વિચાર કરતાં પ્રાણી ભ્રાંતિ પામે કે ખરું શું ? આમ અનેક પ્રકારે કહ્યું છે, તેમાં શું માનું, અને મને શું કલ્યાણકારક ? એમ વિચારતાં વિચારતાં એને એક ભ્રાંતિનો વિષય જાણી, જ્યાંથી 'સત્'ની પ્રાપ્તિ હોય છે એવા સંતના શરણ વગર છૂટકો નથી, એમ સમજી તે શોધી, શરણાપન્ન થઈ 'સત્' પામી 'સત્'રૂપ હોય છે.

જૈનની બાહ્યશૈલી જોતાં તો અમે તીર્થંકરને સંપૂર્ણજ્ઞાન હોય એમ કહેતાં ભ્રાંતિમાં પડીએ છીએ. આનો અર્થ એવો છે કે જૈનની અંતર્શૈલી બીજી જોઈએ. કારણ કે 'અધિષ્ઠાન' વગર આ જગતને વર્ણવ્યું છે, અને તે વર્ણન અનેક પ્રાણીઓ, વિચક્ષણ આચાર્યોને પણ ભ્રાંતિનું કારણ થયું છે. તથાપિ અમે અમારા અભિપ્રાય પ્રમાણે વિચારીએ છીએ, તો એમ લાગે છે કે તીર્થંકરદેવ તો જ્ઞાની આત્મા હોવા જોઈએ, પણ તે કાળ પરત્વે જગતનું રૂપ વર્ણવ્યું છે, અને લોકો સર્વકાળ એવું માની બેઠા છે, જેથી ભ્રાંતિમાં પડ્યા છે. ગમે તેમ હો, પણ આ કાળમાં જૈનમાં તીર્થંકરના માર્ગને જાણવાની આકાંક્ષાવાળો પ્રાણી થવો દુર્લભ સંભવે છે, કારણ કે ખરાબે ચઢેલું વહાણ, અને તે પણ જૂનું, એ ભયંકર છે. તેમ જ જૈનની કથની ઘસાઈ જઈ, 'અધિષ્ઠાન' વિષયની ભ્રાંતિરૂપ ખરાબે તે વહાણ ચઢ્યું છે, જેથી સુખરૂપ થવું સંભવે નહીં. આ અમારી વાત પ્રત્યક્ષપણે દેખાશે.

તીર્થંકર દેવના સંબંધમાં અમને વારંવાર વિચાર રહ્યા કરે છે કે તેમણે 'અધિષ્ઠાન' વગર આ જગત વર્ણવ્યું છે, તેનું શું કારણ? શું તેને 'અધિષ્ઠાન'નું જ્ઞાન નહીં થયું હોય? અથવા 'અધિષ્ઠાન' નહીં જ હોય? અથવા કોઈ ઉદ્દેશે છુપાવ્યું હશે? અથવા કથન ભેદે પરંપરાએ નહીં સમજાયાથી 'અધિષ્ઠાન' વિષેનું કથન લય પામ્યું હશે? આ વિચાર થયા કરે છે. જો કે તીર્થંકરને અમે મોટા પુરુષ માનીએ છીએ, તેને નમસ્કાર કરીએ છીએ, તેના અપૂર્વ ગુણ ઉપર અમારી પરમ ભક્તિ છે, અને તેથી અમે ધારીએ છીએ કે 'અધિષ્ઠાન' તો તેમણે જાણેલું, પણ લોકોએ પરંપરાએ માર્ગની ભૂલથી લય કરી નાખ્યું.

... ... ... ... ... ... ...

જગતનું કોઈ 'અધિષ્ઠાન' હોવું જોઈએ, એમ ઘણાખરા મહાત્માઓનું કથન છે. અને અમે પણ એમ જ કહીએ છીએ કે 'અધિષ્ઠાન' છે. અને તે 'અધિષ્ઠાન' તે હરિ ભગવાન છે. જેને ફરી ફરી હૃદયદેશમાં જોઈએ છીએ.

'અધિષ્ઠાન' વિષે તેમ જ ઉપલાં કથન વિષે સમાગમે અધિક સત્કથા થશે. લેખમાં તેવી આવી શકશે નહીં. માટે આટલેથી અટકું છું.

... ... ... ... ... ... ...

જીવ એક પણ છે અને અનેક પણ છે. અધિષ્ઠાનથી એક છે. જીવરૂપે અનેક છે. આટલો ખુલાસો લખ્યો છે, તથાપિ તે બહુ અધૂરો રાખ્યો છે. કારણ લખતાં કોઈ તેવા શબ્દો જડ્યા નથી. પણ આપ સમજી શકશો, એમ મને નિઃશંકતા છે.

તીર્થંકરદેવને માટે સખત શબ્દો લખાયા છે માટે તેને નમસ્કાર.

... ... ... ... ... ... ...

**૨૨૦ મુંબઈ, ફાલ્ગુન વદ ૩, શનિ, ૧૯૪૭**

આજે આપનું જન્માક્ષર સહ પત્ર મળ્યું. જન્માક્ષર વિષેનો ઉત્તર હાલ મળી શકે તેમ નથી. ભક્તિ વિષેનાં પ્રશ્નોનો ઉત્તર પ્રસંગે લખીશ. અમે આપને જે વિગતવાળા પત્રમાં 'અધિષ્ઠાન' વિષે લખ્યું હતું તે સમાગમે સમજી શકાય તેવું છે.

'અધિષ્ઠાન' એટલે જેમાંથી વસ્તુ ઉત્પન્ન થઈ, જેમાં તે સ્થિર રહી, અને જેમાં તે લય પામી તે. એ વ્યાખ્યાને અનુસરી "જગતનું અધિષ્ઠાન" સમજશો.

જૈનમાં ચૈતન્ય સર્વ વ્યાપક કહેતા નથી. આપને એ વિષે જે કંઈ લક્ષમાં હોય તે લખશો.

આમ, પ્રશ્નોત્તરી/પ્રશ્ન નં. ૫૧નું 'ઈશ્વર સૃષ્ટિનો કર્તા–હર્તા છે તેવી સમજણ તેમના (શ્રીમદ્જીના) વિધાનોમાંથી વ્યક્ત થતી દેખાય છે, જે જૈનશાસ્ત્રવિરુદ્ધ છે' તેવું મારું વિધાન જરાય ખોટું નથી.

* * *

* પ્રશ્ન : "[૧૭] *આપે માર્ગાનુસારીના ગુણના ... સમજાય એમ છે.'*

**ખુલાસો (૧૦) :**

માર્ગાનુસારી ગુણોના બે વિભાગ અને ટૂંકી વ્યાખ્યા તો **પ્રશ્ન નં. ૫૨**માં જ જણાવી દીધેલ છે. બાકી તે સ્થાને વિષયાંતરરૂપ હોવાથી લાંબો વિસ્તાર કે વિવેચન કરેલ નથી. નિરૂપણમાં ક્યાં કઈ બાબતનો વિસ્તાર કરાય અને શેનો સંક્ષેપ કરાય તે માટે ઉપોદ્ઘાતસંગતિ, પ્રસંગસંગતિ વગેરે ચોક્કસ ધારાધોરણ શાસ્ત્રમાં આપેલ છે. તે વાંચવા તમને ખાસ ભલામણ છે, જેથી આ પ્રશ્ન રહેવા પામશે નહીં.

**ખુલાસો (૧૧) :**

આત્મસિદ્ધિશાસ્ત્રમાં માર્ગાનુસારીથી આગળના ગુણોનું વર્ણન હોવા બાબતે મેં કોઈ જ વાંધો વ્યક્ત કરેલ નથી. તેથી 'તટસ્થપણે મતાગ્રહ વગર વિચારતાં સ્હેજે સમજાશે', તેવું તમારું મહામૂલું સૂચન અમને કોઈ ઇષ્ટપ્રાપ્તિ કરાવતું નથી.

* * *

* પ્રશ્ન : "[૧૮] *એમના વૈરાગ્ય અને કદાગ્રહ ... આપનું ભવિતવ્ય)'*

**ખુલાસો (૧૨) :**

દેશ કે કાળથી દૂર રહેલ વ્યક્તિનો જો સામાન્ય જ્ઞાનીને પરિચય કરવો હોય તો તેના માટે આલંબન મુખ્ય ત્રણ બાબતો બની શકે : (૧) તે વ્યક્તિનું ચિત્ર વગેરે, (૨) તે વ્યક્તિનું પ્રાપ્ત પ્રામાણિક જીવનચરિત્ર, (૩) તે વ્યક્તિનો ઉપદેશ કે લખાણ.

---

૧૭. આપે માર્ગાનુસારીનાં ગુણનાં બે વિભાગ પાડી વિસ્તાર કર્યો નથી, પણ એમની "આત્મસિદ્ધિ" માં એનાથી વધુ ગુણોની વ્યાખ્યા સહેજે થઈ ગઈ છે. જે તટસ્થપણે મતાગ્રહ વગર વિચારતાં સહેજમાં સમજાય એમ છે. ('શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ના પ્રથમ પત્રનો અંશ)

૧૮. એમના વૈરાગ્ય અને કદાગ્રહ બાબત આપે જણાવ્યું કે એ તો પરિચય કરવાથી જ જણાય. આપ એમને મળ્યા નથી માટે આ બાબત ન કહી શકો. અમને પ્રશ્ન થાય છે કે પરિચય કેળવ્યા વગર કોઈ પણ વ્યક્તિ વિશે અભિપ્રાય કેવી રીતે આપી શકાય? એમના પરિચય વગર આપે જે અભિપ્રય વ્યક્ત કર્યો છે એ વિરોધાભાસ નથી? આપે ૧૬ વર્ષની અપરિપક્વ વયે એમનું સાહિત્ય વાંચેલું છે. હવેની પરિપક્વ વયે એમનો પરિચય કેળવવા અને એમના વિશે અભિપ્રાય આપવા એમની કૃતિઓ લખાણોનો અભ્યાસ કરવાની અમારી ભલામણ તથા નમ્ર વિનંતી માન્ય કરશો?(માન્ય કરો ન કરો આપનું ભવિતવ્ય).

('શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ના પ્રથમ પત્રનો અંશ)

તેમાં ત્રીજું આલંબન મહત્ત્વનું અને નિઃસંદેહ નિર્ણાયક તરીકે ગણાય છે. અમને મહાવીર કે ગૌતમબુદ્ધ, હરિભદ્રસૂરિ કે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ વગેરેનો પરિચય તેમના વચનો દ્વારા જ થયેલો છે. કોઈને હું પ્રત્યક્ષ મળવા ગયેલ નથી. તેમ શ્રીમદ્જીનો પણ પરિચય મને તેમના લખાણો દ્વારા જ થયેલ છે. તે પરિચય કરતાં લાગ્યું કે 'આંખ મીંચીને અપનાવી લેવા જેવું શ્રીમદ્જીનું વ્યક્તિત્વ નથી'.

તેઓ જેમ અનેક સ્થાનોમાં એકદમ સ્પષ્ટ અને પ્રશંસાપાત્ર છે તેમ અમુક સ્થાનોમાં તદ્દન દિશાશૂન્ય પણ છે જ. આ અભિપ્રાયથી પૂછાયેલ પ્રશ્નનો જવાબ આપેલ છે, તેથી 'મેં પરિચય વગર અભિપ્રાય આપ્યો છે' તેવું તમારું માનવું ભૂલભરેલ છે.

* * *

શ્રીમદ્જીનો ત્યાગ, વૈરાગ્ય પ્રશંસનીય હતો, સાધક જીવોમાં પણ જવલ્લે જ જોવા મળે તેવી તેમની બાહ્ય કઠોર સાધના હતી. તેમના કેટલાંય વચનો એવી જીવંતતાવાળા છે કે 'જેને વાંચતાં અત્યારે પણ અમારી રોમરાજી વિકસ્વર થઈ જાય છે અને હૃદય સર્વજ્ઞશાસન પ્રત્યેના અહોભાવથી ગદ્ગદ થઈ જાય છે.' તેઓના જ્ઞાનનો પ્રભાવ ગાંધીજી ઉપર પણ પડેલ હતો. તે બધી બાબતો માનવામાં મને કોઈ સંકોચ નથી.

પરંતુ જ્યાં તેમનું વચન પણ જિનવચનથી વિરુદ્ધ હોય ત્યાં ખંડન કરવાનું પણ અમારે આવે.

અમારું માનવું છે કે, જૈનશાસનને પામેલા પ્રત્યેક જૈનનું કર્તવ્ય છે કે 'તેઓએ *જિનવચનને સર્વોત્કૃષ્ટ રીતે શિરોધાર્ય કરવું જોઈએ'. ગમે તેવા જ્ઞાની, પ્રભાવશાળી,* ચમરબંધીનું વચન હોય તોપણ જો જિનવચન સામે આવે તો તેને ફગાવી દેતાં એક પળનોય વિલંબ જૈનને મંજૂર ન હોય. આ વાત આપ પણ અવશ્ય સ્વીકારશો, બાકી તો જો તમને **જિનવચન કરતાં શ્રીમદ્વચન** વધારે શ્રદ્ધેય હોય તો જેવું આપનું ભવિતવ્ય.

* * *

**પ્રશ્ન : *"[૧૯]ભગવાન મહાવીર સંબંધમાં ... ઊંડાણમાં ઊતરવું પડશે'.***

---

૧૯. ભગવાન મહાવીર સબંધમાં આપે જણાવ્યું છે એવી નિમ્ન કક્ષાની ભાષા શ્રીમદ્ રાજચંદ્રના મુખેથી નિકળે, એ વાત, એમની અલ્પ ઓળખાણ હોય એ પણ ન માને. ભગવાન મહાવીર છદ્મસ્થ અવસ્થામાં હતાં ત્યારે પૂર્વભવમાં મુનિપણે એમની સાથે વિચર્યા છે એ વાત આપ માન્ય કરશો? "બહુ છકી જાઓ તો પણ શ્રી મહાવીરની આજ્ઞા તોડશો નહિ. ગમે તેવી શંકા થાય પણ મારી વતી વીરને નિઃશંક ગણશો." આવો સધિયારો કોણ આપી શકે? એમના ઉપાદાનની જાગૃતિમાં મહાવીર સ્વામી ઉત્કૃષ્ટ નિમિત્ત હતા. એવા પરમ ઉપકારી માટે એમના દ્વારા જે કહેવાયું હોય તેની સાપેક્ષતા સમજવા ઊંડાણમાં ઉતરવું પડશે.

('શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ના પ્રથમ પત્રનો અંશ)

**ખુલાસો (૧૩) :**

મારી પ્રશ્નોત્તરી પુસ્તક પ્રશ્ન – ૫૨માં જે પ્રભુવીરના જન્મ-કલ્યાણકના વરઘોડાની વાત રજૂ થઈ છે તે મેં શ્રીમદ્ રાજચંદ્રના જીવન પ્રસંગોનું આલેખન કરનાર કોઈ પુસ્તકમાં જ વાંચી હતી. પરંતુ આ વાતને અનેક વર્ષો વીતી જવાને કારણે મને તે પુસ્તકના નામ વગેરે યાદ નથી. તેથી તેનો સ્થાનનિર્દેશ કરી શકેલ નથી. પરંતુ એટલું ચોક્કસ છે કે, શ્રીમદ્જીના મુખેથી આવા વિધાનો નીકળવા અસંભવિત છે તેવું માનવાને કોઈ કારણ નથી. કારણ કે સત્યમાર્ગના જાણકાર એકમાત્ર પોતે છે અથવા તો વીતરાગી, સર્વજ્ઞ, બીજા મહાવીર અરે ! મહાવીરથી પણ ઉપરરૂપે શ્રીમદ્જીએ પોતાના વ્યક્તિત્વનું ચિત્રણ કરેલ છે. તે જ આ બાબતે બોલતો પુરાવો છે.

(૧) <u>પત્રાંક ૨૭</u>માં શ્રીમદ્જીનો આશય એ છે કે – હું બીજો મહાવીર છું. દશ વિદ્વાનોએ મારા ગ્રહ જોઈને મને પરમેશ્વર ઠરાવ્યો છે. મહાવીરે ભૂતકાળમાં જે ધર્મ સ્થાપ્યો છે તે ધર્મ મારો જ ધર્મ હતો. તે મારો ધર્મ મહાવીરે કેટલાક અંશે ચાલુ કરેલ. હવે તે માર્ગને ગ્રહણ કરીને હું શ્રેષ્ઠ ધર્મ સ્થાપીશ – (અર્થાત્ મહાવીર પણ મારો ધર્મ આંશિક જ સ્થાપી શકેલ છે. અધૂરા સ્થપાયેલા તે ધર્મને હું પૂર્ણરૂપે સ્થાપીશ.)

'અમે આખી સૃષ્ટિને એક નવા જ રૂપમાં ફેરવી દઈશું', આવા તો લાખો વિચારો તેમને આવતાં હતાં.

૨૭ મુંબઈ, સં. ૧૯૪૩

મહાશય,

તમારી પત્રિકા પહોંચી હતી. વિગત વિદિત થઈ. ઉત્તરમાં, મને કોઈ પણ પ્રકારે ખોટું લાગ્યું નથી. વૈરાગ્યને લીધે જોઈતા ખુલાસા લખી શકતો નથી. જોકે અન્ય કોઈને તો પહોંચ પણ લખી શકતો નથી, તોપણ તમે મારા હૃદયરૂપ એટલે પહોંચ ઇ૦ લખી શકું છું. હું કેવળ હૃદયત્યાગી છું. થોડી મુદતમાં કંઈક અદ્ભુત કરવાને તત્પર છું. સંસારથી કંટાળ્યો છું.

<u>હું બીજો મહાવીર છું, એમ મને આત્મિક શક્તિ વડે જણાયું છે. મારા ગ્રહ દશ વિદ્વાનોએ મળી પરમેશ્વરગ્રહ ઠરાવ્યા છે. સત્ય કહું છું કે હું સર્વજ્ઞ સમાન સ્થિતિમાં છું. વૈરાગ્યમાં ઝીલું છું.</u>

આશુપ્રજ્ઞ રાજચંદ્ર

દુનિયા મતભેદના બંધનથી તત્ત્વ પામી શકી નથી. સત્ય સુખ અને સત્ય આનંદ તે આમાં નથી. તે સ્થાપન થવા એક ખરો ધર્મ ચલાવવા માટે આત્માએ ઝંપલાવ્યું છે. <u>જે ધર્મ પ્રવર્તાવીશ જ.</u>

<u>મહાવીરે તેના સમયમાં મારો ધર્મ કેટલાક અંશે ચાલતો કર્યો હતો. હવે તેવા પુરુષોના માર્ગને ગ્રહણ કરી શ્રેષ્ઠ ધર્મ સ્થાપન કરીશ.</u>

અત્રે એ ધર્મના શિષ્યો કર્યા છે. અત્રે એ ધર્મની સભા સ્થાપન કરી લીધી છે.

સાતસેં મહાનીતિ હમણાં એ ધર્મના શિષ્યોને માટે એક દિવસે તૈયાર કરી છે.

આખી સૃષ્ટિમાં પર્યટન કરીને પણ એ ધર્મ પ્રવર્તાવીશું. તમે મારા હૃદયરૂપ અને ઉત્કંઠિત છો એટલે આ અદ્ભુત વાત દર્શાવી છે. અન્યને નહીં દર્શાવશો.

તમારા ગ્રહ મને અહીં વળતીએ બીડી દેશો. મને આશા છે કે તે ધર્મ પ્રવર્તાવવામાં તમે મને ઘણા સહાયક થઈ પડશો; અને મારા મહાન શિષ્યોમાં તમે અગ્રેસરતા ભોગવશો. તમારી શક્તિ અદ્ભુત હોવાથી આવા વિચાર લખતાં હું અટક્યો નથી.

હમણાં જે શિષ્યો કર્યા છે તેને સંસાર ત્યાગવાનું કહીએ ત્યારે ખુશીથી ત્યાગે એમ છે. હમણાં પણ તેઓની ના નથી; ના આપણી છે. હમણાં તો સો બસો ચોતરફથી તૈયાર રાખવા કે જેની શક્તિ અદ્ભુત હોય.

ધર્મના સિદ્ધાંતો દૃઢ કરી, હું સંસાર ત્યાગી, તેઓને ત્યગાવીશ. કદાપિ હું પરાક્રમ ખાતર થોડો સમય નહીં ત્યાગું તોપણ તેઓને ત્યાગ આપીશ.

સર્વ પ્રકારથી હું સર્વજ્ઞ સમાન અત્યારે થઈ ચૂક્યો છું, એમ કહું તો ચાલે.

જુઓ તો ખરા! સૃષ્ટિને કેવા રૂપમાં મૂકીએ છીએ!

પત્રમાં વધારે શું જણાવું? રૂબરૂમાં લાખો વિચાર દર્શાવવાના છે. સઘળું સારું જ થશે. મારા પ્રિય મહાશય, એમ જ માનો.

હર્ષિત થઈ વળતીએ ઉત્તર લખો. વાતને સાગરરૂપ થઈ રક્ષા આપશો.

ત્યાગીના ય૦

---

(૨) પત્રાંક ૨૮માં – પોતાનું નવું દર્શન પ્રવર્તાવવાની ભાવના વ્યક્ત કરેલ છે.

૨૮ મુંબઇ બંદર, સોમવાર, ૧૯૪૩

પ્રિય મહાશય,

રજિસ્ટર પત્ર સહ જન્મગ્રહ પહોંચ્યા છે.

હજી મારા દર્શનને જગતમાં પ્રવર્તન કરવાને કેટલોક વખત છે. હજી હું સંસારમાં તમારી ધારેલી કરતાં વધારે મુદત રહેવાનો છું. જિંદગી સંસારમાં કાઢવી અવશ્ય પડશે તો તેમ કરીશું. હાલ તો એથી વિશેષ મુદત રહેવાનું બની શકશે. સ્મૃતિમાં રાખજો કે કોઈને નિરાશ નહીં કરું. ધર્મ સંબંધી તમારા વિચાર દર્શાવવા પરિશ્રમ લીધો તે ઉત્તમ કર્યું છે. કોઈ પ્રકારથી અડચણ નહીં આવે. પંચમકાળમાં પ્રવર્તન કરવામાં જે જે ચમત્કારો જોઈએ તે એકત્ર છે અને થતા જાય છે. હમણાં એ સઘળા વિચારો કેવળ પવનથી પણ ગુપ્ત રાખજો. એ કૃત્ય સૃષ્ટિ પર વિજય પામવાનું જ છે.

તમારા ગ્રહને માટે તેમજ દર્શનસાધના, ધર્મ ઇત્યાદિ સંબંધી વિચારો સમાગમે દર્શાવીશ. હું થોડા વખતમાં સંસારી થવા ત્યાં આવવાનો છું. તમને આગળથી મારા ભણીનું આમંત્રણ છે.

વધારે લખવાની રૂડી આદત નહીં હોવાથી પત્રિકા, ક્ષેમકુશલ અને શુક્લપ્રેમ ચાહી, પૂર્ણ કરું છું.

લિ૦ રાયચંદ્ર

(૩) પત્રાંક ૧૬૭માં – પોતાની આત્મિક દશા નિઃસંદેહ જ્ઞાનાવતાર પુરુષો અને વ્યવહારમાં બેઠેલા વીતરાગીરૂપે વર્ણવેલ છે. સાથે કબીરપંથીઓ પર પોતાની જ્ઞાનાવતાર પુરુષરૂપે પ્રભાવ, ભક્તિ કે છાપ ઊભી કરવાનું પોતાના અનુયાયીને સિફતપૂર્વક મોઘમ સૂચન કરેલ છે.

૧૬૭ મુંબઈ, કારતક સુદ ૧૨, રવિ, ૧૯૪૭

ૐ

સત્

**હરિ ઇચ્છા સુખદાયક જ છે.**
**નિર્વિકલ્પ જ્ઞાન થયા પછી જે પરમ તત્ત્વનું દર્શન થાય છે,**
**તે પરમતત્ત્વરૂપ સત્યનું ધ્યાન કરું છું.**

ત્રિભોવનનું પત્તું અને અંબાલાલનું પત્ર પહોંચેલ છે.

ધર્મજ જઈ સત્સમાગમ કરવામાં અનુમતિ છે, પણ તે સમાગમ માટે તમારા ત્રણ સિવાય કોઈ ન જાણે એમ જો થઈ શકે તેમ હોય તો પ્રવૃત્તિ કરશો, નહીં તો નહીં. એ સમાગમ માટે જો પ્રગટતામાં આવે તેમ કરશો તો અમારી ઇચ્છાનુસાર થયું નથી એમ ગણજો.

ધર્મજ જવાનો પ્રસંગ લઈને જો ખંભાતથી નીકળશો તો સંભવ રહે છે કે તે વાત પ્રગટમાં આવશે. અને તમે કબીરાદિ સંપ્રદાયમાં વર્તો છો એમ લોકચર્ચા થશે, અર્થાત્ તે કબીર સંપ્રદાયી તમે નથી, છતાં ઠરશો. માટે કોઈ બીજો પ્રસંગ લઈ નીકળવું અને વચ્ચે ધર્મજ મેળાપ કરતા આવવું. ત્યાં પણ તમારા વિષે ધર્મ, કુળ એ વગેરે સંબંધી વધારે ઓળખાણ પાડવું નહીં. તેમ તેમનાથી પૂર્ણ પ્રેમે સમાગમ કરવો; ભિન્નભાવથી નહીં, માયા ભાવથી નહીં, પણ સત્સ્નેહભાવથી કરવો. મલાતજ સંબંધી હાલ સમાગમ કરવાનું પ્રયોજન નથી. ખંભાતથી ધર્મજ ભણી વિદાય થવા પહેલાં ધર્મજ એક પત્ર લખવો; જેમાં વિનય સમેત જણાવવું કે કોઈ જ્ઞાનાવતાર પુરુષની ઇચ્છા આપનો સત્સંગ કરવા માટે અમને મળી છે જેથી આપના દર્શન માટે........તિથિએ આવશું. અમે આપનો સમાગમ કરીએ તે સંબંધી વાત હાલ કોઈ રીતે પણ અપ્રગટ રાખવી એવી તે જ્ઞાનાવતાર પુરુષે આપને, અને અમને ભલામણ આપી છે. તો આપ તે વાતને કૃપા કરી અનુસરશો જ.

તેમનો સમાગમ થતાં એક વાર નમન કરી વિનયથી બેસવું. થોડો વખત વીત્યા પછી તેમની પ્રવૃત્તિ—પ્રેમભાવને અનુસરી વાતચીત કરવી. (એક વખતે ત્રણ જણે, અથવા એકથી વધારે જણે ન બોલવું.) પ્રથમ એમ કહેવું કે આપે અમારા સંબંધમાં નિઃસંદેહ દૃષ્ટિ રાખવી. આપને દર્શને અમે આવ્યા છીએ તે કોઈ પણ જાતનાં બીજાં કારણથી નહીં, પણ માત્ર સત્સંગની ઇચ્છાથી. આટલું કહ્યા પછી તેમને બોલવા દેવા. તે પછી થોડે વખતે બોલવું. અમને કોઈ જ્ઞાનાવતાર પુરુષનો સમાગમ થયો હતો. તેમની દશા અલૌકિક જોઈ અમને આશ્ચર્ય ઊપજ્યું હતું. અમે જૈન છતાં તેમણે નિર્વિસંવાદપણે વર્તવાનો ઉપદેશ કહ્યો હતો. સત્ય એક છે, બે પ્રકારનું નથી. અને તે

જ્ઞાનીના અનુગ્રહ વિના પ્રાપ્ત થતું નથી. માટે મતમતાંતરનો ત્યાગ કરી જ્ઞાનીની આજ્ઞામાં અથવા સત્સંગમાં પ્રવર્તવું. જેમ જીવનું બંધન નિવૃત્ત થાય તેમ કરવું યોગ્ય છે અને તે માટે અમે ઉપર કહ્યાં તે સાધન છે. આ વગેરે પ્રકારે તેમણે અમને ઉપદેશ કર્યો હતો. અને જૈનાદિક મતોનો આગ્રહ મટાડી તે જેમ પ્રવર્તાવે તેમ પ્રવર્તવાની અમારી જિજ્ઞાસા ઉત્પન્ન થઈ હતી, અને હજુ પણ એમ જ વર્તે છે કે સત્યનો જ માત્ર આગ્રહ રાખવો. મતને વિષે મધ્યસ્થ રહેવું. તેઓ હાલ વિદ્યમાન છે. યુવાવસ્થાના પહેલા ભાગમાં છે. અપ્રગટપણે પ્રવર્તવાની હાલ તેમની ઇચ્છા છે. નિઃસંદેહસ્વરૂપ જ્ઞાનાવતાર છે અને વ્યવહારમાં બેઠા છતાં વીતરાગ છે. એ કૃપાળુનો સમાગમ થયા પછી અમને નિરાગ્રહપણું વિશેષે કરીને રહે છે. મતમતાંતર સંબંધી વિવાદ ઊગતો નથી. નિષ્કપટભાવે સત્ય આરાધવું એ જ દૃઢ જિજ્ઞાસા છે. તે જ્ઞાનાવતાર પુરુષે અમને જણાવ્યું હતું કે :—"ઈશ્વરેચ્છા હાલ અમને પ્રગટપણે માર્ગ કહેવા દેવાની નથી. તેથી અમે તમને હાલ કંઈ કહેવા માગતા નથી. પણ જોગ્યતા આવે અને જીવ યથાયોગ્ય મુમુક્ષુતા પામે તે માટે પ્રયત્ન કરજો." અને તે માટે ઘણા પ્રકારે અપૂર્વ ઉપાય ટૂંકામાં તેમણે બોધ્યા હતા. પોતાની ઇચ્છા હાલ અપ્રગટ જ રહેવાની હોવાથી પરમાર્થ સંબંધમાં ઘણું કરીને તેઓ મૌન જ રહે છે. અમારા ઉપર એટલી અનુકંપા થઈ કે તેમણે એ મૌન વિસ્મૃત કર્યું હતું અને તે જ સત્પુરુષે આપનો સમાગમ કરવા અમારી ઇચ્છાને જન્મ આપ્યો હતો. નહીં તો અમે આપના સમાગમનો લાભ ક્યાંથી પામી શકીએ? આપના ગુણની પરીક્ષા ક્યાંથી પડે? એવી તમારી જિજ્ઞાસા બતાવજો કે અમને કોઈ પ્રકારે આપનાથી બોધ પ્રાપ્ત થાય અને અમને માર્ગની પ્રાપ્તિ થાય તો તેમાં તે જ્ઞાનાવતાર રાજી જ છે. અમે તેમના શિષ્ય થવાની ઇચ્છા રાખી હતી. તથાપિ તેમણે જણાવ્યું હતું કે પ્રગટ માર્ગ કહેવાની હાલ અમને ઈશ્વરાજ્ઞા નથી તો પછી તમે ગમે તે સત્સંગમાં જોગ્યતા કે અનુભવ પામો તેમાં અમને સંતોષ જ છે. આપના સંબંધમાં પણ તેમનો એવો જ અભિપ્રાય સમજશો કે અમે આપના શિષ્ય તરીકે પ્રવર્તીએ તોપણ તેમણે કહ્યું છે કે તમે મારા જ શિષ્ય છો. આપના પ્રત્યે તેમણે પરમાર્થયુક્ત પ્રેમભાવ અમને બતાવ્યો હતો. જો કે તેમને કોઈથી ભિન્નભાવ નથી. તથાપિ આપ પ્રત્યે સ્નેહભાવ કોઈ પૂર્વના કારણથી બતાવ્યો જણાય છે. મુક્તાત્મા હોવાથી વાસ્તવિક રીતે તેમને નામ, ઠામ, ગામ કાંઈ જ નથી; તથાપિ વ્યવહારે તેમ છે. છતાં તે અમને અપ્રગટ રાખવા આજ્ઞા કરી છે. આપનાથી તેઓ અપ્રગટપણે વર્તે છે. તથાપિ આપ તેમની પાસે પ્રગટ છો. અર્થાત્ આપને પણ હાલ સુધી પ્રગટ સમાગમ, નામ, ઠામ કંઈ તેમણે પ્રેર્યું નથી. ઈશ્વરેચ્છા હશે તો આપને થોડા વખતમાં તેમનો સમાગમ થશે એમ અમે ધારીએ છીએ.

એ પ્રમાણે પ્રસંગાનુસાર વાતચીત કરવી. કોઈ પણ પ્રકારે નામ, ઠામ, ગામ પ્રગટ ન જ કરવાં. અને ઉપર જણાવી છે તે વાત તમારે હૃદયને વિષે સમજવાની છે. તે પરથી તે પ્રસંગે જે યોગ્ય લાગે તે વાત કરવી. તેનો ભાવાર્થ ન જવો જોઈએ.

'જ્ઞાનાવતાર' સંબંધી તેમને જેમ જેમ ઇચ્છા જાગે તેમ વાતચીત કરવી. તેઓ 'જ્ઞાનાવતાર'-નો સમાગમ ઇચ્છે તેવા પ્રકારથી વાતચીત કરવી. જ્ઞાનાવતારની પ્રશંસા કરતાં તેમનો અવિનય ન થઈ જાય તે ધ્યાન રાખજો. તેમ 'જ્ઞાનાવતાર'ની અનન્ય ભક્તિ પણ લક્ષમાં રાખજો.

મન મળ્યાનો જોગ લાગે ત્યારે જણાવજો કે તેમના શિષ્ય એવા જે અમે આપના શિષ્ય જ છીએ. અમને કોઈ રીતે માર્ગપ્રાપ્તિ થાય તેમ કહો. એ વગેરે વાતચીત કરજો. તેમ અમે કયાં શાસ્ત્રો વાંચીએ? શું શ્રદ્ધા રાખીએ? કેમ પ્રવર્તીએ? તે યોગ્ય લાગે તો જણાવો. ભિન્નભાવ કૃપા કરીને અમારા પ્રત્યે આપનો ન હો.

તેમનો સિદ્ધાંત ભાગ પૂછજો. એ વગેરે જાણી લેવાનો પ્રસંગ બને તોપણ તેમને જણાવજો કે અમે જે જ્ઞાનાવતાર પુરુષ જણાવ્યા છે તેઓ અને આપ અમારે મન એક જ છો. કારણ કે એવી બુદ્ધિ કરવા તે જ્ઞાનાવતારની અમને આજ્ઞા છે. માત્ર હાલ તેમને અપ્રગટ રહેવાની ઇચ્છા હોવાથી તેમની ઇચ્છાને અનુસર્યા છીએ.

વિશેષ શું લખીએ? હરીચ્છા જે હશે તે સુખદાયક જ હશે.

એકાદ દિવસ રોકાજો. વધારે નહીં. ફરીથી મળજો.

મળવાની હા જણાવજો. હરીચ્છા સુખદાયક છે.

જ્ઞાનાવતાર સંબંધી પ્રથમ તેઓ વાત ઉચ્ચારે તો આ પત્રમાં જણાવેલી વાત વિશેષે કરી દૃઢ કરજો.

ભાવાર્થ ધ્યાનમાં રાખજો. એને અનુસરી ગમે તે પ્રસંગે આમાંની તેમની પાસે વાત કરવા તમને છૂટ છે.

જેમ જ્ઞાનાવતારમાં અધિક પ્રેમ તેમને આવે તેમ કરજો. હરીચ્છા સુખદાયક છે.

**(૪) પત્રાંક ૧૭૦માં – તીર્થંકરો જે સમજ્યા કે પામ્યા તે આ કલિકાલમાં ન સમજાય કે ન પમાય એવું કાંઈ જ નથી. આ મારો ઘણા વખતનો નિર્ણય છે – એવા ભાવનું કથન છે.**

વર્ષ ૨૪ મું ૨૪૯

૧૭૦ મુંબઈ, કારતક સુદ ૧૪, ૧૯૪૭

પરમ પૂજ્ય શ્રી,

આજે આપનું પત્ર ૧ ભૂધર આપી ગયા. એ પત્રનો ઉત્તર લખતાં પહેલાં કંઈક પ્રેમભક્તિ સમેત લખવા ઇચ્છું છું.

આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે. અને તે પામવાનો હેતુ પણ એ જ છે કે કોઈ પણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં; અવલોકનસુખનું અલ્પ પણ વિસ્મરણ થાય નહીં; 'તુંહિ તુંહિ' વિના બીજી રટણા રહે નહીં; માયિક એક પણ ભયનો, મોહનો, સંકલ્પનો કે વિકલ્પનો અંશ રહે નહીં. એ એકવાર જો યથાયોગ્ય આવી જાય તો પછી ગમે તેમ પ્રવર્તાય, ગમે તેમ બોલાય,

ગમે તેમ આહાર-વિહાર કરાય, તથાપિ તેને કોઈ પણ જાતની બાધા નથી. પરમાત્મા પણ તેને પૂછી શકનાર નથી. તેનું કરેલું સર્વ સવળું છે. આવી દશા પામવાથી પરમાર્થ માટે કરેલો પ્રયત્ન સફળ થાય છે. અને એવી દશા થયા વિના પ્રગટ માર્ગ પ્રકાશવાની પરમાત્માની આજ્ઞા નથી એમ મને લાગે છે. માટે દૃઢ નિશ્ચય કર્યો છે કે એ દશાને પામી પછી પ્રગટ માર્ગ કહેવો—પરમાર્થ પ્રકાશવો—ત્યાં સુધી નહીં. અને એ દશાને હવે કંઈ ઝાઝો વખત પણ નથી. પંદર અંશે તો પહોંચી જવાયું છે. નિર્વિકલ્પતા તો છે જ; પરંતુ નિવૃત્તિ નથી, નિવૃત્તિ હોય તો બીજાના પરમાર્થ માટે શું કરવું તે વિચારી શકાય. ત્યાર પછી ત્યાગ જોઈએ, અને ત્યાર પછી ત્યાગ કરાવવો જોઈએ.

મહાન પુરુષોએ કેવી દશા પામી માર્ગ પ્રકાશ્યો છે, શું શું કરીને માર્ગ પ્રકાશ્યો છે, એ વાતનું આત્માને સારી રીતે સ્મરણ રહે છે; અને એ જ પ્રગટ માર્ગ કહેવા દેવાની ઈશ્વરી ઇચ્છાનું લક્ષણ જણાય છે.

આટલા માટે હમણાં તો કેવળ ગુપ્ત થઈ જવું જ યોગ્ય છે. એક અક્ષરે એ વિષયે વાત કરવા ઇચ્છા થતી નથી. આપની ઇચ્છા જાળવવા ક્યારેક ક્યારેક પ્રવર્તન છે; અથવા ઘણા પરિચયમાં આવેલા યોગપુરુષની ઇચ્છા માટે કંઈક અક્ષર ઉચ્ચાર અથવા લેખ કરાય છે. બાકી સર્વ પ્રકારે ગુપ્તતા કરી છે. અજ્ઞાની થઈને વાસ કરવાની ઇચ્છા બાંધી રાખી છે. તે એવી કે અપૂર્વ કાળે જ્ઞાન પ્રકાશતાં બાધ ન આવે.

આટલાં કારણથી દીપચંદજી મહારાજ કે બીજા માટે કંઈ લખતો નથી. ગુણઠાણાં ઇત્યાદિકનો ઉત્તર લખતો નથી. સૂત્રને અડતોય નથી. વ્યવહાર સાચવવા થોડાંએક પુસ્તકોનાં પાનાં ફેરવું છું. બાકી બધુંય પથ્થર પર પાણીના ચિત્ર જેવું કરી મૂક્યું છે. તન્મય આત્મયોગમાં પ્રવેશ છે. ત્યાં જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે, અને યોગ ( મન, વચન અને કાયા ) બહાર પૂર્વકર્મ ભોગવે છે. વેદોદયનો નાશ થતાં સુધી ગૃહવાસમાં રહેવું યોગ્ય લાગે છે. પરમેશ્વર ચાહીને વેદોદય રાખે છે. કારણ, પંચમ કાળમાં પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની તેની થોડી જ ઇચ્છા લાગે છે.

તીર્થંકર જે સમજ્યા અને પામ્યા તે....આ કાળમાં ન સમજી શકે અથવા ન પામી શકે તેવું કંઈ જ નથી. આ નિર્ણય ઘણાય વખત થયાં કરી રાખ્યો છે. જોકે તીર્થંકર થવા ઇચ્છા નથી; પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઇચ્છા છે, એટલી બધી ઉન્મત્તતા આવી ગઈ છે. તેને શમાવવાની શક્તિ પણ આવી ગઈ છે, પણ ચાહીને શમાવવાની ઇચ્છા રાખી નથી.

આપને વિજ્ઞાપન છે કે વૃદ્ધમાંથી યુવાન થવું. અને આ અલખ વાર્ત્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવું. થોડું લખ્યું ઘણું કરી જાણશો.

ગુણઠાણાં એ સમજવા માટે કહેલાં છે. ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણી છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી; ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે અગિયારમેથી જીવ પાછો વળે છે. ઉપશમશ્રેણી બે પ્રકારે છે. એક આજ્ઞારૂપ; એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવારૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે. કોઈ શાસ્ત્રમાંથી નીકળી આવશે. ન નીકળે તો કંઈ બાધ નથી. તીર્થંકરના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યું છે.

દશપૂર્વધારી ઇત્યાદિકની આજ્ઞાનું આરાધન કરવાની મહાવીરદેવની શિક્ષા વિષે આપે જણાવ્યું તે ખરું છે. એણે તો ઘણુંય કહ્યું હતું; પણ રહ્યું છે થોડું અને પ્રકાશક પુરુષ ગૃહસ્થાવાસમાં છે. બાકીના ગુફામાં છે. કોઈ કોઈ જાણે છે પણ તેટલું યોગબળ નથી.

કહેવાતા આધુનિક મુનિઓનો સૂત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી. સૂત્ર લઈ ઉપદેશ કરવાની આગળ જરૂર પડશે નહીં. સૂત્ર અને તેનાં પડખાં બધાંય જણાયાં છે.

એ જ વિનંતિ.

વિ૦ આ૦ રાયચંદ

(૫) પત્રાંક ૬૮૦માં – પોતાના પર ખુદ પરમેશ્વરની પ્રસન્નતાની પણ નિષ્ફળતા પ્રદર્શિત કરેલ છે. સાથે શ્રીમદ્જીનો દાવો છે કે, અમે આ કાળના વિદ્યમાન મહાવીર છીએ, દુઃખ સંતાપને શમાવનારા અમૃત–સાગરરૂપ છીએ. કલ્યાણદાયક સાક્ષાત્ કલ્પવૃક્ષ તુલ્ય છીએ. ભૂતકાળના મહાવીરને ભૂલી તમે બધા મારા શરણે આવો તેવું પરમકારુણ્યવૃત્તિપૂર્વક તેમનું મુમુક્ષુ જીવોને આમંત્રણ છે. સાથે 'પોતાને ભૂલીને જો ભૂતકાળના મહાવીરને શોધવા મથશો તો તમને માત્ર નિષ્ફળ શ્રમ પ્રાપ્ત થશે' તેવી ચેતવણી પણ આપેલ છે.

૬૮૦ મુંબઈ, ચૈત્ર સુદ ૧૩, ૧૯૫૨

ૐ

જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?

હે કૃપાળુ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે ત્યાં હવે તો લેવા દેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે.

કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.

વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ, ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય?

ઓ દુષમકાળના દુર્ભાગી જીવો! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.

સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.

મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ.

વધારે શું કહેવું ? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.

આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્ભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.

ૐ શ્રી મહાવીર [ અંગત ]

---

ઉપરોક્ત વિધાનોની સાપેક્ષતા જણાવનારું કોઈ નવું ઊંડાણ તમને પ્રાપ્ત હોય તો અવશ્ય જણાવશો.

* * *

**ખુલાસો (૧૪) :**

'પરમાત્મતુલ્ય દશા પ્રાપ્ત કરવી એ જ જૈનદર્શનનું લક્ષ્ય છે'[૨૦] એ તમારી વાત અમારે મન અધૂરી છે, અમે તો એમ કહીએ છીએ કે, 'જિનશાસનની[૨૧] આરાધના-સાધનાનું લક્ષ્ય માત્ર પરમાત્માતુલ્ય બનવું તે નથી, પરંતુ પરમાત્મારૂપે જ બની જવું - ખુદ પરમાત્મા જ બની જવું તે છે'.

વળી, પરમાત્માતુલ્ય બનવાની ભાવના ભાવવી તે ભયંકર નથી, પરંતુ તે ભાવનાના મિથ્યા આવેગમાં ઘસડાઈ જઈ, રાગ-દ્વેષ અને અજ્ઞાન-ગ્રસ્ત પોતાના વાસ્તવિક વ્યક્તિત્વને ભૂલી જઈ, પોતાને સર્વજ્ઞ તીર્થંકર, સિદ્ધરૂપ કહેવું તે અતિભયંકર જ છે.

ફરી એકવાર શરૂઆતની વાત દોહરાવું છું કે **'અમને શ્રીમદ્જી પર અંગત દ્વેષ કે નિંદા કરવાનો લેશમાત્ર ભાવ નથી. એમની જિનવચન અનુસારી વાતો અમે અંતરના બહુમાનપૂર્વક સ્વીકારીએ છીએ. છતાંય વાસ્તવિકતા હોવાથી શ્રીમદ્જીના સાહિત્યમાં સૌ કોઈ મુમુક્ષુઓ ક્ષીર-નીરનો વિવેક કરી સાચું સત્ય ગ્રહણ કરે અને જિનવચનવિરુદ્ધ ગણીને ખોટી વાતોનો ત્યાગ કરે'** એ જ પ્રવચન કે પત્ર લખવા પાછળનો મૂળભૂત ઉદ્દેશ છે.

---

૨૦. જૈન દર્શન નો લક્ષ શું છે? અમે તો એમ સમજ્યા છીએ કે પરમાત્મા તૂલ્ય દશા પ્રાપ્ત કરવી એજ એનો લક્ષ છે. એ દશા પ્રાપ્ત કરવી કે એની ભાવના ભાવવી એ જો ભયંકર વાત હોય તો પછી સારી વાત કઈ સમજવી? ('શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર'ના પ્રથમ પત્રનો અંશ)

૨૧. वीतरागं यतो ध्यायन् वीतरागो भवेद् भवी। इलिका भ्रमरी भीता ध्यायन्ती भ्रमरीं यथा ।।४२।।
योगसार यथावस्थितदेवस्वरूपोपदेशनामा प्रथम प्रस्तावः

પ્રાંતે તમે સામે ચાલીને પ્રશ્નાવલીની શરૂઆત કરી, તેથી અતિવ્યસ્તતા વચ્ચે પણ સમય ફાળવીને તમારા પ્રશ્નોનો વિસ્તારપૂર્વક સંતોષજનક સમાધાન આપવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. હવે તમારી ફરજ છે કે, આની સામેના કોઈ વજૂદવાળા યોગ્ય પ્રત્યુત્તરો તમારી પાસે હોય તો તે અવશ્ય મોકલશો અને ન હોય તો સત્યના સ્વીકારનો પ્રતિપત્ર અવશ્ય પાઠવશો. અન્યથા અમે સમજીશું કે, તમને જેટલી બીજાને સત્ય સમજાવવાની મહેચ્છા છે તેટલી પોતાને સત્ય સમજવાની આતુરતા નથી.

જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈપણ નિરૂપણ થયું હોય તો હાર્દિક મિચ્છામિ દુક્કડં.

દ. આચાર્ય પુણ્યપાલ
સૂરિ.

## અસત્યમાં સત્યની ભ્રાંતિ

હિટલરે એલાન કર્યું કે યહૂદીઓને માર્યા વિના જર્મનીનો ઉદ્ધાર શક્ય નથી. બિચારા યહૂદીઓના વધ સાથે જર્મનીના ઉદ્ધાર ને કોઈ સંબંધ ન હતો અને છતાં હિટલરે તેની પ્રભાવક શૈલીમાં આ ઘોષણા કરી. શરૂઆતમાં તો લોકો આ સાંભળી હસવા લાગતા, તેની વાતને બહુ ગંભીરતાથી ન લેતા. પણ હિટલર આ વાત ફરી ફરી કહેતો રહ્યો. રેડિયો પર, છાપાઓમાં આ જ વાતની તેણે પુનરુક્તિ કરી અને યહૂદીઓને મારવાનું પણ શરૂ કર્યું. માત્ર એક વ્યક્તિએ એક કરોડ યહૂદીઓની હત્યા કરી ! અને આશ્ચર્યની વાત તો એ છે કે જર્મની જેવો વિચારશીલ દેશ પણ વિચાર કર્યા વિના હિટલરની વાતનો સ્વીકાર કરવા લાગ્યો તો કેવા પરિણામ આવ્યા...

હિટલર એમ માનતો કે અસત્ય પણ જો વારંવાર repeat (પુનરુક્ત) કરવામાં આવે તો તે સત્યનો ભ્રમ ઊભો કરી શકે છે. તે સત્ય તો નથી બની જતું પણ પુનરાવર્તન કર્યા કરવાથી તે સત્યનો ભ્રમ ઊભો કરે છે. ખૂબ propaganda (પ્રચાર) કરવાથી અસત્ય પણ સત્યરૂપ ભાસવા લાગે છે – સત્ય થઈ જતું નથી પણ સત્યરૂપ ભાસવા લાગે છે અને આ અસત્યથી પણ વધારે ખતરનાક છે.

## ઉધાર મગજ

એ જ રીતે, અસદ્‌ગુરુઓ પોતાની પ્રભાવક શૈલીથી અસત્યને એવી રીતે રજૂ કરે છે અને તેનું એટલી વખત પુનરાવર્તન કરાવે છે કે તેમની વાતમાં જીવને સત્યતાનો, ધાર્મિકતાનો ભ્રમ ઊભો થાય છે. પણ આવું થવામાં માત્ર અસદ્‌ગુરુઓ જ કારણભૂત નથી. જીવનો પોતાનો દોષ પણ છે અને તે છે વિચાર વિનાનો સ્વીકાર. આ છે borrowing mind policy - ભેજું ઉધાર લેવાની નીતિ, અન્યના વિચાર અનુસરવાની આંધળી પ્રણાલી ! જેમ આપણને બીજાનો કાંસકો કે સાબુ કે અન્ય કોઈ વસ્તુ borrow કરવાની - ઉધાર લેવાની ટેવ હોય છે તેમ આપણને બીજાના mind (મન) ઉધાર લેવાની પણ ટેવ પડી ગઈ છે ! અને એને કારણે આપણી ખોજ બંધ થઈ ગઈ છે... જ્ઞાનીપુરુષો તો ત્યાં સુધી કહે છે કે વિચાર કર્યા વિના અસદ્‌ગુરુનાં વચનોનો સ્વીકાર કરવાથી તો નુકસાન છે જ, પણ વિચાર કર્યા વિના સદ્‌ગુરુનાં વચનોનો સ્વીકાર કરવામાં પણ લાભ નથી.

## આંખ ખોલવાનો આગ્રહ

ધાર્મિકતા તો તે છે કે જ્યાં વિચાર-વેદનપૂર્વક તથ્યનો સ્વીકાર થાય. ધાર્મિક વ્યક્તિ તે

જ છે કે જે બીજાનું ભેજું ઉધાર ન લે પણ સ્વયં આંખ ખોલવાનો આગ્રહ રાખે. આંખ ખોલે તો દર્શન થાય. આંખ બંધ રાખીને માની લેવાથી દર્શન નહીં થાય. બંધ આંખે માનવું તે વિશ્વાસ અને આંખ ખોલીને માનવું તે દર્શન.

## પ્રયોગ વિના માનવું

જ્યાં વિચાર વિના વિશ્વાસ કરવાની પદ્ધતિ અપનાવવામાં આવે છે ત્યાં જિજ્ઞાસાનું ખૂન થઈ જાય છે. એક વ્યક્તિને મારી નાંખવા કરતાં પણ આ મોટો અપરાધ છે કારણ કે ત્યાં તો માત્ર શરીરની હત્યા થાય છે, જ્યારે અહીંયા તો આત્માની હત્યા થાય છે. જેમ કોઈ શરીર paralysed (લકવાગ્રસ્ત) થઈ જાય છે તેમ વિચાર કર્યા વિના વિશ્વાસ કરવાથી આત્મા પણ paralysed થઈ જાય છે. વર્ષોથી લકવો થયેલ વ્યક્તિ જેમ સારા થવાની ક્ષમતા પણ ગુમાવી બેસે છે; તેમ વિચાર વિના વિશ્વાસ કરવાની પદ્ધતિથી જીવ એવો મતાર્થી બની જાય છે કે તેને આત્માનું જ પ્રયોજન રહેતું નથી. આત્મા કરતાં મત તેને વધારે મહત્ત્વનો લાગે છે. જેમ કોઈ કેદી તેના હાથમાં પહેરાવેલી બેડીઓને આભૂષણ માને અને જેલને ઘર માને તો એનાથી છૂટી શકે નહીં; તેમ અજ્ઞાની જીવ તેના મતને જ સત્ માને અને મતાર્થીપણાને જ ધાર્મિકતા માને તો તે સાચો ધાર્મિક બની શકતો નથી.

જ્યાં વિચાર નથી, ચિંતન નથી, મનન નથી, પ્રશ્ન નથી, સવાલ નથી, સંદેહ નથી અને વિશ્વાસ કરી લેવામાં આવે છે ત્યાં સાચી ધાર્મિકતા નથી. આવી પદ્ધતિવાળો જીવ સદ્‌ગુરુ પાસે પહોંચે છે તોપણ વાસ્તવિક લાભ પામી શકતો નથી. તે મુક્તિના માર્ગમાં આગળ વધતો નથી, માત્ર પકડ બદલે છે.

**શ્રી રાકેશભાઈ ઝવેરી**

(**'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક-૨૭૦ વિવેચન'**માંથી સાભાર)

## ❖ આર્થિક સહયોગ ❖

# માતુશ્રી ચંદનબેન ચુનીલાલ પારેખ

### હ. ઉષાબેન હેમેન્દ્રભાઈ પારેખ

(હેમેન્દ્રભાઈની સિદ્ધક્ષેત્રમાં ઉપધાન તપના
દ્વિતીય અઢારીયા
તથા
ઉષાબેનના વિશસ્થાનક તપની
અનુમોદનાર્થે)

નોંધ

# પ્રાપ્તિસ્થાન

**❖ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**❖ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**❖ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**❖ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**❖ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**❖ BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

**❖ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા



'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦

E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

Visit us online : gitarthganga.wordpress.com